20-399

શ્રી વિશ્વકર્મા-પદમાળા

અને

નિર્દોષ-વાસ્તુ.

લેખક અને પ્રકાશક,

ગોવર્દ્ધનરામ દેવરામ (વિશ્વકર્માના) પુરાણી,

મુ૦ ટીંટોડા. (કલોલ તાબે)

જન્મ ધરી આ જગતમાં, ભજ્યા નહીં ભગવાન;
સ્વધર્મને સાધ્યો નહીં, તે નર પશુ સમાન.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

મૂલ્ય એક રૂપિયો.

પુસ્તક પ્રભુગુણથી ભર્યું, ઉત્તમ એજ ગણાય;
એ વિણ કવિતા ફાંકડી, રોદન રૂપ જણાય.

પ્રસ્તાવના.

આ પદમાળા નામનો ગ્રંથ પહેલવહેલો ઘણો ઉત્તમ અને રસીક જેમા શ્રી વિશ્વકર્માના ગુણ તથા રૂપનું કેવળ અધ્યાત્મીક વર્ણન કરેલું છે તે ગાતાં સર્વે વિશ્વકર્માના આશ્રીત સુતાર, કડીઆ સોમપરા તથા લવાર વીગેરે જેજે વિશ્વકર્માની કરેલી કારીગરી ઉપર પોતાનો નિર્વાહ કરે છે તે સર્વે લોકને અવશ્ય પોતાના ઇષ્ટદેવ શ્રી વિશ્વકર્મા મહા પ્રભુને માનવાજ જોઇએ ને તેમના ચરિત્રનાં જે કીર્તન ભજન વીગેરે આ પદમાળામાં છે તે વાંચી તેમાં જે જે કીર્તનને વિષે જે જે ભાવાર્થ હોય તે પરિપૂર્ણ રીતે સમજી તે પ્રમાણે શ્રી વિશ્વકર્માનાજ વંશમાં તેમના પુત્રનો પરીવાર ચાલ્યો આવે છે તેમને તો જરૂર તન મન ધનથી શ્રી વિશ્વકર્માને પોતાના ઇષ્ટદેવ માની તેમનીજ ભક્તિ કરવી એવું પુરાણમાં વારંવાર કહેલું છે તેથી ચારે નાતના સુતારોએ અવશ્ય ભક્તિ કરવી. પણ તે ભક્તિ કરવા બાબત તે શિષ્ય પુત્રોને શ્રી વિશ્વકર્મા પુરાણ શિવાય બીજુ કાંઇ સાધન આજદીન સુધીમાં પ્રસિદ્ધ થયેલું આવતું નહિ તેનું કારણ એ કે તે ધર્મ ઘણા કાળથી જીર્ણ થયો છે તેથી તેમની ભક્તિ કરવાનાં સાધનો જોવામાં આવતાં નથી. શ્રી વીશ્વકર્મા એ ભુતળને વિષે જન્મ લઇ દક્ષીણ વીભાગમાં ઇલોળા નામના પર્વતમાં પોતાનું સ્થાન કરી રહેલા હતા, અને ત્યાં રહી આખી પૃથ્વી તથા સ્વર્ગ ને પાતાળ સુધી શીલ્પ કામનો દિગ્વીજય કરી પોતે શીલ્પાચાર્યનુ પદ ધારણ કરી ઇલોળામાં રહ્યા. તે ઘણા યુગ સુધી તે આચાર્ય પદની ગાદી પર રહી આ જગતમાં સર્વે દેવ, મનુષ્ય ને રાજાઓને પ્રાસાદીક નાના પ્રકારનાં કરી સર્વેને નીર્ભય ને આનંદ ભુવન કરી આપેલાં કેવાં કે તેવાં ભુવનો કોઈ બીજાથી બની ન શકે, તેમ વળી સર્વે પોતાની પ્રજા માની અનેક પ્રકારથી ધર્મ ઉપદેશ પણ કરતા ને રાજા, પ્રજા, દેવ વિગેરે પણ તેમની ભક્તિ કરતા. તે વિશ્વકર્મા મહા પ્રભુ જ્યારે કળીયુગનો આ પૃથ્વી પર આવવાનો સમય થયો તે વખત પોતે અંતર્ધ્યાન થયા. તે વખતે શીલ્પાચાર્યની ગાદી પર પોતાના પુત્રોને બેસારી તમામ અમોઘ શીલ્પવિદ્યા ભણાવી પોતે ગયા. ત્યાર પછી જેમ જેમ કળિયુગનું પ્રબળ વધતું ગયું તેમ તેમ તે અમોઘ શીલ્પવિદ્યા પણ લોપ થતી ગઇ. તેથી તેમનું જેમ આચાર્ય પદ લોપ થતું ગયું તેમ તેમની પ્રતીષ્ટા પણ ઘટતી ગઇ ને પોતાના ઇષ્ટની ભક્તિ કરવી તેના પર પણ અભાવ થયો એટલે આચાર્ય પદ નાશ પામી ગયુ. અને શીલ્પવિદ્યા પણ નાશ પામી ગઇ એટલે તેમના શિષ્ય પુત્રો પોતાનો

સ્વધર્મ છોડી દેઈ પરધર્મનો આશ્રય લેઇ ઇષ્ટ ભક્તિ હાલમાં તદન છોડી બેઠા. તે ઉપરથી ઘણા સુતારોએ પોતાના ઇષ્ટની ભક્તિ વધારવાને આ પદમાળાનો ગ્રંથ છપાવી બહાર પાડવો એવો એકમત કરી અમને કહ્યું કે અમારા ઇષ્ટિનો જેમ મહીમા વધે તેવાં ભજન કીર્તન કરી બહાર પાડો તો અમે સર્વે તે વાંચી અમારા ધર્મનું ઉત્તેજન કરીએ. એવો સર્વે સુતારોનો ભાવ જાણી અમે આ વિશ્વકર્મા પદમાળા નામનો ગ્રંથ છપાવી બહાર પાડયો છે. તેમાં જે જે વિષય છે તેમાં કેવળ વિશ્વકર્માનાજ ગુણનું વર્ણન છે તથા શ્રી વિશ્વકર્મા કોણ છે ને કોના કુળમાં જન્મ લીધો છે તે તમામ હકીકત આ પુસ્તક પુરેપુરૂં વાંચવાથી માલમ પડશે. જ્યારે સર્વેના સમજ્યામાં આવશે ત્યારેજ સર્વેને પોતાનો કુળાભિમાન અંતઃકરણને વિષે પ્રગટ થશે અને જ્યારે અંતઃકરણમાં તેવું અભીમાન થશે ત્યારે ધર્મનો વધારો થશે ને ધર્મ વધ્યું એટલે અમોઘ શીલ્પકળાઓ તેમને મળી આવશે માટે આ ગ્રંથ વાંચી વિચારી મનન કરવો જેથી ઇષ્ટસિદ્ધિ આધીન રહે ! અસ્તુ ! ! !

વૈશાખી પૂર્ણિમા. } ગોવર્દ્ધન.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

જોશી ગોવર્દ્ધનરામ દેવરામ,

કલોલ તાબે ટીંટોડા—ઉત્તર ગુજરાત.

પુરોહિત પૂર્ણચંદ્ર શર્મા,

પોળ નં. ૨૭ અમદાવાદ.

અનુક્રમણિકા.

શ્રી વિશ્વકર્મા પદમાળાના આશ્રયદાતા સુતારોનાં નામો.

શ્રી મુંબઈ ખાતે.

ગામ દાસજ.

૧૦ મી. ઝવેરદાસ ત્રીભોવનદાસ

૨ સુ. માધવલાલ શીવલાલ

૧ સુ. હરગોવન દુલભ

ગામ મુંઢીયા.

૨ સુ. લીલાધર બેહેચર

૧ સુ. મોહન કાળીદાસ

ગામ ઉંઢાઇ.

૨ સુ. નાથાલાલ ઉમેદરામ

ગામ જાસકા.

૨ સુ. ખેમચંદ વલભરામ

૧ સુ. વીરચંદ મયારામ.

૨ સુ. મગન નરભેરામ

૧ સુ. મગન દુલભરામ

૧ સુ. છગન પાનાચંદ

ગામ કમાડ.

૧ સુ. મગન મયારામ

ગામ મેરવાડા.

૧ સુ. ચુનીલાલ નરભેરામ

૧ સુ. જેઠારામ વલભરામ

૧ સુ. લલુ રાયચંદ

ગામ ભાલક.

૧ સુ. કાળીદાસ મુળચંદ

ગામ લીંબોદરા.

૧ સુ. મુળચંદ મગન

૧ સુ. ભાઇચંદ ઉમેદરામ

૧ સુ. વીરચંદ રેવા

૧ સુ. જોઇતા વક્તારામ

૧ સુ. ગણુપત જેચંદ

ગામ માણુસા.

૧ સુ. દેવચંદ રણછોડ

૧ સુ. વલભરામ વીઠલ

ગામ બીલોદરા.

૧ સુ. ગોરધન વનમાળી

૧ સુ. ભાઇચંદ ઉમેદરામ

૧ સુ. વીરચંદ રેવા

ગામ સરદારપુર.

૧ સુ. મુળચંદ મોહન

ગામ વાલમ.

૧ સુ. હરજીવન છગન

૧ સુ. ધનેશ્વર માધવજી

૧ સુ. હરગોવન નથુરામ

ગામ ટીટોદર.

૧ સુ. ઉગરા દલપત

ગામ સીપોર.

૧ સુ. ભાઇચંદ મોતીરામ

૧ સુ. ગોકળ દેવરામ

ગામ સુણીયા.

૧ સુ. બેચર વીશ્વનાથ

ગામ ઉપેરા.

૧ સુ. શંકર કરસનદાસ

ગામ બીલીયા.

૧ સુ. લીલાધર શીવરામ

ગામ કલ્લી.

૩ સુ. શંકર શીવરામ

ગામ માણેકપોર.

૧ સુ. છગન કેશવરામ

૧ સુ. મલુકચંદ રેવા

ગામ બાંસુ.

૧ દેવચંદમે ઘજી

ગામ ખેરાળુ.

૨ સુ. ઉમેદ ગીરધર
૨ સુ. માનચંદ મુળચંદ
૧ સુ. જેઠા રામચંદ
૧ સુ. ભુધર જેઠા

ગામ પીલવાઈ.

૧ સુ. મગન ત્રીકમ
૧ સુ. વલભરામ દલસુખ

ગામ ગુંજા.

૨ મી. રામનાથ દલપત
૧ સુ. મોહન પીતાંબર
૧ સુ. મગન કેવળ
૧ સુ. પરભુદાસ ત્રીભોવન
૧ સુ. દામોદર એહચર

ગામ સોલઈયા.

૧ સુ. ગોવીદ પાનાચદ

ગામ ખરોલ.

૧ સુ. હેમચંદ જેરામ
૧ સુ. માનચંદ જેરામ
૧ સુ. માનચંદ ડુંગર
૧ સુ. શંકર હરીભાઈ

ગામ માલસાણા.

૧ સુ. લલુ સુખરામ

ગામ વકતાપુર.

૧ સુ. વલભરામ રેવા

ગામ આજોલ.

૧ સુ. ગણપત સેવકરામ

ગામ ઉમતા.

૧ સુ. સાંકળચંદ રણછોડ

ગામ કમાલપર.

૧ સુ. નાયણ સુખરામ

ગામ વસાઈ.

૧ સુ. ઇશ્વર મનસુખ
૧ સ. જોઇતારામ રેવા
૧ સુ. મોહન જેચંદ
૧ સુ. મગન ભગવાન

ગામ સરજાણુ.

૨ સુ. દલસારામ કેવળ

ગામ સજાયા.

૧ સુ. શીવરામ દલસારામ

ગામ બાળા.

૧ સુ. રૂપચંદ દેવચંદ

ગામ સમોવાડા.

૧ સુ. મગન લખમીરામ
૧ સુ. ઉમેદરામ જેચદ

તા. પાલણપુર

ગામ સમોડું.

૧ સુ. જેઠારામ શંકર

ગામ મેમદપર.

૧ સુ. ઓતમ રામજી
૧ સુ. ઇશ્વર માધુ

ગામ રાજપુર.

૧ સુ. અંબારામ મયાચંદ

ગામ જગાણા.

૧ સુ. ભાઈચંદ રામચદ
૧ સુ. ઝવેર મુળચંદ

ગામ આકેશણા.

૧ સુ. ભાઇચંદ લખમીચંદ
૧ સુ. વીરચદ તુલસી

ગામ કોદરાળી.

૧ સુ. કચરા દલસારામ
૧ સુ. સીવરામ પાનાચંદ

ગામ વડગામ.

૧ સુ. ઉગરા તુળસી

ગામ કરબટીયા.

૧ રેવા દામોદર
૧ સ. વીસા જામખરામ

ગામ ઈટાવરા.

૧ સુ. રેવા દામોદર

ગામ દાસણા.

૧ સુ. દલપત ઉમેદરામ

ગામ આવળચુડી.

૧ સુ. મોતીરામ અંબારામ

ગામ પસવાદળ.

૧ શંકર પીતાંબર

ગામ રૂપાલ.

૧ સુ. મગન રાયચંદ

ગામ એગોલા.

૧ સુ. અંબારામ મોતી

કાંણોદર.

૧ સુ. નરભેરામ દલસારામ

ગામ સુડાણ.

૧ સુ. નરભેરામ સુળચંદ

ગામ દેથળી.

૧ સુ. ગોકળ ચેલા

ગામ નાગપસણા.

૧ ખેમચંદ દલસારામ

ગામ કાંણોદર.

૧ સુ. શંકર દલસારામ

ગામ નાસમ.

૧ સુ. મગન માનુ

ગામ મેતા.

૧ સુ. જગન્નાથ રામજી

૧ સુ. ગોદડ વલભ

ગામ કુંભલમેર.

૧ સુ. સુળચંદ દેવચંદ

શ્રી કરાંચી બંદર ખાતે.

૫ મી. રામજી વેલજી

૧ મી. વાલજી મોરારજી

૨ સુ. કુંવરજી રાઘવજી

૧ સુ. જાદવજી દેવસી

૧ સુ. જેરામ રૂડા

૨ સુ. તુળસી રૂડા

૧ સુ. ભવીન મેઘજી

૧ સુ. હરી ભાણજી

૧ સુ. નારાણ મલા

૧ સુ. મેઘજી કરશનજી

૧ સુ. કલ્યાણજી ત્રીકમ

૧ સુ. હરજી લખુ

૧ સુ. વસરામ રામજી

૧ સુ. ખેંગારસંગ ખીમજી

૨ સુ. દેવસી ભવાન

ગામ ટીંટોડા.

૧ સુ. ચકુ હાલજી

૧ સુ. છગન હરીભાઈ

૧ સુ. મનોર હરીભાઇ

ગામ કલોલ.

૧ સુ. સોમનાથ કેવળ

૧ સુ. ગીરધર હરચંદ

૧ સુ. રણછોડ પીતાંબર

૧ સુ. આતમારામ નથુભાઇ

૧ સુ. નથુભાઈ વલભ

૨ સુ. ઇશ્વિર ગણેશ

૧ સુ. ગીરધર મોતી

૧ સુ. રણછોડ મનોર

૧ સુ. નથુરામ આશારામ

ગામ મોરબી.

૫ મંદીર ખાતે પંચ સમસ્ત.

ગામ દેહેલોલ.

૧ સુ. મંગળ ગંગારામ

ગામ વહાવોલ.

૧ સુ. મોહન ડુંગર

૧ સુ. રણછોડ સાંકળા

ગામ સેરથા.
૧ સુ. મોતીરામ કલાણ
૧ સુ. ઇશ્વરલાલ ઉમેદ

ગામ ઉંવારસદ.
૧ સુ. કીશોરદાસ કુબેરદાસ
૧ સુ. કરશન ઉમેદરામ
૧ સુ. ગીરધરલાલ દયારામ
૧ સુ. મગન મુળજી
૧ સુ. સોમનાથ કેવળદાસ
૧ સુ. આતમારામ જગજીવન
૧ સુ. જોઇતારામ જગજીવન
૧ સુ. ચમનલાલ જેઠીદાસ
૧ સુ. રણછોડ ઉમેદરામ

ગામ વળાદ.
૧ સુ. જમનાદાસ કરશન
૧ સુ ચકુ પીતાંબર
૧ સુ. ગોરધન પરસોતમ
૧ સુ. ગીરધર મનસુખ

ગામ ડભોડા.
૧ સુ. ઝીણા ત્રીભોવનદાસ
૧ સુ. સોમનાથ લાલદાસ

ગામ બીડનું પરૂં વા. હરસોલી.
૧ સોમા ઝીણા

ગામ નાંદોલ.
૧ વ્યાસ ચકુરામ લલુરામ

ગામ ખાનપર.
૧ સુ. મગન જોઇતા
૧ સુ. બાવા પીતાંબર

ગામ તોરણા.
૧ સુ. પરશોતમ ખોડા

ગામ પીઠાઈ.
૧ સુ. પરશોતમ ભાઇજી

ગામ સાજોલી.
૧ સુ. જીવરામ વસ્તા

ગામ કજોદરા.
૧ સુ. મગન નાના

ગામ સયડવ.
૧ સુ. પાનાચંદ ગંગારામ
૧ સુ. સામળ ગંગારામ
૧ પંચાળ પીતાંબર સાંકળચંદ
૧ સુ. ઉમેદરામ મુળચંદ
૧ સુ. મગન દયારામ
૧ સુ. મોહેલાભાઇ હીરાદાસ
૧ સુ. બોઘારામ બેચર
૧ સુ. દેવચંદ મોતી
૧ સુ. ઇશ્વર જેઠીદાસ
૧ સુ અમીચંદ ઉમેદરામ
૧ સુ. જોઈતા ગંગારામ
૧ સુ૦ કેશવલાલ પરજુદાસ
૧ સુ૦ નાનસા લલુ

ગામ નારદીપુર.
૧ સુ૦ મોતીરામ છગન
૧ સુ૦ ચકુ કીસોર

ગામ જાસપુર.
૧ સુ૦ કરશન નથુ

ગામ કોળવડા.
૧ સુ૦ મોહન પાનાચંદ
૧ સુ૦ મંછારામ મોતીરામ
૧ સુ૦ કેવળ માનચંદ
૧ સુ૦ મુળજી ઇશ્વર
૧ સુ૦ મગનદાસ નાગરદાસ
૧ સુ૦ ભાઇચંદ પુંજારામ
૧ સુ૦ જમનાદાસ નાગરદાસ
૧ સુ૦ પરશોતમ માનચંદ
૧ સુ૦ જોઇતારામ માનચંદ

ગામ પેથાપુર.
૧ સુ૦ આત્મારામ પોચારામ
૧ સુ૦ વીઠલભાઇ મનોરદાસ

૧ સુ૦ લલુ મુળચંદ
૧ સુ૦ ત્રીભોવન મુળચંદ
૧ સુ૦ કેવળ નથુ
૧ સુ૦ જોઇતારામ છગનલાલ
૧ સુ૦ નારણ પરભુદાસ
૧ સુ૦ બેચરદાસ ધનજી
૧ સુ૦ ત્રીભોવન પરશોતમ
૧ સુ૦ લખમીચંદ સાંકળચંદ
૧ સુ૦ નથુરામ કીશોરદાસ
૧ સુ૦ મોતીરામ મુળચંદ
૧ સુ૦ શનાલાલ મંછારામ
૧ સુ૦ છગનલાલ નથુરામ
૧ સુ૦ કેશવ પરશોતમ
૧ સુ૦ સોમનાથ પરશોતમ
૧ સુ૦ અંબારામ આતમારામ
૧ સુ૦ મોહનલાલ નથુરામ

ગામ મહુદરા.

૧ સુ૦ લલુ ઉગરચંદ

ગામ ઇસંડપુર.

૧ સુ૦ વેણા નથુરામ
૧ સુ૦ બાપુજી ગણેશ

ગામ સાંણોદા.

૧ સુ૦ ભુલા કરશનદાસ
૧ સુ૦ મંછારામ તળસીદાસ
૧ સુ૦ સાંકળા વનમાળી
૧ સુ૦ જોઇતારામ ડોસાજી

ગામ ઢાળીસા.

૧ સુ૦ ખુશાલ જાદવજી

ગામ ગીચોડ.

૧ સુ૦ સાંકળા વનમાળી

ગામ [illegible].

૧ સુ૦ ખેમચંદ નથુરામ
૧ સુ૦ મોનજી આતમારામ
૧ સુ૦ ભોગીલાલ રણછોડ
૧ સુ૦ પરભુદાસ સાંકળા
૧ સુ૦ જેઠારામ દેવરામ
૧ સુ૦ મોતીરામ વાલજી

ગામ પેઢામલા.

૧ સુ૦ મંછારામ અમીચંદ
૧ સુ૦ ત્રીકમ મુળચંદ
૧ સુ૦ ગીરધર શીવરામ
૧ સુ૦ ઉમેદ મુળચંદ

ગામ રાંધેજા.

૧ સુ૦ અંબારામ હરચંદ

ગામ નાદરી.

૧ સુ૦ શામળભાઇ નાથાભાઈ
૧ સુ૦ બાપુજી ગીરધર
૧ સુ૦ મગન સેંધા

ગામ આંમજા.

૧ સુ૦ સોમનાથ હરી
૧ સુ૦ ડોસલ પાનાચંદ
૧ સુ૦ મકૃત ભાઇચંદ
૧ સુ૦ સકરા મોહન

ગામ દંતાલી.

૧ સુ૦ અંબારામ કેવળદાસ

ગામ ઓગણજ.

૧ સુ૦ જમનાદાસ સેવકરામ
૧ સુ૦ નાનચંદ બાપુજી
૧ સુ૦ હરીભાઇ નરસીદાસ
૧ સુ૦ સામળ ઇશ્વર
૧ સુ૦ દાઉજી નાયણુદાસ
૧ સુ૦ મકૃત મેલાભાઇ
૧ સુ૦ છગન રણછોડ
૧ સુ૦ હરભોવન અમથા
૧ સુ૦ લલુ પરાંણુ
૧ સુ૦ નાનચંદ પીતાંબર
૧ સુ૦ ગીરધર બાપુજી

૧ સુ૦ સોમનાથ કેવળ
૧ સુ૦ નાથા બાપુજી
૧ સુ૦ ફુલચંદ ગીરધર
૧ સુ૦ કરશન અમુલખ

ગામ બોપેલ.

૧ સુ૦ નથુરામ ખોડા

ગામ શીલજ.

૧ સુ૦ પુંજા પીતાંબર

ગામ ધુમા.

૧ સુ૦ નાથા ચતુર

ગામ ભાડાવી.

૧ સુ૦ દલપત લલુરામ
૧ સુ૦ જેઠારામ અંબારામ

ગામ લાંબણજ.

૧ સુ૦ રાયચંદ કરશન
૧ સુ૦ સાંકળચંદ દેવચંદ
૧ સુ૦ અમથારામ ગોવીંદરામ
૧ સુ૦ મોતી રામચંદ

ગામ ગોઝારીયા.

૧ સુ૦ ઇશ્વર બેહેલાદાસ
૧ સુ૦ મગનલાલ શીવરામ
૧ સુ૦ મોહન કેવળ
૧ સુ૦ ઇશ્વર ઓધા

ગામ પળીએજ.

૧ સુ૦ તરભોવન ડુંગર
૧ સુ૦ પુંજા કેવળ
૧ સુ૦ સાંકળચંદ ડુંગર
૧ સુ૦ શીવરામ રામદાસ
૧ સુ૦ હીરા માધવજી

ગામ વરસોડા.

૧ સુ૦ કલાણ જીવરામ
૧ સુ૦ મોતીરામ ગીરધર

ગામ સીનોર.

૧ સુ૦ નાથાભાઇ દલપત
૧ સુ૦ હરગોવન

ગામ સીધપર.

૩ સુ૦ દામોદર અમીરામ
૧ સુ૦ મોતીરામ પ્રાણ
૨ સુ૦ માધુ છગન
૧ સુ૦ અમથા નાથુરામ
૧ સુ૦ મોહન દામોદર
૧ સુ૦ નારાણ છગન
૧ સુ૦ વલભરામ જીવરામ
૧ સુ૦ હરગોવન જીવરામ
૧ સુ૦ રેવાશંકર ઘેલારામ

રસુલપુર

૧ સુ૦ શંકરભાઇ કીશોર
૧ સુ૦ નાથાલાલ ભીખાભાઈ
૧ સુ૦ સાંકળચંદ ભગવાન
૧ સુ૦ ઓધા નંદરામ
૧ સુ૦ ફુલચંદ નાગર
૧ સુ૦ તરભોવન દેવરામ
૧ સુ૦ હરગોવન મગન
૧ સુ૦ રાયચંદ તુલજારામ
૧ સુ૦ સોમનાથ શામળ
૧ સુ૦ છોટુરામ વાળજી
૧ સુ૦ ખોડા હીરાચંદ
૧ સુ૦ ઉગરચંદ પીતાંબર
૧ સુ૦ પરભુદાસ ગોવીંદ
૧ સુ૦ પોચા
૧ સુ૦ સોમનાથ પાનાચંદ
૧ સુ૦ જેઠા રણછોડ
૧ સુ૦ ભલા કીસોર
૧ સુ૦ દલસુખ જેચંદ
૧ સુ૦ ભાઇચંદ ઇશ્વર
૧ સુ૦ ભાઇચંદ કીશોર
૧ સુ૦ નારણ કીશોર
૧ સુ૦ સકરા ભટા
૧ સુ૦ ઇશ્વર મુળજી
૧ સુ૦ ઇશ્વર પ્રભુદાસ

૧ સુ૦ મુળજી માધવજી
૧ સુ૦ જીવરામ હીરાચંદ
૧ સુ૦ મુળજી ઓધા
૧ સુ૦ જોઇતારામ બેહચર
૧ સુ૦ બાપુજી
૧ સુ૦ મગન વજેરામ
૧ સુ૦ ગીરધર લલુ
૧ સુ૦ ફુલચંદ ગણેશ
૧ સુ૦ મોહન લાલજી
૧ ફુલચંદ ખુશાલ લવારશેરી.

અમદાવાદ.

૧ સુ૦ નથુભાઈ પરભુદાસ લુણસાવાડો
૧ સુ૦ મોહન ગંગારામ બકરી પોળ

૧ સુ૦ નાયણુ શીવરામ
૧ સુ૦ કેશવલાલ ઘેલાદાસ
૧ સુ૦ દલસુખરામ નરસીદાસ
૧ સુ૦ અંબારામ સોમનાથ
૧ સુ૦ નાથાલાલ ગોરધન
૧ સુ૦ મગનલાલ છગન
૧ સુ૦ દલસુખ છગન
૧ સુ૦ મોહનલાલ રામજી
૧ સુ૦ ગીરધર હાઉસા
૧ સુ૦ ફુલચંદ ખુશાલ (સસપુર)
૧ સુ૦ જલુભાઈ અંબારામ

ગામ પેથાપુર.

૧ સુ૦ ડાહ્યાભાઇ મગનલાલ
૧ સુ૦ ઇશ્વિરલાલ ગંગારામ

બાકી રહેલાં નામો હવે પછી પ્રકટ થશે.

શ્રી વિશ્વકર્મા પદમાળા

તથા

નિર્દોષ વાસ્તુ.

મંગળાચરણ-રાગ લાવણી.

ગહન ગતિ અતી મતિ તમ્મારી, ગુણનિધી ગણપતિને ગાઉં ॥
બુદ્ધિ અનોપમ આપો મુજને, શર્ણું તમારે હું થાઉં ॥ટેક॥
ગજ વદન દંત છે એક ઉજળવ, સુંઢાળા સ્વામી મારા ॥
અપરમિત્ત વાણી વાધો મુંજ, ગુણ ગાવા સુત્રધારા ॥ ૧
સિદ્ધિ બુદ્ધિ નારી કહાવે, લક્ષ લાભ સુત સોહાવે ॥
તુજ કૃપાથી નિરમળ વાણી, મમ મુખમાંથી નિત્ય આવે ॥ ૨
સરસ્વતિ મુખ વાસ કરોને, હંસ વાહની માત તમે ॥
અવિચળ વાણી આપો મુજને, ત્રિવિધી તાપ નવ અંગ દમે ॥ ૩
ત્રિગુણ રૂપને વંદન કરીને, વિશ્વકર્માના ગુણ ગાવા ॥
સુત્રધાર મુજ રક્ષા કરજો, નિત્ય નિત્ય ગ્રંથ રચુ આવા ॥ ૪
ગુરૂ ચરણને વંદન કરીને, હરી ગુણ ગાવા મન કીધું ॥
આધ શક્તિ તમે કરૂણા કરજો, રૂપ માહરા રૂદે લીધું ॥ ૫
સકળ દેવની સાહાય માગું છું, પંચ વદન મમ રૂદે રહો ॥
ગોવરધન સહુ સજ્જન મુખથી, જયજય ઇષ્ટ દેવ કહો ॥ ૬

ત્રોટક છંદની દેશી.

પદમાળ રસાળ કરૂં રચના ।
વર વૃદ્ધ તણા ગુણની ગણના ॥
મમ રૂદયમાં રૂપ રહો નિશદી ।
અવિચાર ન પામું આપ કદી ॥ ૧

નથી જાણુત ભેદ લધુ ગુરૂના ।
નથી જાણુત માત્રા મેળ તણા ॥
નિજ નામ લહી રચવા ધશિયો ।
હરિ આવિ રૂદે મમમાં વશિયો ॥ ૨
કળિ કાળ સધર્મ લોપ થયો ।
અધર્માચરણો જુગ વીચરિયો ॥
નરનાર કુસંપ ભર્યાં દિલમાં ।
પતિવૃત્ત તજી ભામનિ મનમાં ॥ ૩
કિરતારની ભક્તિ ભુલીજ ગયાં ।
નિત્ય રાગને દ્વેષ વિશેશ રહ્યાં ॥
પિતુ સુતને હેત થયાં અળગાં ।
ભુત પ્રેત સહુ જનને વળગાં ॥ ૪
જુઠ પાપ વિશે સરવે પળિયાં ।
કુડ કાપટ હેત ઘણાં મળિયાં ॥
સત વાત ગઇ તનમાંથિ ખશી ।
રૂઢી રીત ન રાખી કુળનિ કશી ॥ ૫
સદ આચરણો દુર થયાં જુગમાં ।
નિજ ઇષ્ટનું સ્મર્ણ ન કીધું મનમાં ॥
કરવા વઇભોગ અતી ગમિયા ।
પુન્ય દાન તજી દીનને દમિયા ॥ ૬
અધરમિ જન ભૂતળમાં થયા ।
સદ મારગ દુર ખશીજ ગયા ॥
મદ મોહ ભર્યાં મન સર્વ તણાં ।
ક્રુર બુદ્ધિ જન થયાંજ ઘણાં ॥ ૭
સતસંગ તજી કુપંથ પળે ।
નિજ કુળ મરજાદ ન લેશ મળે ॥

નિજ ઇશ વર્ક્થ ભુલિ આપ ગયા ।
અન મારગમાં ગુચવાઇ રહ્યા ॥ ૮
ટપકાં તિલકાં વિધ વિધ કરે ।
નિચ જાતગુરૂ કરતાજ ફરે ॥
મમતા સમતા તજી વાધિ ઘણી ।
મરજાદજ લોપી નિગમતણી ॥ ૯
જુઠ મંતર તંતર બૌ ભણિયા ।
સદ મારગ એથીજ નષ્ટ થયા ॥
શિખ સૌ સુત વૃદ્ધજ કાન ધરો ।
નિજ ઇશની ભક્તિ સદાય કરો ॥ ૧૦
વધશે પરિવાર સુબુદ્ધિ ઘણો ।
કળિ મેલ જશે નિજ તન તણો ॥
નિજ ઇશ પ્રસન્ન સદાય હશે ।
ઘટ માંહે સદા ગુરૂ દેવ વસે ॥ ૧૧
તન શુદ્ધ થશે ત્રય તાપ ટળે ।
જન ગોવધન સુમાર્ગે પળે ॥
સુખ પામી સદા ઇશ ચર્ણ રહે ।
પરમાનંદ સુખ સદાય લહે ॥ ૧૨

॥ મનહર છંદની દેશી ॥

નિગમનો ન્યાય તજી અન્યાયમાં ઉભા રહ્યા ॥
તજી નિજ કર્મ ધર્મ પરધરમે ગયા ॥
વિશ્વપતિ વિસારીને દેવી દેવલાંને પુજે ॥
કંઠી બાંધી ગુરૂ કરી શિષ્ય શુદ્રના થયા ॥
ન જાણ્યો જે કુળ ધર્મ કેવી રીતે ચાલ્યો આવે ॥
ભુલી ગયા ભાન ભાઇ શુદ્રવત થઇ ગયા ॥

તેથી કળી અંગ માંહે પેશીને પ્રવેશ કરી ॥
ભ્રષ્ટ બુદ્ધિવાળા સર્વે સુતરધારો થયા ॥ ૧
ઇષ્ટપદ ગાએ નહીં કથા કાને સુણે નહીં ॥
મદ માતા થએલા તે અંધ થઈ વિચરે ॥
નિશદીન ફાંફાં મારી ઉધમ કરે છે ઘણા ॥
કામી ક્રોધી લોભી સદ મારગ ન આચરે ॥
તેને શિખ દેવા માટે પદમાળા ગ્રંથ કરૂં ॥
તેથી સર્વે ઇશ ભકિત નિત્ય નિત્ય આદરે ॥
ગોવરધન પિતા મુકી પર પિતા શેને કરે ॥
કુપંથ મુકીને સર્વે ચાલો પંથ પાધરે ॥ ૨

॥ ગરબી ॥

કહાને સખી કારતીક કેમ જાશે. એ રાગ.

નમો નમો વિશ્વકર્મા સ્વામી ।
પ્રભુ મારો કહાવે બહુ નામી ॥
સમરણ કરતાં ભવસાગર વામી ।
નમો નમો વિશ્વકર્મા ॥ ટેક.
દરશન કરતાં દારીદ્ર જાશે ।
પ્રભુ મારો પ્રસન બહુ થાશે ॥
અંગનાં સહુ પાપજ પળાશે । નમો નમો. ॥ ૯
પુજા કરતાં પાવન પ્રભુ કરશે ।
આ ભવસાગર સેહેજે તરશે ॥
આવિ મારો વાલોજી મળશે । નમો નમો. ॥ ૨
ત્રિગુણ રૂપને તીલક રૂડાં કરીએ ।
જમ કીંકરથી શીદને ડરીએ ॥
માયાની જાળ સહેજે તરીએ ॥ નમો નમો. ॥ ૩
ચોખા ચોડે ચઉદ લોક તરશે ।

વાલો મારો હેત કરી મળશે ॥
પુરવનાં પાપ સકળ બળશે ॥ નમો નમો. ॥ ૪
ફુલોના હાર હરીને ધરીએ ।
નિરભય થઇ ભોમીમાં ફરીએ ॥
કાળ થકી શું કરવા ડરીએ ॥ નમો નમો. ॥ ૫
ભોજન રૂડાં પ્રભુજીને ધરવાં ।
તેથી દુઃખ સાગરને તરવાં ॥
નિરમળ અંગ સકળ કરવાં ॥ નમો નમો. ॥ ૬
દીપક જોતી હરીને અરપણ કરીએ ।
ત્રિગુણ સ્વરૂપને જઇ મળીએ ॥
વાલાના રૂપ વિશે ભળીએ ॥ નમો નમો. ॥ ૭
પ્રદક્ષણા પ્રભુજીની કરવી ।
ઉલટ આણી છબી અંતર ધરવી ॥
ભકિત નવધા પ્રકારે કરવી ॥ નમો નમો. ॥ ૮
બેની મારી શીખ રૂદે ધરજો ।
વાલાજીનાં દરશન નિત્ય કરજો ॥
ગોવરધન ઇલોળા પરવરજો ॥ નમો નમો. ॥ ૯

ગરબી ૨ જી.

ચાલો ભાઇઓ ઇલોળા જઇએ ।
દરશન કરી સુખીયાં સૌ થઇએ ॥
વાલાને વિનતી જઇ કરીએ ।
ચાલો ભાઇઓ ઇલોળા જઇએ ॥ ટેક
ઇલોળામાં ત્રિગુણાતિત સ્વામી ।
જુગ રક્ષા કરતા બહુ નામી ॥
પ્રભુ મારો કહાવે નિશકામી ॥ ચાલો. ॥ ૧

દશે દિશા કીરતી જેની ભારી ।
હરી મારો વરીઆ કૃતિ નારી ॥
જગતના છે પ્રભુ હિતકારી ॥ ચાલો. ॥ ૨
અહરનિશ ધ્યાનમાં પ્રભુ રહેતા ।
નાના વિધ જકતને સુખ દેતા ॥
જેના ગુણ અખંડ ઘણા વહેતા ॥ ચાલો. ॥ ૩
પરિવાર પોતા તણો કહાવે ।
તેના પર રાખે વાલો ભાવે ॥
જાણે મારા દરશને આવે ॥ ચાલો. ॥ ૪
જનમ પુત્રનો થાય નિજ કુળમાં ।
રક્ષા કરે ધ્યાન લાવી ઉરમાં ॥
સદા રાજી રહે છે મનપુરમાં ॥ ચાલો. ॥ ૫
તીરથમાં આવી પુજન કરશે ॥
તેથી મારૂં અંતર બહુ ઠરશે ॥
પાવન નિજ કુળ સકળ કરશે ॥ ચાલો. ॥ ૬
એવી આશા રાખે છે દીનોનાથ ।
ઇચ્છા કુળ વરધી કરવા મન સાથ ॥
પ્રભુ મારો અનાથોનો છે નાથ ॥ ચાલો. ॥ ૭
વાલો મારો ઘટઘટમાં રહે છે ।
વેદ વાણી પોકારી કહે છે ॥
પુરાણોમાં કીરતી ઝાઝી લહે છે ॥ ચાલો. ॥ ૮
વિશ્વકુંડ નાહી શુદ્ધ થઇએ ।
નાના વિધ પુજન પછી કરીએ ॥
વાલાજીને રૂદય કમળ ધરીએ ॥ ચાલો. ॥ ૯
પંચામૃત સ્નાન હરીને કરવું ।
ધ્યાન સદા રૂદે માંહે ધરવું ॥
હરિનું વંદન નિત્ય કરવું ॥ ચાલો. ॥ ૧૦

કસ્તુરી અગર ચંદન ઘોળી ।
ચરચીત કરવાં હરીનાં અંગ ચોળી ॥
વસ્ત્ર ધરવાં કેશરમાં બોળી ॥ ચાલો. ॥ ૧૧
ચોખલીઆ ચોઢવા લેલાટે ।
તજી સરવે અંગના ઉચાટે ॥
વિધ વિધ સેવા હરીને માટે ॥ ચાલો. ॥ ૧૨
ફુલના તોરા હરીને અંગે ।
ચડાવવાં કુસુમ સુગંધ સંગે ॥
સદા ભાવ રાખીને ઉમંગે ॥ ચાલો. ॥ ૧૩
ધુપ દીપ કરી મનમાં હરખે ।
નૈવેદ ધરીને હરી નિરખે ॥
ભુવનમાં નથી એના સરખે ॥ ચાલો. ॥ ૧૪
કરી આરતી સ્તુતિ બહુ કરીએ ।
તેથી સુખે સંસારમાં ફરીએ ॥
સહેજે ભવ સાગરને તરીએ ॥ ચાલો. ॥ ૧૫
પવિત્ર પ્રભુ કુળમાં થાશે ।
દરશનથી તો પાપ સકળ જાશે ॥
હરી મારો સદા વસે પાસે ॥ ચાલો. ॥ ૧૬
મોક્ષ દાતા સ્થાન આપણું એહ ।
ધલોળા પરવત કહાવે જેહ ॥
જશે તેનો પાવન થાશે દેહ ॥ ચાલો. ॥ ૧૭
વાલો મારો મન વાંછીત કરશે ।
નિજ જનનાં દુખ સકળ હરશે ॥
ગોવરધન તીરથે જે જાશે ॥ ચાલો. ॥ ૧૮

રાગ લાવણી.

સુત્રધારના કુળમાં સરજી શું આચર્ણ કરવાનાં ।
સકળ સજન તન મનથી સાંભળો
ધ્યાન સદા મન ધરવાનાં ॥ ટેક
સત્ય સંસ્કાર શુભ અંગે ધરવા પવિત્ર નિજ મન રાખીને ॥
સ્નાન સંધ્યા નિત્ય તરપણુ કરવાં અન્ય કામ ઉવેખીને ॥૧
મંત્ર નિવારણુ ગાયત્રીના જપ કરવા ઉલટ આણી. ॥
પ્રસન સદા તેને ઇષ્ટ રહેશે પવિત્ર સૂત આપે જાણી ॥ સુ. ૨
નિજ ઇષ્ટ જાણી વિશ્વકર્માને મુરતીનું પુજન કરવું ॥
સોડષ મંત્ર ઉપચાર વડે હરનીશ પુજન આદરવું ॥ સુ. ૩
ચંદન અક્ષત હરીને ચરચી નાના વિધ સણગાર ધરવા ॥
ધુપદીપ નૈવેદ આરતી શુભ મંત્ર મુખ ઉચરવા ॥ સુ. ૪
પરદક્ષણા દંડવ્રત કરીને સુત્રધાર ઉરમાં લેવા ॥
સકળ મનોરથ પુરણ કરશે નિત્ય કરવી હરીની સેવા ॥સુ. ૫
પ્રેમ ભાવથી ભાકતકરવી રાગ દ્વેષને દુર કરી ॥
કામ ક્રોધ મદ મોહ તજીને મુખથી જપવા નિત્ય હરિ ॥ સુ. ૬
પરમાર્થ પર પ્રીત રાખીને દયા ઘણી ઉરમાં ધરવી ॥
વિશ્વકર્માની કથા સુણવી નિંદ્યા કોની નવ કરવી ॥ સુ. ૭
એથી અતી સુખ પામે પ્રાણી સદા પ્રસન પ્રભુજી રહેશે ॥
ધન્ય ધાન્ય તેને બહુ આપી આરોગ્યતા વાલો દેશે. ॥ સુ. ૮
પરિવાર પવિત્ર આપે વંશ તણી વરધી કરવા ॥
ગોવરધન હરી ભકિત કરવી સંસાર સાગરને તરવા ॥ સુ. ૯

રાગ ગરબાની દેશી.

ઇલોળમાં જાવું દરશન કારણે રે લોલ ॥
એહ મુરતીને જાઉં હું વારણે રે લોલ. ટેક ॥ ૧
ધરમ સુત દ્વાર પ્રગટ થયા હરી રે લોલ ॥
ઇછે જકતનું કલ્યાણ કરવા મન ધરી રે લોલ. ૨

ગજ સુત્ર ધરી કરમાં ઇલોળા વસ્યારે લોલ ॥
કાંબી કમંડળ ધરી ભુતળ વસ્યા રે લોલ. ૩
દેવ માનુષ્યને સુખ ઘણું આપતા રે લોલ ॥
ધામ કામ ઘણાં કરી ભુતળ સ્થાપતા રે લોલ. ૪
ઇલોળ ઘઢમાં તે વૈકુંઠ વાસીયું રે લોલ ॥
મોક્ષ સ્થાન સરવે જકતને ભાસીયું રે લોલ. ૫
શીવ બ્રહ્માને વિશ્નુ ત્યાંહાં આવીયા રે લોલ ॥
કીધાં દરશનને પ્રભુ મન ભાવીયા રે લોલ. ૬
સ્થાન આપો પ્રભુ ભકિત કરવી તમ તણી રે લોલ
સકળ દેવ મળી પુજા કરશું અમે ઘણી રે લોલ. ૭
સહીત દેવ ઇદ્ર દરશને આવીયા રે લોલ ॥
સુત્રધારને તે મન ઘણા ભાવીયા રે લોલ ॥ ૮
કરી ભુવનને વાસ આપ્યો તે સ્થળે રે લોલ ॥
સુખ ઇલોળા સમ બીજે નવ મળે રે લોલ. ૯
વિશ્નુ અવતાર થયા જુગ જેટલા રે લોલ ॥
દરશન કારણ આવ્યા છે ઘઢ તેટલા રે લોલ. ૧૦
સ્થાન આપી મુરતી સ્થાપી છે ઘઢ વિશેરે લોલ ॥
રત્ન મણીનાં જડીત્ર ભુવનો દીસે રે લોલ. ૧૧
અનેક અન્ય દેવ સ્થાન કરી સ્થાપીયારે લોલ ॥
નાના વીધના તે ભોગ સહુને આપીયારે લોલ. ૧૨
વિષ પાન કરી શીવ આવ્યા તે સ્થળે રે લોલ ॥
સુખ શાંતિ પામ્યા દાહ સરવે ટળે રે લોલ. ૧૩
નિલકંઠ રૂપ વાસ આપે ત્યાં કર્યો રે લોલ ॥
ચમતૂકાર અદભુત બાણમાં ધર્યો રે લોલ. ૧૪
જળધાર કરી મુખ જુવે જે જનો રે લોલ ॥
પુર્વે જન્મનાં જન દેખે નીજ તનો રે લોલ. ૧૫

નિજ દ્રષ્ટીથી કુંડ રચના કરી રે લોલ ॥
પાવન ગંગાના સમાન કીધો હરી રે લોલ. ૧૬
કરી શ્રાદ્ધ પીંડ દાન કરે જે જઇ રે લોલ॥
સાત પેઢીનો ઉધાર થાએ સહી રે લોલ. ૧૭
અનેક જન્મનાં પાપ અંગમાં રયાંરે લોલ ।
સ્નાન દાન કીધે અંગથી ખશી ગયાંરે લોલ. ॥૧૮
કરી સ્નાન પુજા પીતા તણી જઇ કરેરે લોલ ।
ભાવ ભક્તિથી ભેટ હરીને ધરેરે લોલ. ॥ ૧૯
એ છે પુત્ર વાલો હરીને અતિ ઘણોરે લોલ ।
ધન્ય ધાન્ય પામે વંશ વાધે તે તણોરે લોલ. ॥ ૨૦
જે કો દરશન કરવાને ધઢમાં જાય છેરે લોલ ।
ઉભય કુળ તો પવિત્ર તેનાં થાય છે રે લોલ.॥ ૨૧
ધન્ય ધન્ય કહાવે માતપીતા તેહનાંરે લોલ ।
વરધ ભક્તિથી પાપ જાય દેહનાંરે લોલ.॥ ૨૨
સુત્રધાર કુળ જન્મીને ત્યાં નવ ગયોરે લોલ ।
મુંઢ બુદ્ધીએ પાપનો ભાગી થયોરે લોલ. ॥ ૨૩
શિખ માહરી તે સરવે કાને ધરોરે લોલ ।
ગોવરધન જઇ જાત્રા સહુ તે કરોરે લોલ.॥ ૨૪

મહાકાળીના રાગનો ગરબો ॥

ધરમપુરીથી આવીયા સુત્રધારરે ॥
જુગ કલ્યાણ કરવા કાજ આપ વિચારેરે. ॥ ૧
ભરતખંડ ભોમી વિશે સુત્ર. ॥
પાવન છલોળા ધામ. આપ. ॥ ૨
વાસ કર્યો હરીએ ત્યાંહાં સુત્ર. ॥
અતી ઉત્તમ જાંણી સ્થાન. આપ. ॥ ૩

દશે દીશા દ્રષ્ટી કરી સુત્ર. ॥
ભારત ભોમીની માંહે. આપ. ॥ ૪
બ્રાહ્મણને ક્ષત્રી ઘણા સુત્ર. ॥
વઇશને શુદ્રની જાત. આપ. ॥ ૫
વરણ ચાર સુધ બુધ છે સુત્ર. ॥
પતીવૃત્ત પાલનારી નાર. આપ. ॥ ૬
શુભ આચર્ણ સરવનાં સુત્ર. ॥
તેથી પ્રસન્ન થયા મહારાજ. આપ. ॥ ૭
આ ભોમી તળ વસવું હવે સુત્ર. ॥
કરવા ભુતળનાં કામ. આપ. ॥ ૮
ઘઢ ઇલોળા વાસીયું સુત્ર. ॥
માંહે વસે વરણ અઢાર. આપ. ॥ ૯
નાનાવીધ ભુવન કર્યાં સુત્ર. ॥
નીજ ઇચ્છાથી મહારાજ. આપ. ॥ ૧૦
સુખ શાંતીથી સહુ રહે સુત્ર ॥
કરી રાગ દ્વેશને દુર. આપ. ॥ ૧૧
નીજ સ્વરૂપે સહુ દેવ છે સુત્ર. ॥
દે દરશન માનવ માત્ર. આપ. ॥ ૧૨
ઋતી દેવીને પરણીયા સુત્ર. ॥
બે વરીયા બીજી નાર. આપ. ॥ ૧૩
કૌસકી કહાવે સુંદરી સુત્ર. ॥
લલિતા છે ત્રીજી નાર. આપ. ॥ ૧૪
ભારત જન ઉધારવા સુત્ર. ॥
મન કીધું વિશ્વકર્માય. આપ. ॥ ૧૫
યજ્ઞ યાગ કરે ઘણા સુત્ર. ॥
પણ નથી રહેવાને ધામ. આપ. ॥ ૧૬

અન્ય સંપત્તિ ઘણી મળે સુત્ર. ॥
પણ ભુવન વીના નહીં કાંઇ આપ. ॥ ૧૭
જોઇ પ્રજા દુઃખી ઘણી સુત્ર. ॥
તેને કરવો મારે ઉપકાર. આપ. ॥
રંગ ભોગ સહુ ભોગવે સુત્ર. ॥
કરી આપું રૂડાં ધામ. આપ. ॥ ૧૮
ગજ સુત્ર લીધાં હાથમાં સુત્ર. ॥
કીધી દ્રષ્ટી ભુતળમાંય. આપ. ॥ ૧૯
નગર ધામ કર્યાં ઘણાં સુત્ર. ॥
વસીયાં છે વરણ અઢાર. આપ. ॥ ૨૦
સુખી કરી સહુ મેદની સુત્ર. ॥
સૌ ભજતાં વિશ્વકર્માય. આપ. ॥ ૨૧
ચાર પુત્ર પ્રગટ કર્યા સુત્ર. ॥
ધરીયાં છે ઉત્તમ નામ. આપ. ॥ ૨૨
ઇંદ્રધર વડીલ તન સુત્ર. ॥
દેવધર બીજો કહેવાય. આપ. ॥ ૨૩
ગંગાધર ને લીલાધર સુત્ર. ॥
છે રૂપ ગુણના ભંડાર. આપ. ॥ ૨૪
એ પુત્ર ચાર ભોમી થયા સુત્ર. ॥
કરવા ભોમીનાં કામ. આપ. ॥ ૨૫
સુખ આપે સર્વે જગતને સુત્ર. ॥
કળીજુગમાં નાનાવીધ. આપ. ॥ ૨૬
ગોવરધન એ પ્રભુ વસ્યા સુત્ર. ॥
ઇસોળા ઘઢની માંહે. આપ. ॥ ૨૭

રાગ ગરબી ૧ લી.

મારે જાવું દ્વારકાંરે રસીયા રણછોડને મળવા. ॥ એ રાગ.
સઇયર ચાલજોરે આપણે ડાકોળા જાવું છે ।
દરશન કરી દેવનાંરે પાપ થકી પાવન થાવું છે. ॥ ટેક. ॥
વિવિધ શોભા ઘણીરે જેની કહેતાં ન આવે પાર ।
લોકહીત કારણેરે જ્યાંહાં બીરાજે સુત્રધાર. સૈયર. ॥ ૧
વૃક્ષલતા ઘણીરે વાયુ શીતમંદ સુગંધ ।
અઢાર ભાર દીસેરે નાના ભાતીનાં છે કંદ. સૈયર. ॥ ૨
ફળ ફુલ અતી ઘણાંરે મીઠા મેવા છે રસાળ ।
ભમર ગુંજાર કરેરે હરણાં દે છે ઝાઝી ફાળ. સૈયર. ॥ ૩
અમૃત ફળ કારણેરે પક્ષી વાસ કરીને રહે છે ।
સદા વસંત છે રે હરીના જન બહુ સુખડાં લે છે. સૈયર. ॥ ૪
મોર મધુરે સ્વરેરે કરી કળા નૃત્ય કરે છે આપ ।
માધવ પોકારતારે ટાળી અંગતણા સંતાપ. સૈયર. ॥ ૫
બપૈયા બોલતારે કોયલ ટઉકા કરે અપાર ।
શોભા તેની શી કહુંરે જ્યાંહાં વસીયા વિશ્વાધાર. સૈયર. ॥૬
નવે ખંડ નામ છે રે જેની કીરતી સરવે ગાય ।
વિશ્વમાં વ્યાપિયારે સુખદાતા વિશ્વકર્માય. સૈયર. ॥ ૭
સુખનું ધામ છે મુખથી શોભા કહી નવ જાય ।
કોટી રવી શશી તણીરે કાંતી દેખી ચીત્ત હણાય. સૈયર. ॥ ૮
કમળ મુખ શોભતુંરે જેનાં અંબુજ સરખાં નેત્ર ।
તે પ્રભુને નીરખતાંરે જાણે ઉપજટીનું ક્ષેત્ર. સૈયર. ॥ ૯
ત્રિતાપ બુજાવતારે જે જન જાય હરી સનમુખ ।
ધન્યવાદ તેહનેરે ગોવરધન ધન જનની કુખ. સૈયર. ॥ ૧૦

ગરબી ૨ જી રાગ ઉપરનો.

બેની હું શું કહું રે સુખ સાગર છે સુત્રધાર ।
જગહીત કારણેરે પ્રગટયા ભુતળની મોજાર. ॥ ટેક. ॥
વાલાજીના ગુણ ઘણારે ગણતાં શેષ ન પામે પાર ।
વાગીશ વાણી વડેરે નિત્ય નિત્ય ગાએ સુત્રધાર. ॥ બેની. ૧
પાર પામે નહીં રે બ્રહ્મા ભેદ ન જાણે આપ ।
ઓંકાર રૂપ છેરે ભજતાં સરવે ટળે સંતાપ. ॥ બેની. ૨
વેણા લેઇનેરે નારદ સદા કરે કીરતન ।
પાર પામે નહીંરે શીવજી નિત્ય કરે ભજન. ॥ બેની. ૩
અકળીત રૂપ છેરે મુખથી વરણન કર્યું નવ જાય ।
નખ શીખ નીરખીરે મારૂં કાળજ ટાઢું થાય. ॥ બેની. ૪
મોક્ષનું ધામ છેરે સુંદીર રૂપ તણો અંબાર ।
ઇચ્છીત ફળ આપવારે ધરીયો ભુતળમાં અવતાર. બેની. ૫
નગ નાગ સેવતારે મુનીવર ધરે સદા ત્યાં ધ્યાન ।
સીધ ચારણ વિદ્યાધરરે સદા ગાંધર્વ કરતા ગાન.॥બેની. ૬
પ્રગટ પ્રભુ એહ છેરે સુખના સિંધુ સુત્રધાર ।
ઇંદ્રાદિક સેવતારે મનહર મોહન જગ કરતાર. ॥ બેની. ૭
ત્રીલોક દીપાવતારે નાનાવીધનાં કરતા ધામ ।
ભક્તની ભીડનેરે નિશદીન ભાગે છે નિષ્કામ. ॥ બેની. ૮
ગોવરધન નાથનેરે મારે મળવું જઇને જરૂર ।
ચરણરજ સેવીનેરે મારે રહેવું છે હજુર. ॥ બેની. ૯

ગરબી ૧ લી રાગ વાંસલડીનો.

સમરણ કરીએ ત્રિગુણાતિત વિશ્વકર્મા જે કહાવે ।
તન મન અરપી ધ્યાન સદા સૌને ધરવાં ભાવે. ॥ ટેક. ॥
વિધ્રી રૂપ થઇ શ્રષ્ટી સરજી ।
વિશ્નુ રૂપે પાલણ કરે હરજી ॥

શીવ રૂપે સંહાર કરે જીવણજી. ॥ સમરણ. ૧
વિશ્વકર્મા એક ઓંકાર રૂપ ।
ચૌદ બ્રહ્મા કેરા એ ભુપ ॥
પંચ વદન છે જેને અનુપ. ॥ સમરણ. ૨
વિશ્નુ વિશ્વકર્મા એક રૂપ કહાવે ।
એ તો બ્રહ્મા રૂપે સોહાવે ॥
શીવ રૂપ ધર્યું પ્રભુએ ભાવે. ॥ સમરણ. ૩
ભેદ બુદ્ધિ કોને નવ કરવી ।
અંતર દ્રષ્ટી સૌને હરવી ॥
એક ઇષ્ટ જાણી ભકિત કરવી. ॥ સમરણ. ૪
તેના ગુણ પુરાણમાં સાંભળવા ।
તે તો રૂદે કમળ માંહે ધરવા ॥
એ ઉપાય માયાને તરવા. ॥ સમરણ. ૫.
ચીત્ત એ પ્રભુને ચરણે રાખો ।
અમૃત રસ નિત્ય નિત્ય ચાખો ॥
ગોવરધન ભેદ બુદ્ધી કાઢી નાખો. ॥ સમરણ. ૬

ગરબી ૨ જી રાગ ઉપરનો.

જીવ અજ્ઞાની જગમાં જન્મીને શું કારજ કીધું ।
નિજ ઇષ્ટ તણા સમરણ સેવામાં ચીત્ત નવ દીધું. ॥ ટેક.
વિશ્વકર્માએ તુજ પર મેહેર કરી ।
દેહ માનુષ્ય તણો તને આપ્યો હરી ॥
સેવા સમરણ કરવું હેત ધરી. ॥ જીવ અજ્ઞાની. ॥ ૧
દયા કરીને પ્રભુએ ઉપકાર કરીયો ।
નીજ કુળમાં પ્રભુએ અવતાર દીયો ॥
તોએ ભવસાગર નવ તરીયો. ॥ જીવ અજ્ઞાની. ॥ ૨
રાખી અમૃત દ્રષ્ટી સુખી કરતા ।

તુજ ત્રણ તાપને પ્રભુ હરતા ॥
કૃપા તુજ ઉપર નિશદીન કરતા. ॥ જીવ અજ્ઞાની. ॥ ૩
ધન ધાન્ય આપે છે મહેર કરી ।
ક્ષણે ક્ષણે તારી રક્ષાયો કરી ॥
સંકટ સરવે પ્રભુ લે હરી. ॥ જીવ અજ્ઞાની. ॥ ૪
તો પણ મોહજાળ ફાંસી પડીઓ ।
હરી ભુલીને અન્ય વિચાર કરીયો ॥
મદ મોહ તણા ફંદે ચડીયો. ॥ જીવ અજ્ઞાની. ॥ ૫
મુખથી ન ગાયા જગકરતા ।
શાસ્ત્ર મારગ મુકી દીધા પડતા ॥
ગોવરધન પુરવ દોષ નડતા. ॥ જીવ અજ્ઞાની. ॥ ૬

ગરબી ૩ જી.

બેઠા ડલોળા નીજકુળ પાવન કરવા સુત્રધાર ।
દેઇ દરશનને આશીષ દેતા પુત્રને વારંવાર. ॥ ટેક.
વસુને ઘેર હરીએ જન્મ ધર્યો ।
આવી ડલોળાગ્રઢમાં વાસ કર્યો ॥
ભુતળમાં નગ પાવન ખરો. ॥ બેઠા ડલોળા. ॥ ૧
ભુતળ જનને સુખડાં બહુ દીધાં ।
નાનાવીધ ભુવન સહુનાં કીધાં ॥
વરદાન અભય સહુને દીધાં. ॥ બેઠા ડલોળા. ॥ ૨
દેવતાનાં સકળ દુખ ભાગ્યાં છે ।
અનેક ભકતે વરદાન માગ્યાં છે ॥
રાય રંકને વાલે સુખ આપ્યાં છે. ॥ બેઠા ડલોળા. ॥ ૩
ધઢ ડલોળા દરશન જાએ ।
તેના ઉપર હરી પરસન થાએ ॥
તન તાપ તેના સહુ પળાએ. ॥ બેઠા ડલોળા. ॥ ૪

ચરણુ પખાળી ચરણામૃત લે છે ।
તેને પંચાંગ લક્ષ્મી સુત્રધાર દે છે ॥
સદા તેના ઘરમાં વાસ કરી રહે છે ॥ બેઠા ઇલોળા. ॥ ૫
કરી પરદક્ષણા દંડવત્ કરે ।
તેના શીશ ઉપર વાલો કર ધરે ॥
ગોવરધન સ્વધામે પરવરે ॥ બેઠા ઇલોળા. ॥ ૫

ગરબી ૪ થી.

મારા વાલાજી તમ તેજે આ વિશ્વ સકળ ખીલી રહ્યું ॥
અધો મધ્ય ભેદી સત્ય લોક સુધી વ્યાપીને રહ્યું. ॥ ટેક ॥

સુર્ય ચંદ્ર તપે તમ તેજ વડે ।
બ્રહ્માજી તો નિત્ય વિશ્વ ઘડે ॥
શીવ તમ તેજે આ વિશ્વ હરે. ॥ મારા વાલા. ૧
વિશ્નુ પોષણુ તમ તેજથી કરતા ।
ગૃહ નક્ષત્ર તમ તેજે ફરતા ॥
જમ કીંકર તમ તેજે ડરતા. ॥ મારા વાલા. ૨
સકળ બ્રહ્માંડ શેશે શીષ ધર્યું ॥
ગગનમંડળ વીન આધારે રહ્યું ॥
ભુતળ તમ તેજે સ્થીર થયું. ॥ મારા વાલા. ૩
તમ તેજે સુરપતિ રાજ કરે ।
દેવતા સહુ આગના શીષ ધરે ॥
તમ તેજે કાળ કંપીને ફરે. ॥ મારા વાલા. ૪
તમ આગના સાગર પાળે છે ।
નિશદીન મરજાદામાં રહે છે ॥
બાર મેઘ સમયપર વરસે છે. ॥ મારા વાલા. ૫

વિશ્વકર્મા તેજોમય કહાવો ।
તમ ભકિત કરી લેવો લાવો ॥
ગોવરધન પ્રભુ રૂદેમાં આવો. ॥ મારા વાલા. ૬

પદ ૧ લું.

હરી ગુણ ગાવારે ગાવા. એ રાગ.

વિશ્વકર્મા ભજવારે ભજવા, અવર વિચારોને તજવા.
પુરવનાં પાપ સકળ પળવા । વિશ્વકરમા ભજવારે ॥ટેક.

આ મનુષ્યા દેહ તને મળીયો ।
માયા મદ માંહે તું ઉછળીયો ॥
તારે શીર કાળ ફરે બળીયો ॥ વિશ્વકર્મા. ૨
નફટ તને લાજ જરી ન આવે ।
હરી થકી વિમુખ તું કહાવે ॥
આયુષ્ય તારો ટુંકામાં આવે ॥ વિશ્વકર્મા. ૩
દુરલભ દેહ ક્ષણુમાં વહી જાશે ।
રાખોડી રૂપે કહેવાશે ॥
પછી તને પસ્તાવો થાશે ॥ ।વશ્વકર્મા. ૪
જમ કીંકર જોરાવરી ઝાલે ।
બાંધી રૂંધી તુજને લેઇ ચાલે ॥
ગોવરધન નરક કુંડ ઘાલે ॥ વિશ્વકર્મા. ૫

પદ ભજન ૨ જું.

સુત્રધાર ગાવારે ગાવા । તારા મટાડી દેશે દાવા ॥
એવા દયાળુ છે માવા । સુત્રધાર ગાવારે ગાવા ॥ ૧
નિત્ય નિત્ય નિમ રાખી વીરા । અભ્યાસ કરો ધીરા ધીરા ॥
તેથી પ્રામો હરી સરખા હીરા ॥ સુત્રધાર. ૨

નિજ વૃત્તિ રાખીને ઠામ । હરી ગુણુ ગાવા ઘાલો હામ ॥
પડયાં મેલી વિષયનાં કામ ॥ સુત્રધાર. ૩
તું તો ઘરધંધામાં ગુંચાણો । નારી પ્રેમ પાસે બંધાણો ॥
માને ઉદર શે નાખ્યો પહાણો ॥ સુત્રધાર. ૪
અલ્યા મુંઢ વરધ કુળે આવ્યો । ફાંફાં મારી કાંઇ નવ ફાવ્યો ॥
ખોઇ પુન્ય જાશે જરૂર વાહાયો ॥ સુત્રધાર. ૫
આ ભવનો ફેરો ભુલ્યો ભુંડા । ન ઓળખ્યા વિશ્વપતિ લુંડા ॥
વેપાર ગોવરધન કીધા કુડા ॥ સુત્રધાર. ૬

પદ ભજન ૩ જું.

મનુષ્ય દેહ ખોયોરે ખોયો । હીણી કમાઇ કમાયો ॥
ભુલી ભાન ગયો તું વાયો । મનુષ્ય દેહ ખોયોરે ખોયો ॥ ૧
પેટભર્યા પાખંડમાં પડીયો । કામ ક્રોધ આવી તને નડીયો ॥
અભીમાને નિશદીન ગડગડીયો ॥ મનુષ્ય. ૨
હીરા જેવું રત્ન આવ્યું હાથે । તેને નાખ્યું કચરાની સાથે ॥
હાથે કરી બનીયો અનાથ ॥ મનુષ્ય. ૩
સોનુ મેલી લોઢાને વોરે । નારીશું નેહ કરી ઘોરે ॥
આવી જમના દુતો દોરે ॥ મનુષ્ય. ૪
નરક કુંડ દુરગંધી ભરીયા । અંતે તેમાં જઇને પડીયા ॥
પસ્તાવા પછી બહુ કરીયા ॥ મનુષ્ય. ૫
હવે વિશ્વકરમા ભજુ નિત્યે । કાઢો બહાર ચાલું સત્ય રીત્યે ॥
ગોવરધન પ્રભુ ભજુ પ્રીતે ॥ મનુષ્ય. ૬

પદ ભજન ૪ થું.

આવ્યો લાભ લેવારે લેવા । ખાધી ખોટા કીધા છે દેવા ॥
ન કીધી સતગુરૂની સેવા । આવ્યો લાભ લેવારે લેવા ॥ ૧

તીરથ વૃત કીધાં નહીં કાંઇ ।મદમાતો ભમીયો જ્યાંહી ત્યાંઇ ॥
પડયો ચોરાશી ફેરાની માંઇ ॥ આવ્યો લાભ. ૨
જરૂર જોખમ તેં ઝાઝું ખાધું । પુરવનું પુન્ય ખોયું બાધું ॥
ન સેવ્યા સંત અને સાધુ ॥ આવ્યો લાભ. ૩
દેવાળું નિકળવાને બેઠું । દરીદ્ર તારા ઘરમાં પેઠું ॥
તોએ મન નવ બેઠું હેઠું ॥ આવ્યો લાભ. ૪
મુંઢ કોની શીખ તને નવ લાગે । હરીજનથી અળગો અ-
બગો ભાગે ॥
આંખ્યો ઉઘાડી તું નવ જાગે ॥ આવ્યો લાભ. ૫
તુ તુ કરતું તોરણે આવ્યું । મંડપમાં અંધારૂં કહાવ્યું ॥
ગોવરધન લુટારાને ફાવ્યું ॥ આવ્યો લાભ. ૬

પદ ૧ લું.

તમે વરધ કુળમાં જનમીયા શું ઉંઘો છો ।
ડહાપણમાં પડશે ધુળરે શું ઉંઘો છો ॥ ૧
નાત જાતમાં ધુમતા શું ઉંઘો છો ।
જેવો મલકાતો માતંગરે શું ઉંઘો છો ॥ ૨
જેણે વરધ રસ ચાખ્યો નહી શું ઉંઘો છો ।
પડશો ચોરાશી ખાણમાં શું ઉંઘો છો. ૩
કુટી કાષ્ટને જનમારો ગયો શું ઉંઘો છો ।
ન સાંભળી હરી કથાયરે શું ઉંઘો છો ॥ ૪
વિશ્વકરમા નિરખ્યા નહીં શું ઉંઘો છો ।
નવ કીધી પુજા સેવાયરે શું ઉંઘો છો ॥ ૫
જમ કીંકર આવી ઝાલશે શું ઉંઘો છો ।
ગોવરધન માનો શીખરે શું ઉંઘો છો ॥ ૬

પદ ૨ જું.

દેહ મનુષ્ય ધરીને શું કર્યું વિચારી જો ।
નવ સમજ્યો સારાસારરે વિચારી જો ॥ ૧
ઉત્તમ કુળમાં તું અવતર્યો વિચારી જો ।
કરે નિચતણાં નિત્ય કર્મરે વિચારી જો ॥ ૨
ન સમર્યો ગુરૂ વરધને વિચારી જો ।
નવ કીધાં સંધ્યા સ્નાનરે વિચારી જો ॥ ૩
હરીકથામાં બેઠો નહીં વિચારી જો ।
નવ દરશન કીધાં દેવનાં વિચારી જો ॥ ૪
તારા મનના મેલ ગયા નહીં વિચારી જો ।
કરતો નિંદા નીશદીનરે વિચારી જો ॥ ૫
પાપથી પેટ ભરે સદા વિચારી જો ।
ગોવરધન હરી ગાયા નહીં વિચારી જો ॥ ૬

પદ ૩ જું.

પરનારીશું તું મોહી રહ્યો ઓ મુંઢમતી ।
તને જરા ન આવી લાજરે ઓ મુંઢમતી ॥ ૧
વેશ્યા ગાન સુણે ઘણાં ઓ મુંઢમતી ।
નાટક જોવા તૈયારરે ઓ મુંઢમતી ॥ ૨
ખેલ જુવારીના રમે તું મુંઢમતી ।
પઇસાને કરે ખુવારરે તું મુંઢમતી ॥ ૩
પરમારથ ખરચે નહીં તું મુંઢમતી ।
ન કરે વીપ્રને દાનરે તું મુંઢમતી ॥ ૪
સુત્રધારને ભજે નહીં તું મુંઢમતી ।
ભુત વીર સાધવા જાયરે તું મુંઢમતી ॥ ૫

પાખંડી પૃથ્વી અવતર્યો તું મુંઢમતી ।
ગોવરધન ખતા ખાયરે તું મુંઢમતી ॥ ૬

પદ ૪ થું.

અલ્યા ઓળખને ઇષ્ટદેવને તું અણુસમજુ ।
ચવરશે દોડી ધાયરે તું અણુસણુજુ ॥ ૧
કલ્યાણુકારી એહ પ્રભુ તું અણુસમજુ ।
મોક્ષનું ધામ કહેવાયરે તું અણુસમજુ ॥ ૨
જુગ જેણે રચના કરી છે તું અણુસમજુ ।
જેની માયાનો નહીં પારરે તું અણુસમજુ ॥ ૩
એ અલક નિરંજન નાથજી તું અણુસમજુ ।
જેનું વેદ કરે છે ગાનરે તું અણુસમજુ ॥ ૪
આ અખીલ વિશ્વ વ્યાપી રહ્યો તું અણુસમજુ ।
છે ગુણુનિધી ગોવિંદરે તું અણુસમજુ ॥ ૫
એ ત્રિકાળ સાક્ષી નાથ છે તું અણુસમજુ ।
ગોવરધન વિશ્વકર્માયરે તું અણુસમજુ ॥ ૬

રાગ ગરબી પરજની દેશી.

વિશ્વકર્મા જગ અવતર્યારે કલ્યાણુ કરવા કાજે ।
તેને તજી અવર ભજે તને કેમ ન આવી લાજરે ॥
ઓ મુંઢમતી જન ॥
પરમ પુરૂષ તેને જાણુજેરે છે આત્મા અખંડ સ્વરૂપ ।
નિગમ ન ઇતી બોલતા જેનું વાણીમાં ન આવે રૂપરે ॥ ઓ.
ખટ શાસ્ત્ર વરણુવી હારીયાંરે હાર્યાં અઢાર પુરાણુ ।
રૂપ ગુણુ પામે નહીં શીવ સરખા જોગી સુજાણુરે ॥ ઓ.
વિધી પંચવદને ગાયછેરે પ્રભુના શુભ ગુણુગ્રામ ।
ભેદ ન પામે ભારથી નારદજી હાર્યા હામરે ॥ ઓ.

શેશ સહસ્ર વદનો વડેરે ગાયે હરીનાં ગીત ।
સનકાદીક દિગંબર રહ્યારે જેણે સંસારની છોડી પ્રીતરે ॥ એ.
જોગી મુની જોગ સાધીનેરે જુવે રૂદયની મોઝાર ।
નીશ્ચય કરે તત્વ એહનું એ તજીને સંસારરે ॥ એ.
તે પ્રભુ આવ્યા ભુતળેરે જનની ઉદર માંય ।
કરવા કલ્યાણ જક્તનું એતો વિરાજે ઇલોળા જ્યાંયરે ॥ એ.
નિરખી જોને નેત્રશુંરે પ્રીત કરીને આપ ।
પુરવનાં સુક્રિત જાગશે ટળશે ત્રિવિધી તાપરે ॥ એ.
મનમાં જાણે હું ઘણું ભણ્યોરે ભણીયો વેદપુરાણ ।
ખટ શાસ્ત્ર વાંચી વળ્યો પણ નવ જાણ્યો પુરૂષ પુરાણરે ॥ એ.
પોપટ રામનું નામ લેરે પાંજરે બેઠો આપ ।
વૃદ્ધ થઇ મરી જાય પણ નવ છુટે તેનાં પાપરે ॥ એ.
મૃગ કસ્તુરી નાભીમાંરે ખોળે છે ઠારોઠાર ।
ફાંફાં મારે એ જીવતા લગી એ ભુતળની મોઝારરે ॥ એ.
ગુરૂ વીના જ્ઞાન મળે નહીરે કર સદપાત્રની સેવ ।
અભ્યાસે એ ઓળખાવશે જે વિશ્વપ્રભુ અહમેવરે ॥ એ.
સતનો સંગી મારો નાથજીરે અસત્યે દુર પળાય ।
ગોવરધન વિશ્વનાથજી એ ભક્તિવડે ઓળખાયરે ॥ એ.

પદ ૨ જું રાગ ઉપરનો.

સંસાર સુખને માણવારે કરે અતિ ઉલાસ ।
દીન દીન મોહ વાધે ઘણો કરવાને લીલા વિલાસરે ॥
અજ્ઞાની પ્રાણી. ૧
તરંગ વિતરંગ ઉઠાવતોરે કરતો અનેક વિચાર ।
ઉરમી ઉપર ઉરમીઓ વહે છે ન આવે તેનો પારરે ॥ અ. ૨
દશ મળે વીશની આશ છેરે સતસહસ્રે ન આંક ।
લક્ષ મળે ત્યારે કોટી કેરી કરતો ભાંખરે ॥ અ. ૩

રાજ મળે તો સુખીયા થઇએરે એવી રાખે આશ ।
પરવશ કોણ પડી રહે ચક્રવાર્તિ પામુ અભીલાસરે ॥ અ. ૪
ઇંદ્રિના પદને પામીએરે ત્યારે ભાગે મુજ ભુખ ।
તોપણ તૃષ્ણા તુટે નહીં જેમ મોટા તેમ ઘણું દુખરે ॥ અ. ૫
સમજ્યા વીના શાંતી નહીંરે કોટી કલ્પ વહી જાય ।
આશાપાસ છુટે નહીં નહીં ઇંદ્રીયો વશ થાયરે ॥ અ. ૬
અહી મુખમાં હાથ ધરીનેરે જીવ્યાની રાખે છે આશ ।
વિષધર ડંશ મારશે આ દેહ થશે વિનાશરે ॥ અ. ૭
એવી માયારૂપી સર્પણીરે ડસીઓ સૌ સંસાર ।
ઝેરની લેહેરમાં ડોલતાં છે પ્રાણી જગત મોઝારરે ॥ અ. ૮
સદ મંત્રવાળો ગુરૂ મળેરે તવ ઝેર ઉતરે છે ઝટ ।
જીવન આપે સરવદા એ ટાળી માયાના પટરે ॥ અ. ૯
માટે સજ્જન સેવા કરોરે નિશદીન મારા વીર ।
મોક્ષ મારગ બતાવશે એ ટાળી દે અધીરરે ॥ અ. ૧૦
હરી રસ પાશે પ્રેમશુરે કરશે જીવન મુકત ।
ધીરે ધીરે એ બતાવશે જે મોક્ષમારગની જુકતરે ॥ અ. ૧૧
જગ કરતા ઓળખાવશેરે ઘટની માંહે જરૂર ।
બેસારી દેશે વૃત્તીઓ આત્મા સાથે હજુરરે ॥ અ. ૧૨
ફરી ન આવો ગરભમાંરે ના નડે માયાના પાસ ।
અજરા અમર સુખ પામશો એમ કહે ગોવરધનદાસરે ॥
અજ્ઞાની પ્રાણી. ૧૩

પદ રાગ ઘોળ લીલુડા વાંસની વાંસળી એ રાગ.

તું સરજ્યો વરધના કુળમાંરે તને કેમ નાવ્યું ભાન ।
જોને વિચારીને જાતડીરે તને કેમ નાવ્યું જ્ઞાન ॥ તું. ૧
શી આજ્ઞા છે તાતનીરે હઇયા ફુટયા અજાણ ।
ઉલટો ચાલે સમજ્યા વીનારે તેથી પામીશ હાણ ॥ તું. ૨

સંધ્યા ને સ્નાન કરે નહીંરે તજી સુત્ર શીખાય ।
રાતદીવસ ધંધો કરેરે વિશ્વકર્મા ન ગાય ॥ તું. ૩
ન પુજે વીપ્ર ને વરધનેરે વાલો કરે પરીવાર ।
માયાને વશ થયો મુરખોરે ન જપ્યા સુત્રધાર ॥ તું. ૪
ફાંસીમાં પડીઓ ફાતડોરે એળે ગયો અવતાર ।
પાપના ઓઘ ઘણા ભર્યારે તેં ન કર્યો કાંઈ વિચાર ॥ તું. ૫
લીલું ને સુકું જોયું નહીંરે ઉદર ભરવા ગુમાર ।
પરમારથમાં પાછો પડેરે સમર્યા નહીં સરજનહાર ॥ તું. ૬
સાઠ વરસની વય થઇરે ન નીરખ્યા વિશ્વકર્માય ।
ગોવરધન, માતુની કુખમાંરે જન્મ્યો થઇ સલ્લાય ॥ તું. ૭

પદ ૨ જું રાગ ઉપરનો.

કોમળ વાણી ઉચ્ચરીરે ભજવા પરિબ્રહ્મ ।
ટેક ધરીને ચાલવુંરે રાખીને શમદમ ॥ કોમળ વાણી. ૧
નિશદીન મન રાખવુંરે મનનો કરી લેવો તાર ।
ડંડ સ્થંભન કરી તેહનેરે ભજવા કીરતાર ॥ કોમળ. ૨
વીરામ વૃત્તી પમાડવારે જેમ સાગર નીર ।
કામક્રોધને જીતવારે શુદ્ધ રાખીને શરીર ॥ કોમળ. ૩
મદ મોહ ટાળી નાંખવારે સરપ કંચુકી પેર ।
પંચ વિષય પામર ગણીરે હરી રસની લો લેહેર ॥ કોમળ. ૪
દશનો તે રથ કરી બેસવું સત્ય રાખવો દંડ ।
પંચ ઓળખી ચાલવુંરે શું કરે લંપટ બંડ ॥ કોમળ. ૫
ત્રણને વશ નવ વરતવુંરે માયા નવ કરે બાદ ।
એવે સ્થળે વાસ કીજીએરે સદા રહે અલ્લાદ ॥ કોમળ. ૬
મનસા વાચા કર્મણા કરીરે કોઇ પાપ ન થાય ।
ગોવરધન પ્રસન્ન હશેરે તેને વિશ્વકર્માય ॥ કોમળ. ૭

પદ ૩ જું રાગ ઉપરનો.

ગહન ગતી મારા નાથનીરે તેને જોવી જરૂર ।
હદથી પારજ ઉતરીરે જઇ બેસો હજુર ॥ ગહન ગતી. ૧
નવ નડે ચોરને ચુગલારે નવ લુટે કોઇ માલ ।
સાથી લેવો નહીં કોઇનેરે એક વીના કૃપાળ ॥ ગહન. ૨
પરમ પુરૂષને મારગેરે સીધા ચાલ્યાજ જાઓ ।
દુઃખ પડે નહીં અંગમાંરે સુખીયા બહુ થાઓ ॥ ગહન ૩
ચરણકમળ સેવો સદારે ઉતરી ભવપાર ।
અચળ સુખ માણી રહોરે નવ પામો સંસાર ॥ ગહન. ૪
અમૃત પાન કરાવશેરે કરી આપ કૃપાય ।
પોતાનો કરી સ્થાપશેરે પ્રભુ વિશ્વ કરમાય ॥ ગહન. ૫
પાપ સકળ પ્રલય થશેરે પુન્યનો નહીં પાર ।
કુંદનવત થઈ બેસશોરે નીજ ભુવન મોઝાર ॥ ગહન. ૬
અનંત જુગ ટળી જશેરે જન્મ મરણની ઝાળ ।
ગોવરધન દુખ ભાગશેરે એવો જગકરતાર ॥ ગહન. ૭

પદ ૪ થું રાગ ઉપરનો.

પરમ પુરૂષની કૃપા વિનારે એ પદ નવરે પામાય ।
ગુરૂની કૃપા મેળવોરે કષ્ટ કરીને કાયા ॥ પરમ. ૧
નિંદ્રા તજી સદા જાગવુંરે ભજવા પરબ્રહ્મ રૂપ ।
લોક લાજને પરહરીરે ધ્યાન વિશ્વ સ્વરૂપ ॥ પરમ. ૨
આનંદ ઉરમાં રાખવોરે કલેશ કંકાસ દુર ।
ગુરૂ શીખ માની ચાલવુંરે અજ્ઞાંક્ષીત હજુર ॥ પરમ. ૩
શ્રવણ મનન કીરતન કરજોરે મન રાખીને સ્થીર ।
અભ્યાસે આવીને મળેરે વાલો મારો ગંભીર ॥ પરમ. ૪
ભક્તીને વશ છે ભુધરોરે રાખે જનની તે ટેક ।
દયા કરશે દયાળજીરે જાણી સાચો નેક ॥ પરમ. ૫

વિશ્વકર્માં હાથ ઝાલશેરે કૃપા કરી જરૂર ।
ગોવરધન તે પ્રાણીયારે સદા રહે છે હજુર ॥ પરમ. ૬

પદ ૧ લું.

હરી હરી કહેતાં તારૂં કાળજું કુટાય—એ રાગ.

વરધ નામ લેતાં તારૂં મન અકળાય ।
ભડકેલા ભુત સરખો ભીંતે ભટકાય ॥ તારૂ ટેક.
વિશ્વકર્મા બાપ મુકી અન્ય દેવ ધાય ।
કંઠી બાંધી ગુરૂ કરે મુકી પીતા માય ॥ તારૂં. ૧
ગાંજો ને તમાકુ પીવા ગુરૂ પાસે જાય ।
ઉપદેશમાં હેણાં કર્મ ગુરૂની શીક્ષાય ॥ તારૂં. ૨
ભગુવો વેશ જાણી ભુંડા મોહી જાય આપ ।
તીલક છાપો લેઇને કરે બીજો બાપ ॥ તારૂં. ૩
કુળધર્મ પડચો મુકી અન્ય ધરમે ધાય ।
અવળું સમજીને તું તો નરકે પળાય ॥ તારૂં. ૪
ગોવરધન સમજી તમે ગાઓ જુગદીશ ।
અધમ ઉધારણ વિશ્વકર્મા ઇશ ॥ તારૂં. ૫

પદ ૨ જું રાગ ઉપરનો.

અલ્યા સમજીને મુરખા તું તો શીદને અફળાય ।
સાચા ઇષ્ટ વિશ્વકર્મા બીજે શેને ધાય ॥ તું તો. ૧
વેદ જેનું વરણુન કરે શ્રુતી ગાયન ગાય ।
તેને મુકી મુરખા તું શીદને કુટાય ॥ તું તો. ૨
દેવી દેવલાંને પુજે મોક્ષ ગતી નોહોય ।
મોક્ષદાતા ભુતળમાં વિશ્વકર્મા જોય ॥ તું તો. ૩
સુત્રરૂપી દોરી રાખી પોતા કેરે હાથ ।
સકળ વિશ્વને નચાવે મારો નાથ ॥ તું તો. ૪

સઘળાં બ્રહ્માંડ જેના સુત્રમાં સમાયા ।
એક દ્રષ્ટી કરી બેઠ વિશ્વકર્મામાય ॥ તું તો. ૫
તેના કુળમાં જન્મીને ભુલ્યો ભમે મુંઢ ।
ગોવરધન ધામ જેનું અતી કાવે ગુઢ ॥ તું તો. ૬

પદ ૩ જું.

વાલે મારે આવી કીધો ઇલોળામાં વાસ ।
જગતનું કલ્યાણ કરવા ધરીયો હુલ્લાસ ॥ ઇલોળા. ૧
ભરથ ભોમી છે ઉત્તમ ક્ષેત્ર એહ ।
પરમારથ કારણ પોતે ધર્યો છે દેહ ॥ ઇલોળા. ૨
બ્રહ્મા વિસ્તુ શીવરૂપ જેનું સ્વરૂપ ।
ગજ સુત્રધારી એ છે બ્રહ્માંડનો ભુપ ॥ ઇલોળા. ૩
દેવ સકળ જેની કરે છે સેવાય ।
મોટા મોટા સિધમુની લાગે આવી પાય ॥ ઇલોળા. ૪
માથે મુગટ કાને કુંડળ મણીના છે હાર ।
સોના કેરાં વસ્ત્ર પેહેરી બેઠા સુત્રધાર ॥ ઇલોળા. ૫
આવે પુત્ર દરશન કરવા બહુ રાજી થાય ।
ગોવરધન એ સુત વઇકુંઠ પમાય ॥ ઇલોળા. ૬

પદ ૪ થું.

તર્જની ઝાલીને વાલો મારો કરતા ધ્યાન ।
જગતના જીવોને નિરખે ભગવાન ॥ વાલો મા. ૧
ઘટ ઘટ વ્યાપી રહ્યા છે સુત્રધાર ।
પાપ પુન્ય જોયા કરે જીવના સંસ્કાર ॥ વાલો મા. ૨
ડુંગરની ગુફામાં છે એકાંત અવાસ ।
સુત પ્રજા જોઇને કરે ઘણું હાસ ॥ વાલો મા. ૩
ચૌદ લોક વ્યાપી રહ્યા સૌનાં ભાગે દુઃખ ।
કામ રૂડાં કરી આપે ભાગે ભવની ભુખ ॥ વાલો. ૪

રાજા રંક પાચે પડે દેવ માગે માન ।
સરવેને સમભાવે રાખે છે ભગવાન ॥ વાલો મા. ૫
ગોવરધન વાલો મારો ભક્ત વશ્ય થાય ।
સકળ શાસ્ત્રોમાં એ પ્રભુજી ગવાય ॥ વાલો મા. ૬

ગરબો શીવજી સેહેરીયાના રાગનો.

તમે ઇલોળ ગઢના વાસી વરધ સ્વરૂપ છોરે ।
પ્રગટી સરવે શ્રષ્ટીને વાસી વરધ સ્વરૂપ છોરે ॥ ૧
આપે સચ્ચીદાનંદ મુરતી વરધ સ્વરૂપ છોરે ।
રાખો સકળ લોકમાં સુરતી વરધ સ્વરૂપ છોરે ॥ ૨
માયાપતી કહાવો બળવાન વરધ સ્વરૂપ છોરે ।
સ્ફાટીક મણીના સરખું વાન વરધ સ્વરૂપ છોરે ॥ ૩
કોટીક કલ્યાણ કેરૂં છે ધામ વરધ સ્વરૂપ છોરે ।
અખંડાનંદને નિષ્કામ વરધ સ્વરૂપ છોરે ॥ ૪
જેની કટાક્ષે કંપે છે કાળ વરધ સ્વરૂપ છોરે ।
નમે છે મોટેરા ભુપાળ વરધ સ્વરૂપ છોરે ॥ ૫
આપે જકતના કરતા કાવો વરધ સ્વરૂપ છોરે ।
હરીજનને આપો લાવો વરધ સ્વરૂપ છોરે ॥ ૬
કરતા નાના વીધનાં કામ વરધ સ્વરૂપ છોરે ।
સૌને રચી આપો શુભ ધામ વરધ સ્વરૂપ છોરે ॥ ૭
ભજતાં ભવની ભીડો ભાગો વરધ સ્વરૂપ છોરે ।
જનને માટે નીશદીન જાગો વરધ સ્વરૂપ છોરે ॥ ૮
સમરે તમને રૂદીયા માંય વરધ સ્વરૂપ છોરે ।
ધાઈ જાતા તેહને ધામ વરધ સ્વરૂપ છોરે ॥ ૯
નાના વિધ વર દોછો વરધ સ્વરૂપ છોરે ।
મનવાંછીતનાં ફળ આપો છો વરધ સ્વરૂપ છોરે ॥ ૧૦

જે કોઈ ભાવે ભક્તી કરશે વરધ સ્વરૂપ છોરે ।
ગોવરધન ભવસાગર તરશે વરધ સ્વરૂપ છોરે ॥ ૧૧

ગરબી ૧ લી.

પાવન પાવન પાવનરે ઇલોળા ઘઢ છે પાવન ॥ ટેક.
સુત્રધાર પ્રભુ ત્યાંહાં બીરાજે ।
ચૌદ લોકનો ખાવનરે ॥ ઇલોળા. ૧
ત્રણુ લોકનું તત્વ એ સ્થળ છે ।
નથી બીજું ત્રીભુવનરે ॥ ઇલોળા. ૨
મોક્ષનું ધામ એ પરવત કહાવે ।
વસ્યા માયા ભકત ચલાવનરે ॥ ઇલોળા. ૩
ગોવરધન શું વરણવું સ્થળ એ ।
મોટા મુની નીત્ય ગાવનરે ॥ ઇલોળા. ૪

ગરબી ૨ જી.

ગાઇલો ગાઇલો ગાઇલોરે સુત્રધારને મુખથી ગાઇલો ॥ ટેક.
અવસર તારો વીતીને જાશે ફરી ન આવે ભાઇલોરે ॥ સુ. ૧
તનમનથી વિશ્વકર્માને ભજવા ન ભજે તેતો બાઇલોરે ॥ સુ. ૨
ખટરસને તમે દુર કરીને હરીરસને તમે પાઇલોરે ॥ સુ. ૩
સગાસંબંધીની માયા તજીને એના ચરણમાં ધાઇલોરે ॥ સુ. ૪
ગોવરધન સકળ સંસાર બીજ એ નામને સહુ સાઇલોરે ॥
સુત્રધાર. ૫

ગરબી ૩ જી.

જાણુજે જાણુજે જાણુજેરે વિશ્વકર્મા પ્રભુને જાણુજે ॥ ટેક.
સંસાર સાગર પડયો તું આવી ।
હરીહરસને તું માણુજેરે ॥ વિશ્વકર્મા. ૧
માયાનું અંધારૂં તારા રૂદેથી કાઢી ।
જ્ઞાનરૂપી દીપક આણુજેરે ॥ વિશ્વકર્મા. ૨

અન્ય વરૂતી તારી દુર કરીને ।
હરી સાથ વૃત્તિ તાણજેરે ॥ વિશ્વકર્મા. ૩
લોભ લાલચ પડી મુકીને ।
સતસંગને પરમાણજેરે ॥ વિશ્વકર્મા. ૪
ગોવરધન શુદ્ધ બુદ્ધિ રાખીને ।
જ્ઞાન તુરંગ પલાણજેરે ॥ વિશ્વકર્મા. ૫

ગરબી ૪ થી.

તારશે તારશે તારશેરે ભવ વિશ્વકર્મા તને તારશે ॥ ટેક.

હરીભજન તું ભુલી ગયો છે ।
પણ જમના કીંકર ઘણું મારશેરે ॥ વિશ્વકર્મા. ૧
ધાઇ ધુતીને ધન ઘણુંજ મેળવે ।
સરવે પ્રભુજી મન ધારશેરે ॥ વિશ્વકર્મા. ૨
અંતકાળ વેળા જ્યારે આવીને પોકશે ।
કોણ તને છોડાવશેરે ॥ વિશ્વકર્મા. ૩
માત તાત સગું કુટુંબ કોઇ ન આવે ।
સરવે અરાંપરાં ભાગશેરે ॥ વિશ્વકર્મા. ૪
ગોવરધન કરી લોને તમે સહેભી ।
નરકના કુંડમાં રોળાવશેરે ॥ વિશ્વકર્મા. ૫

રાગ ધોળની દેશી.

આવો આવો વિશ્વકર્મા ભગવાન ।
વાટડીઓ તમારી જોઉં ગુણવાન ॥ આવો. ટેક.
રૂડી મુરતી આનંદી મને લાગે ।
દેખી મારી ભુખ તરસ ભાગે ॥ આવો આવો. ૧
મનોરથ માંડયો મારે દવારે ।
પધારોને વસુના કુમાર ॥ આવો આવો. ૨

શેરડીએ તો ફુલડાં વેરાવું ।
અતી રંગ સાથીઆ પુરાવું ॥ આવો આવો. ૩
ધજાઓ તો શેરીએ રોપાવું ।
અબીલ ને ગુલાલ ઉડાવું ॥ આવો આવો. ૪
મોતીનાં તોરણ બાંધું દ્વારે ।
રૂડો મંડપ કરૂં મારે બારે ॥ આવો આવો. ૫
સજ્જન સમાજનો મેળાવો ।
તેડી મારે તમશું લેવો છે લાવો ॥ આવો આવો. ૬
કંકુ કેશર ગારો ઘલાવું ।
વિધવિધની સુગંધી છંટાવું ॥ આવો આવો. ૭
રત્ન સિંહાસન સોવરાવું ।
વાલા મારા તે પર પધરાવું ॥ આવો આવો. ૮
પછી નાના વિધ પુજન કરવું ।
ફુલડાંની માળાઓ પહેરાવું ॥ આવો આવો. ૯
કસ્તુરી તીલક કરવાં મારે ।
વિવિધ ચોખા ચોડું સુત્રધારે ॥ આવો આવો. ૧૦
કરી થાળ આરતી ઉતારૂં ।
વારણાં લેઇ નેત્ર મારાં ઠારૂં ॥ આવો અવો. ૧૧
રૂડી મુરતી રૂદેમાં ઉતારૂં ।
અખંડ જોતી રૂપને હું ધારૂં ॥ આવો આવો. ૧૨
તમો આવે દુખ સકળ જાશે ।
મનવાંછીત મારાં કારજ થાશે ॥ આવો આવો. ૧૩
પરમ સુખ પામી લેઉ લાહાવો ।
ગોવરધન પ્રાણપતી આવો ॥ આવો આવો. ૧૪

ગરબી રાગ હીચનો.

નીત્ય ભજવા ક્ષિતિપતી નાથને જો ।
શિખ દેઉં છું સુત્રધાર સાથને જો ॥ નીત્ય. ૧

ભુવન ચૌદ જેના સુત્ર મધ્યમાં રહ્યાં જો ।
એવાં વેદમાં વચન વિધીએ કહ્યાં જો ॥ નીત્ય. ૨
જેના જુગમાં તે જશ ઘણા વ્યાપીયા જો ।
સરવે લોકને સુખી કરી થાપીયા જો ॥ નીત્ય. ૩
નાના વિધના વૈભોગ હરી આપતા જો ।
શેવક સરવેનાં સંકટ કાપતા જો ॥ નીત્ય. ૪
એક ચીતથી ભજે વરધ રૂપને જો ।
તજી માયાને પામે અરૂપને જો ॥ નીત્ય. ૫
નામ લેતાં જમદુત દુર જાય છે જો ।
સકળ મનોરથ તેના સીધ થાય છે જો ॥ નીત્ય. ૬
શીખ દેઉં છું સજ્જન સરવેને ઘણી જો ।
ગોવરધન ભકતી કરજો તે તણી જો ॥ નીત્ય. ૭

પદ ૨ જું રાગ ઉપરનો.

સઇયર ચાલો દરશન કરવા કારણે જો ।
વિશ્વકર્માને જાઉં હું વારણે જો ॥ સઇયર. ૧
કમળ વદન જોઇ સુખ ઘણું પામીએ જો ।
મુગટ કુંડળ દેખીને દુઃખ વામીએ જો ॥ સઇયર. ૨
અંબુજ નયન અતી રળીયામણાં જો ।
એવી મુરતીનાં લીજે ભામણાં જો ॥ સઇયર. ૩
ઉરહાર મણી અતી અનુપ છે જો ।
એતો ચૌદ બ્રહ્માંડનો ભુપ છે જો ॥ સઇયર. ૪
જરકશી જામા પેહેર્યા અંગમાં જો ।
બાજુબંધ બાંધ્યાં ઉમંગમાં જો ॥ સઇયર. ૫
વાલે પીળાં પીતાંબર પેહેરીઆં જો ।
ત્રણ લોક કેરાં મન જેણે હેરીયાં જો ॥ સઇયર. ૬
બેઠા વાલો હીંડોળા ઘઢ વિશે જો ।
પ્રેમી પ્રાણીઓ હશે તે ત્યાં જશે જો ॥ સઇયર. ૭

પદ ૩ જું.

કરો ભકિત ત્રિગુણાતીતની જો ।
સ્થિર વૃત્તિ રાખી નિજ ચિત્તની જો ॥ કરો. ૧
કાળ ક્રોધ તજો તજો માયા મુમતા જો ।
રખે ઉન્મત્ત થઇ જગ ઘુમતા જો ॥ કરો. ૨
ખટ ઉરમી ઉડવા દેવી નહીં જો ।
પરવૃત્તિને દુર કરવી સહી જો ॥ કરો. ૩
રાગ દ્વેષ ના લાવો તમે મનમાં જો ।
શાંતી સદા રાખી નિજ તનમાં જો ॥ કરો ૪
વિષય વાસના તે દુર કરી અંગમાં જો ।
સદવિચાર કરવા ઉમંગમાં જો ॥ કરો. ૫
તજી કુસંગને સતસંગમાં ભળી જો ।
દુષ્ટ બુદ્ધિ કરવી સરવે વેગળી જો ॥ કરો. ૬
સકળ સંસાર મિથ્યા જાણવો જો ।
ગોવરધન હરીરસ માણવો જો ॥ કરો. ૭

પદ ૪ થું.

એક સાચા પ્રભુ સુત્રધાર છે જો ।
બીજો મીથ્યા માયા સંસાર છે જો ॥ એક. ૧
અનેક વાર અવતાર ધર્યા છે જકતમાં જો ।
ફર્યો ચોરાશી લક્ષ અવ્યકતમાં જો ॥ એક. ૨
પાર પામ્યો નહીં તું પ્રાણીયા જો ।
વિશય ભોગ ઘણા તેં માણીયા જો ॥ એક. ૩
અહ્યા જુઠી બાજીમાં હારી ગયો જો ।
પુર્વ પુન્ય પરવારી નાગો થયો જો ॥ એક. ૪
અહ્યા પાપના ઓઘ ભર્યા સામટા જો ।
કાંઇ સમજ્યો નહીં ચોર ભામટા જો ॥ એક. ૫

ચાર ખાણુમાં ભમી થયો આકળો જો ।
સદ પાત્ર ગુરૂ તને નવ મળ્યો જો ॥ એક ૬
ગોવરધન પલ્લો પકડ વિશ્વનાથ જો ।
આરો પામીશ માયા ઘાટનો જો ॥ એક ૭

પદ ૧ લું રાગ કાફી.

વિશ્વકર્મા પ્રભુનેરે ભજવા ભાવ કરી ।
નિત્ય નિત્ય નવલારે અંતર પ્રેમ ધરી ॥ ટેક.
ત્રણ લોકનું તત્વ કહાવે મોક્ષ તણું એ ધામ ।
પરમ પુરૂષ જેને વેદ કહે છે અખંડ છે અકામ ॥
નામ જેણે જાંણ્યુંરે તેની વૃત્તિ જાણો ખરી । વિ. ૧
શાસ્ત્ર જેને ઓંકાર કહે છે અજન્મા ભગવાન ।
પંચ વદન ચતુર ભુજા શોભે મોતી સમ છે વાન ॥
ગાન તેનું કરવુંરે જાંણી ઇષ્ટદેવ હરી । વિ. ૨
ગજસુત્ર જેણે કરમાં ધર્યા છે આપે અભય વરદાન ।
પુસ્તક જ્ઞાન સુત્ર ભુજ શોભે મુનીવર માગે માન ॥
ધ્યાન તેનું ધરવુંરે કરી પરવૃત્તિ પરી । વિ. ૩
જેણે સકળ બ્રહ્માંડ રચ્યાં છે ગતિ તણો નહીં પાર ।
દેવ સર્વે મોહ પામીને વખાણે વારંવાર ॥
ગોવરધન કહે છેરે ભકતી એતો બેસે ઠરી । વિ. ૪

પદ ૨ જું રાગ કાફી.

સરવે સુત્ર ધારોરે ભકતી કરો ઇષ્ટ માની ।
થશે સુખ શાંતીરે રખે કાઢો પાછી પાની ॥ ટેક.
તન મન ધન અરપીને ભજવા વિશ્વકર્મા ભગવાન ॥
પાપ સકળ તેનાં ટળી જશે વળશે દેહનાં વાન ।
માન મળે મોટાંરે જગ હરીજન જાંણી ॥ સરવે ૧

નાશહીન ઇષ્ટને રૂદેમાં રાખી કરવાં સરવે કામ ।
દીન દયાળ તેને પ્રસન રહેશે એ છે પુરણ કામ ।
હામ આપે ઝાઝીરે કદી નવ થાય હાની ॥ સરવે ૨
હરનીશ કથા તેની સાંભળવી ગાવા તેના ગુણ ગ્રામ ।
કીરતન કરવાં તે રૂપનાં બેસી પોતાતણે ધામ ।
કામ રૂડાં પામોરે તજી ચોરાશી ખાણ ॥ સરવે ૩
પ્રાણ સમાન તેને જાણે વાલોજી રાખે પોતાની પાસ ।
જન્મ મરણ તેનાં મટાડી દેઇને પુરે સઘળી આસ ।
વાસ રૂડો આપેરે ગોવરધન એ એધાણી ॥ સરવે ૪

પદ ૩ જું.

કરમ જેનાં કાચ્યાંરે ભજ્યા નહીં સુત્રધાર ।
પાપમાં પીડાશેરે ખાશે જમના માર ॥ ટેક.

મુરખ મનમાં એમ જાણે છે કયાં છે જુગદાધાર ।
મારાં કરમ કોણ જાણનારો છે નથી ભાળતો કીરતાર ॥
સારવાર મારીરે કોણ બીજો છે કરનાર ॥ કરમ ૧
એમ જાણીને ફરે મદમાતો માયામાં થઇ અંધ ॥
મારૂં મારૂં કરી મુરખ ઘુમે છે ન રાખે હરીશું સંબંધ ॥
વ્યંહ એને જાણોરે પુન્ય પ્રલય કરનાર ॥ કરમ ૨
રાત દીવસ ઘરધંધામાં રહે છે નથી નવરો લગાર ॥
હરીકથામાં કઇ વેળા આવું મુકી સુનું ઘરબાર ।
ભાર મારે માથેરે નથી બીજો પરો કરનાર ॥ કરમ. ૩
આયુષ્ય સરવે એમ ગુમાવે મરવા તતપર થાય ।
આશાના પાસ તેને વળગે વધારે ઘણા ઘણુ ઘોડા ધાય ।
કાયા તેની કંપેરે ગોવરધન હસે કીરતાર ॥ કરમ. ૪

પદ ૪ થું.

વાલો વસે ઘટમાંરે કરમ સરવે જોયા કરે।
શાક્ષી રૂપ શાણોરે બોલ સૌના કાને ધરે ॥ ટેક.
રૂદય કમળમાં ચાર પાંખડીનું કમળ કહાવે એક।
પદમાસન વાળી બેઠા પ્રભુજી ધરી પોતાનો ટેક ॥
નિરંજન જેને વેદ કહે છે રે રહે છે સરવેથી પરે ॥ વા. ૧
આદિ અંત સુધી રહે છે આ દેહ કેરી માંહે।
ક્ષણું એક અળગો નવ રહે ન જાય ને આવે કયાંહે ॥
વાલો મારો એવોરે અજ્ઞાની ભમતો ફરે ॥ વા. ૨
માયાની અંધારી બાંધી તેમાં ન ભાળે કીરતાર।
ગોથાં ખાએ ભવસાગરમાં જન્મે વારંવાર।
મુંઢમતી એતોરે શીક્ષા શાની ધરે ॥ વા. ૩
પુરવ વચન પર તેને નથી શ્રદ્ધા લગાર।
હરી વિમુખ એ ઉલટો ચાલે ન સમરે સુત્રધાર ॥
ગોવરધન દુઃખ તેનાંરે આ ચૌદ લોકે કોણ હરે ॥ વા. ૪

પદ ૫ મું.

સદપાત્ર જાણી સેવોરે જ્ઞાન તે થકી પામો।
આ ભવસાગરનાં દુખડાંરે સેવા થકી સહુ વામો ॥ ટેક.
સદપાત્ર તો કોને કહીએ નથી કાંઇ નિશાન।
શી એંધાણીએ ઓળખવો તેને નથી વપુ બીજું વાન ॥
સજ્જન સોધવાનેરે કરોને તમે ઉધામો ॥ સદપાત્ર. ૧
જેના મુખમાં સદા વહે છે વિશ્વંકર્મા મહીમાય।
ક્રોધ રહીત સદા શાંતીવાળો પવીત્ર જેની કાય ॥
શાસ્ત્રનો અભ્યાસીરે સદાકાળ સમરે નામો ॥ સદપાત્ર ૨
નિરલોભી ને દયાવંત પરઉપકારી દેહ।
ક્ષમા સમતા જેના અંગમાં અક્રોધી છે જેહ ॥

મારૂં તારૂં ત્યાગીનેરે ફરે એતો ઠામોઠામ ॥ સદપાત્ર. ૩
નિશદીન હરી સેવામાં તતબર પાળીને નિજ ધર્મ ।
કાયા વાચા મનસાવડે એ હીંસાનાં ન કરે કર્મ ॥
ગોવરધન કર જોડીરે ઉભો રહે તે સામો ॥ સદપાત્ર. ૪

પદ ૬ ઠું.

એવા સદગુરૂ સેવોરે તેથી જગકરતા મળશે ।
જ્ઞાન આપી રૂંડુરે તન અજ્ઞાન હરશે ॥ ટેક.
શાસ્ત્ર પુરાણમાં હરીરસ ગાયો તે બતાવે ગુરૂ આપ ।
નિવારણ મંત્ર ઉપદેશ કરીને મુકત કરે સહુ પાપ ॥
જમ કીંકરનો મારરે ગુરૂ મારો હેતે હરશે ॥ એવા. ૧
સંગ કરી સદપાત્ર કેરો સમજો સારાસાર ।
ભવસાગરમાં બુડતાં તરશો રૂડો વધે વેહેવાર ॥
જનમ મરણ જાશેરે જઇ નિજ ઠામે ઠરશો ॥ એવા. ૨
રાગ દ્વેષ તેના દુર કરે ગુરૂ કૃપાવંત જ્યારે થાય ।
પલકમાં ભવપાર ઉતારે ઓળખાવે જગ કરતાય ॥
ભક્તી ભાવ વાધેરે રૂપમાં તો રૂપ ભળશે ॥ એવા. ૩
ફરી ગરભ વાસ ન આવે મટે ચોરાશી ફેરો ।
વધકુંઠમાં જઇ વાસ કરે છે મધ્યમાં તાણી દેરો ॥
ગોવરધન ગુરૂ એવારે તારે ને પોતે તરશે ॥ એવા. ૪

પદ ૭ મું.

શેવી ગુરૂ ચર્ણરે ભજો વિશ્વકર્મા હરી ।
આપદાઓ જાશેરે સુખ શાંતી બેસો ઠરી ॥ ટેક.
ધર્મ પોતાનો સાચવીને કરવાં સઘળાં કામ ।
પ્રાણ ગયે ચળવું નહીં ભાઇ રાખો મનમાં હામ ॥
સરવે તેને મળશેરે ધર્મ ઉપર દ્રષ્ટી કરી ॥ શેવી. ૧
ધર્મ મુકીને ધંધો કરે મનવાંછીત નવ થાય ।

પાર પડે નહીં અધવચ રાખે સરવે વણસી જાય ॥
વીમાસણુ તેનેરે ઝાઝું આવે ફરી ફરી ॥ શેવી. ૨
કરમ સંજોગે ધન મળે પણ ભકતી વીના સર્વે સુન્ય ।
અપુત્રવંત પ્રભુ તેને કરશે ન હાથે થાએ પુન્ય ॥
પરાએ ઘેર જાશેરે મેહેનત તેની મીથ્યા કરી ॥ શેવી. ૩
વિશ્વકર્માનું ભજન કરે નહીં જોડે ધન અપાર ।
કબુદ્ધીવાળી પ્રજા ઉપજે કે ખાએ સરવે ધુતાર ॥
અગની ચોર રાયરે ગોવરધન લેશે હરી ॥ શેવી. ૪

પદ ૮ મું.

જગગુરૂ કેવારે આચરણ તેનાં કહું ।
કરે તેની શેવારે મુરખને તો શું કહું ॥ ટેક.
કાંતો કુભારજા નાર મળે ને તેથી કાયર થાય ।
નિરધન થઇ અન નવ મળે કે ઉધમ ન કરે કાય ॥
મુડાવી બાવોરે પછી વેશ કરે બહુ ॥ જગ૰ ૧
બાંધી મંદીર પ્રભુ પધરાવે જન આવે દરશન કાજ ।
ગાંજો તમાકુ ભાંગ ઘુંટીને ભેગો કરે સમાજ ॥
મદમાતા પીને થાએરે બાવાજીને નમે સહુ ॥ જગ૰ ૨
ફરે ગામમાં આટો માગવા ઘેર ઘેર રમાડે બાળ ।
મહારાજ કહીને સરવે બોલાવે મોહીત કરે ઘર નાર ॥
અલમસ્ત રહે છેરે ચિત નવ કરે કહ્યું ॥ જગ૰ ૩
પરનારીનું હરણુ કરીને પછી થાય ઘરબારી ।
અવળા અવળા ઉપદેશ કરીને ઢુંગ દેખાડે ભારી ॥
ગોવરધન એવારે જગમાં ગુરૂ બહુ લહુ ॥ જગ૰ ૪

શ્રી વિશ્વકર્મા મહાપ્રભુના જન્મચરીત્રની કથા ॥

આ કથા સરવે સુતારોએ મહા સુદ ૧૩ ને દીવસે પોતાના ઇષ્ટની જન્મતીથી જાણી અણુંજો પાળી તે દી-

વશે આનંદ ઉચ્છવ કરવો. નાના વીધ રસોઇ મીષ્ટાન્ન કરી સરવે ભાઈ એકઠા મળી જમવું ને મધ્ય રાત્રીએ ભગવાનના જન્મ સમયે ઉચ્છવ કરવો ને આ કથા બ્રાહ્મણને બોલાવી સરવે ભાઇઓને ભેગા મળી વંચાવી સંભળાવવી. ॥

રાગ ઘોળ.

સરવે સજ્જન સાંભળો ભાવથી કહું વરધ જનમ કથાય ॥
બલીહારી મારા નાથને ॥ ટેક.

ધરમ ભુવન અષ્ટ વશુ પુત્ર છે ।
તેમાં હુતાશન નામ કહેવાય ॥ બલીહારી. ૧
પરણ્યા આંગીરસી સતી નારને ।
આવ્યા નિજ પિતાની પાસ ॥ બલીહારી. ૨
સુત વધુએ ચરણે શિશ નામીયાં ।
આશીશ પીતા દો પ્રકાશ ॥ બલીહારા. ૩
નરનારી તમ આજ્ઞા પાળીએ ।
સેવા તન મનથી કરવી સનાથ ॥ બલીહારી. ૪
તવ ધરમરાય એમ બોલીયા ।
તમે દંપતિ સુણો મારી વાત ॥ બલીહારી. ૫
જાઓ ભૂતળ તપ કરવા કારણે ।
આરાધોને પંચ વદન ॥ બલીહારી. ૬
તમ કુખે અવતરશે મારો વાલમો ।
કરવા બ્રહ્માંડને પાવન ॥ બલીહારી. ૭
શીશ આજ્ઞા ચડાવી નીજ તાતની ।
કરી પ્રદક્ષણા લાગ્યાં પાય ॥ બલીહારી. ૮
ધરમપુરીથી ભુતળ આવીયાં ।
જેના અંગે ઉલટ નવ માય ॥ બલીહારી. ૯

શોધ્યું પાવન સ્થળ અવની વિશે ।
દીઠો છલોળ ગઢ પાવન ॥ બલીહારી. ૧૦
રમણીક વન દીસે રળીયામણું ।
સુગંધીનો સદા છે પવન ॥ બલીહારી. ૧૧
બેઠા આસન વાળી વસુ ત્યાંહાં ।
સેવા કરે છે સતી નાર ॥ બલીહારી. ૧૨
મંત્ર નિવારણુ જપે ધ્યાનમાં ।
જોતીરૂપ જુવે જુગદાધાર ॥ બલીહારી. ૧૩
ધરમ સુત ધ્યાનમાં લય પામીયા ।
સતી ભજન કરે છે દીનરાત ॥ બલીહારી. ૧૪
ત્રિકાળ શેવા સ્વામીની આચરે ।
ભિતી ધરે નહીં કોની મન સાથ ॥ બલીહારી. ૧૫
ભક્તી કરે છે ભાવે ભગવાનની ।
સનમુખ મુરતી છે નિજ નાથ ॥ બલીહારી. ૧૬
વર્સ ઘણાં વિતી ગયાં છે તેમને ।
ધ્યાન ભકતી કરતાં નિષ્પાપ ॥ બલીહારી. ૧૭
તપ તેજ પ્રગટ થયાં અંગમાં ।
જળ અહાર નારી તજી છે આપ ॥ બલીહારી. ૧૮
પતિવૃત પાળે આત પ્રેમથી ।
ભકતી કરે છે વિશ્વકર્માય. ॥ બલીહારી. ૧૯
છત્રી હજાર વરસ વીતિ ગયાં ।
સુકા કાષ્ટ વત થઇ કાય ॥ બલીહારી. ૨૦
દેવ મુનીવર જોઇ મોહ પામીયા ।
ધન્ય ધન્ય દંપતિ અવતાર ॥ બલીહારી. ૨૧
કાયા કષ્ટી કરી છે અતી ઘણી ।
ત્યારે પ્રશન થયા સુત્રધાર ॥ બલીહારી. ૨૨

વલણ.

પ્રસન્ન થયા છે નાથજી વસુ તપ જોઈ અપાર ।
ગોવરધન પ્રભુ પ્રગટીયા જ્યાંહાં બેઠા ધર્મકુમાર ૨૩

ત્રોટક છંદની દેશી.

વસુના તપથી તવ પ્રગટ થયા ।
સનમૂખ હરી સુખકારી રહ્યા ॥
વિભુરૂપ અપાર દિશે તનનું ।
નિત તીમીર આપ હરે મનનું ॥ ૧
અતિ તેજ વિશાળ હરીવરનું ।
મદ મોહ નિવારણ નીજ તનું ॥
શણુધાર શુશોભિત આપ તણા ।
ઝળકે લળકે મુગટ્ટ નમણા ॥ ૨
કરણે મકરાકૃત કુંડળ છે ।
શુભ શોભિત ભાલ વિશાળ દિશે ॥
દુખહારી મનોહર અંબુજ છે ।
સુખ સિંધુ શુધાકર મૂખ દિશે ॥ ૩
મણિમાલ ગળુબંધ કંઠધરી ।
બહુ ફુલની માળ સુગંધ ભરી ॥
પટપીત પિતાંબર અંગ ધર્યાં ।
રશીએજી મુખ તાંબોળ ભર્યા ॥ ૪
કર સાંકળ વીંટી સુવર્ણ તણી ।
નખ શોભિત દીસત ચંદ મણી ॥
રૂપે દેખિ અનંગ બહુ લજીઓ ।
હરી તેજથી ભાનુ કળા તજીઓ ॥ ૫
શશિને ક્ષય રોગ થયો તનમાં ।
સુર ભૂપતિ ક્ષોભ થયા મનમાં ॥

અતિ રૂપ રસાળ વિશાળ દિશે ।
દશ દીશ ઉજેશ ઘણોજ નિશે ॥ ૬
ભુજ આયુધ શોભિત ચાર રહ્યાં ।
ગજ સુત્ર કમંડળ માળ ધર્યા ॥
મુખ હાસ વિનોદ કર્તી શું કરે ।
વર વાહન હંસનું કીધું ખરે ॥ ૭
સનમૂખ રહી તવ ઇશ કહે ।
શુભ વાણી મુખેથી હરીજ લહે ॥
વર આપું ધર્મસુત હું તમને ।
તપ ત્યાગ કરી નિરખો મુજને ॥ ૮
મન ઇચ્છિત તન દુખ દુર કરી ।
મુખથી વદિયા કર શિશ ધરી ॥
વચનો સુણિને ધર્મસુતુ તદા ।
નયને નિરખી ટળી ગઇ અપદા ॥ ૯
થયું તેજ વપુ ધર્મ સુત તણું ।
અગનીવત દીસે તેજ ઘણું ॥
હરખ્યા નિજ ઇષ્ટ દેખી મનમાં ।
ગયું દુઃખ પ્રફુલ્લિત થયું તનમાં ॥ ૧૦

વલણ.

નમન કરી નિજ ઇષ્ટને ઉઠયા ધરમ કુમાર ।
કરજોડી સ્તુતી કરે સનમુખ સુત્રધાર ॥ ૧

છંદ મનહરની દેશી.

સનમુખ ઉભા ઇષ્ટ નિજ નિષ્ટ સ્થીર કરી ।
સ્તુતિ કરે હુતાશન વેદ વાણી ઉચરી ॥
તમો ત્રિગુણ રૂપ ભુપ અખંડ સ્વરૂપ કહું ।
નિજાનંદ આનંદ સ્વરૂપ આપનું લહું ॥ ૧

મુનીજન કરી ધ્યાન સદા રૂદે વિશે ધરે ।
મુરતી આનંદકારી ચૌદ લોક વિચરે ॥
સત ચિત આનંદનું ધામનામ રૂડું કહાવે ।
નિરંજન દ્રષ્ટી કોઇનીમાં નવ આવે ॥ ૨

જોતીરૂપ ભુપ આપ સદા કાવો નિષ્પાપ ।
અખંડ આનંદ પ્રભુ ત્રિવિધના કાપો તાપ ॥
ગુણાતિત અતિત અચ્યુત નામ આપનું છે ।
ગુઢ ધામ બ્રહ્માંડમાં તમારૂં અમાપનું છે ॥ ૩

પતી માયા ગતિ ગુઢ પાર પામે કોઇ નહીં ।
અંતરને બહાર સદાકાળ ગતિ તમ રહી ॥
સગુણને નિરગુણ વેદ વાણી ઉચરે છે ।
તમ આજ્ઞાથી માયા સરવેમાં વીચરે છે ॥ ૪

અપાર અનંત જીવ માયા ચક્ર ભમ્યા કરે ।
પાર પામે નહીં જીવ ઘણી ચોની વીચરે ॥
તમ કૃપા વીન પ્રભુ કોઇ પદ પામે નહીં ।
અજ્ઞાનરૂપ માયા ફંદમાં ફરે છે મહીં ॥ ૫

જ્ઞાન પામવાને માટે ઘણાં ગોથાં ખાએ જીવ ।
તમ કૃપા વીના કેમ કરી જીવ થાય શીવ ॥
ગુરૂ વીના ભક્તી ક્યાંથી ભક્તી વીના જ્ઞાન ક્યાંથી ।
જ્ઞાન વિના વઇરાગન ઘણા જીવ મરે મથી ॥ ૬
ગુરૂ કરી જ્ઞાન પામે સંસારનું દુઃખ વામે ।
કાળ શીર પગ દેઇ સુખે નિજ જાએ ધામ ॥
ભકતી કરતાં ભુલે કદી અધવચ પાછો પડે ।
તેના પર રાખો દ્રષ્ટી ફરીને તે પદું ચડે ॥ ૭
દયાનિધી દયાળુ છો દયા કેરૂં પાત્ર કાવો ।
ભકતી કરે જીવ કોઇ સનમુખ નિત્ય આવો ॥

એવા કૃપાનિધી આપ અમ તણા ટાળો તાપ ।
જગત ઉદ્ધારવાને દ્વારે મારે આવો આપ ॥ ૮
એવો વર માગું આપ કુળ કરો નિષ્પાપ ।
ત્રણ લોક તારણ છો જગતના કાવો બાપ ॥
નમી નમી પાએ લાગે જાણી નીજ ઇષ્ટદેવ ।
ગોવરધન વસુને ત્યાં વર મળ્યો તતખેવ ॥ ૯

વલણ.

વસુ વિરામ પામ્યા તદા ઉઠયાં જનની તતકાળ ।
સ્તવન વિશ્વકર્મા તણું કરતાં વારંવાર ॥ ૧૦

છંદ ભુજંગીની દેશી.

અહો દેવના દેવ આનંદકારી ।
કરૂણાપતી છો જગના વીહારી ॥
ભમે જીવ ઝાઝા ભુમી વ્યોમ માંહે ।
નથી પામતા સુખ ભમે જ્યાંહ ત્યાંહે ॥ ૧
પુઠે કાળ ઘુમી રહે દીન રાત ।
ફરે ભીતી પામીજ ભુમી અઘાત ॥
શરણ શોધ કરતો જત્ન ઘણેરા ।
નથી પામતો પાદ તે જીવ તેરા ॥ ૨
કરે પામવા ઉધમો નિજ ઇષ્ટ ।
પુરવ પાપનાં આવી મળે અરીષ્ટ ॥
ભિતી કાળની ધારતો મન માંહે ।
મરે ને અવતરે વળી ભુમી માંહે ॥ ૩
અનંતો અનંતા જુગો વીતી જાય ।
તમારા પદે તે થકી ન પળાય ॥
કૃપા દ્રિષ્ટ આપે થાઓ જુક્ત સ્વામી ।
તવે જીવનાં દુઃખ જાય છે વામી ॥ ૪

થઇ નિરભે વિચરે ભોમી માંહે ।
શીરે કાળના પાય મુકે છે ત્યાંહે ॥
તરી પાર ને પાદ પામે તમારૂં ।
ન બોલાય તેને કોના થકી વારૂ ॥ ૫
તમે નાથજી દીનબંધુ દયાળુ ।
તમારી કૃપાથી સરવ પાપ ટાળું ॥
પતીવૃત્ત નારી ભજે નિજ નાથ ।
બીજું શર્ણું ના લે કદી એ સનાથ ॥ ૬
પ્રભુજી ઇષ્ટને ભક્તિ કીધી તમારી ।
પ્રભુ વિશ્વકર્મા પુરો આશ મારી ॥
કરી કામના જેહ કારણ માટે ।
કૃપાવંત થઇ મમ ટાળો ઉચાટ ॥ ૭
રૂડા સુત એ માગવો સુત્રધાર ।
તમો સમ પામું હું રૂડા કુમાર ॥
પરીપુર્ણ ભકતી સદા દીન રાત ।
નથી અન્યની આશ મારે સનાથ ॥ ૮

વલણ.

વરદાન માગે અંગીરશી કરજોડી વારંવાર ।
ગોવરધન વર આપીઓ બોલો જય જયકાર ॥ ૯

રાગ ચોપાઈ ત્રણ તાળની.

બોલ્યા વરધ પુરૂષ તેણીવાર । સાંભળોને ધર્મ કુમાર ॥
હું અજન્મા ઓંકારરૂપ । કહે છે સકળ સંસાર અનુપ ॥ ૧
વેદ મુજને અજન્મા કહે છે । બ્રહ્મરૂપ વિશેષણ લહે છે ॥
નથી ધર્યો ઉદર અવતાર । એવો મારો છે વેહેવાર ॥ ૨
પણ ભકતી તમારી જોઇ । તપ આવું ન કરે કોઇ ॥
પતિવ્રત ધર્મને પાળી । અન જળ મુકયાં છે તમે ટાળી ॥ ૩

વર આપ્યો પ્રસન્ન થઇ આપ । ટાળીશ તમારા સંતાપ ॥
એમ કહી હંસની કરી સ્વારી।અંતર્ધાન થયા દેવ મોરારી॥ ૪
ઉઠયાં દંપતી તેણીવાર । ગયાં પીતા ભુવન મોઝાર ॥
સુત વધુ તપ કરી આવે। ધરમના મન ઘણું એક ભાવે ॥ ૫
કરી સામઇયું વધાવી લીધાં । વસવાને ભુવન રૂડાં દીધાં ॥
માંડયો ગૃહસ્થાશ્રમ તેણીવાર । પતીવૃત્ત પાળે છે નાર ॥ ૬
ઘણા દીન વીતીને ગયા । પછી પ્રભુજી ત્રસ્માન થયા ॥
વસુ રૂદેમાં વાસજ કીધો । સુત થવા મનસુબો લીધો ॥ ૭
માતુ ઉદરે કીધો વાસ । પુરવાને જગતની આશ ॥
વાયુ રૂપે ગરભમાં વાસ । હરી માયા ગોવરધન દાસ ॥ ૮

રાગ ધોળની દેશી.

ગરભરૂપ પરબ્રહ્મ થયાને આનંદ અંગ નવ માયજી ।
તેજ વધે છે અંગ કેરૂં તેની શોભા કહી નવ જાય ॥ આ. ૧
દીન દીન પ્રતાપ અતી ઘણો છે કાંતી જળહળકારજી ।
આનંદ મગ્નમાં ડોલી રહ્યાંછે માતુ શોભા અપરંપાર ॥ આ. ૨
પંચ માસની રક્ષા બાંધી છઠે સાતે શ્રીમંત સંસ્કારજી ।
વીપ્ર ભોજન ઘણાં ધરમે કરાવ્યાં તેડી પોતાને દ્વાર ॥ આ. ૩
આઠ માસ જ્યારે પુરા થયા ત્યારે ડોલે બ્રહ્માનંદ માંહેજી ।
અંતર બહાર હરી દેખે છે ભુતળમાં જ્યાંય ત્યાંહે ॥ આ. ૪
નિજ રૂપ તો ભુલી ગયાંને બ્રહ્માનંદ નિજ તંનજી ।
નેત્ર મીચી દ્રષ્ટી કરે જુવે જુગજીવન ॥ આનંદ. ૫
દશ દીશામાં હરી રૂપ નીરખે દ્વૈતભાવ નથી અંગજી ।
તદાકાર જેનુ ચીત્ત થયું છે મન ઘણો ઉમંગ ॥ આનંદ. ૬
ગોવરધન માતુ તદવત થયાં છે બ્રહ્મરૂપ ભવ માંહેજી ।
નવ માસ થયા ત્યારે દેવ ગર્ભ સ્તુતી કરે ત્યાંહે ॥ આનંદ. ૭

છંદ હરીગીતની દેશી.

નવે માસ તો પુરણ થયા છે માતુને તેણે સમે ।
પ્રસવ સમો તો આવીયો છે દેવતાને બહુ ગમે ॥ ૧
વૈમાન લેઇ ગગન મંડળે સુતીકા ગ્રહની ઉપરે ।
દેવ સઘળા આવીયા છે સ્તુતી મુખે ઉચરે ॥ ૨
બ્રહ્મા ભવ ઇંદ્રાદીક કુબેર આદી દેવતા ॥
અનુચરો સહીત આવીયા શ્રી વિશ્વકર્મા શેવત્તા ॥ ૩
સત્ય સત્યાત્મક છો તમે સત્યરૂપ આપે થયા ।
સત્ય નેત્ર સત્યમાંય છો ત્રિકાળ સત્ય માંહે રહ્યા ॥ ૪
છો અંતર જામી નિષ્કામી પરાક્રમો અતી ઘણાં ।
દેવાધી દેવજ આપ છો ને દુખ ભાગો અમતણાં ॥ ૫
પર બ્રહ્મને પરમાર્થી છે રૂપ નાના વીધનાં ।
સકળ બ્રહ્માંડે વિચરો છો કામ કરવા સીધના ॥ ૬
આપે અનંતાનંત છોજી પાર પામે કો નહીં ।
જોગી મુનીયો ધ્યાનમાં સદ્રસ્ય દેખે છે સહી ॥ ૭
ભુ ભાર હરવા અસુર હણવા દેવનાં દુખ ટાળવા ।
બ્રહ્માંડ માંહે અવતરો છો વિપ્રગૌને પાળવા ॥ ૮
રાજી વનેત્ર જીવ મીત્ર અખંડને આનંદ છો ।
માયાપતી કરતુ અકરતુ જગત કેરૂં કંદ છો ॥ ૯
છો કાળના તો કાળ આપે જગત કેરા ભુપ છો ।
શાંતી તણું તો ધામ કહાવો લક્ષા લક્ષજ રૂપ છો ॥ ૧૦
અનંતને અપાર તમને વેદ વાંણી ઉચરે ।
પારકો પામે નહીં તમ શરણ આવેથી તરે ॥ ૧૧
અદ્વૈત નિજાનંદ માયા કંદ ગુણા તિત છો ।
કાર્યાત્મિકને કાર્ય કારણ તેહથી વ્યતીત છો ॥ ૧૨

ઓંકાર માત્રા આપની છે ચર અચર વ્યાપી રહ્યા ।
જગત કેરે કારણે જનની ઉદરે આવીયા ॥ ૧૩
નિજ ઉદરમાં બ્રહ્માંડ સરવે રહ્યાં છે સુખ શાંતીથી ।
તે માતુ ઉદરમાં રહ્યા સત્ય તપના પ્રભાવથી ॥ ૧૪
પ્રભુ જેના ઉદર જન્મીયા તે જકત માતુ એહ છે ।
ધન્ય ધન્ય તેના પુન્યને એ પુજ્ય રૂપી દેહ છે ॥ ૧૫
હે માતુશ્રી તમે અરજ સુણો તમ રત્ન કુક્ષ હરી રહ્યા ।
પ્રગટ કરોને તેમને અમે દેવ દરશન આવીયા ॥ ૧૬
એવું કહી તતકાળ દેવે પુષ્પ વૃષ્ટી બહુ કરી ।
જેજેકાર કરતા સર્વેકો કલ્યાણ થાજો શ્રીહરી ॥ ૧૭
આનંદ પામી ઉલટ આણી ધ્યાનમાં લેઇ હરી ।
નિજ ધામ સરવે પરવરે વિમાન લેઇ પાછા ફરી ॥ ૧૮
જશ ગાય છે દેવાંગના ભણે ગોવરધનદાસજી ।
માયાપતી એ આપણી સદાય પુરશે આશજી ॥ ૧૯

વલણ.

ગરભ સ્તુતી દેવે કરી બોલ્યા જય જયકારરે ।
કલ્યાણ હજો પ્રભુ તમ તણું દેવ કહે છે વારંવારરે॥ ૧

રાગ ધનાશ્રી.

ગરભ સ્તુતી કરી દેવ ગયા છે નિજ નિજ કેરા ધામજી ।
અંતર માંહે સમરણ કરતા વિશ્વકર્મા નામજી ॥ ૧
સમય આવ્યો પ્રસવ કેરો સુભ દીવસ શુભ વારજી ।
શુભ સમય આવીયો છે આનંદ ઉર અપારજી ॥ ૨
મંદ સુગંધ વાયુ વહે છે થઇ દીશાઓ દીપ્ત માનજી ।
ગગન મંડળ શોભી રહ્યું છે જન્મે શ્રી ભગવાનજી ॥ ૩
તારા તેજોમય થયા છે ગ્રહ ગતી થઇ બંધજી ।
નક્ષત્ર સ્થીર થઇ ગયાં છે દેખવા લાગ્યા છે અંધજી ॥ ૪

વહેતી સરીતા સ્થીર થઇને જન માત્રને આનંદજી ।
રૂષી કુળ શાંતી હોમ કરે છે તજી માયાના ફંદજી ॥ ૫
સાધુ મુનીએ અંન તજીને ઇંદ્રીયો કીધી છે સ્થીરજી ।
આપો આપ આનંદ વરત્યો સુગંધી સમીરજી ॥ ૬
બ્રહ્માનંદમાં બેઠાં માતુશ્રી ધરી મનમાં ધીરજી ।
અત્યાનંદનો સમય વરત્યો મન થયું ગંભીરજી ॥ ૭
માઘ શુકલ ત્રયોદશી ને આવ્યો ગુરૂવારજી ।
નક્ષત્ર અભીજીત છે મધ્ય રાત્રીએ મોરારજી ॥ ૮
પ્રગટ થયા સુતીકા ગૃહમાં જળ હળ જોતિ પ્રકાશજી ।
માતાની દ્રષ્ટીએ પડીયા મુખે કરે હાસજી ॥ ૯
પ્રસુત વેદના વામી ગયાં ને વીચારે મા વારંવારજી ।
રૂપ અલોકીક સનમુખ ભાળ્યું કયાંહાં ગયો કુમારજી ॥ ૧૦
નેત્ર મીચી રૂદેમાં જુવે ત્યારે દીઠી મુરતી એહજી ।
ઉઘાડે તો સનમુખ ભાળે મોટો પડયો સંદેહજી ॥ ૧૧
જાગું છું કે સ્વપ્ન આવ્યું કરે છે મન વિચારજી ।
ગોવરધન પ્રસુતાએ રૂપ કેવું દીઠું નિરધારજી ॥ ૧૨

છપય છંદ.

દેખી અલૌકીક રૂપ માત વિસ્મય પામી છે ।
ઉદર નથી મમ ગર્ભ વેદના દુર થઇ છે ॥
કોટી સુર્યનું તેજ શશી કોટી નીભા છે ।
કાંતી ઝળકે તડીત મંદ વદન હસે છે ॥
આતે શું કહેવાય જેનાથી કામ લજે છે ।
ગોવરધન ત્યાં માતુશ્રી દેહનું ભાન તજે છે ॥ ૧
જુવે છે ચારે દીશ ઇશ વીન બીજું ન ભાળે ।
ઉંચું નિચું આપ માત સરવે નિહાળે ॥
જ્યાં જુવે ત્યાં એજ અન્ય દ્રષ્ટી ન આવે ।

વીચારે વારંવાર આતે શું નજરે આવે ॥
નેત્ર થયાં છે સ્થીર રૂપ જોઇ જનુની તણાં ।
માયામાં ભુલાં પડયાં ગોવરધન માતુ ઘણાં ॥ ૨
પંચ વદન ત્રીનેત્ર ક્ષેત્ર ઉપ જટીનું શોભે ।
મુગટ ઝળકે મણી કર્ણ કુંડળ મન લોભે ॥
ચતુર ભુજ સ્વરૂપ કાંચન વાઘા ધરીયા ।
પીત પીતાંબર અંગ અલંકાર અંગે કરીયા ॥
સ્ફટીક મણી શું રૂપ છે ભુવન વિશે પ્રગટયા હરી ।
તપ મુરતી ભાળી હતી ગોવરધનમા કરગરી ॥ ૩
વળી નિહાળે રૂપ ભુપ આ જુગનો કહાવે ।
આયુધ કરમાં ચાર કળ્યામાં કાંઇ નવ આવે ॥
સુત્ર ગજદંડ અભય વરદાન સોહાવે ।
કર પોથી કર માળ હાથમાં લીધી માહાવે ॥
સ્વામી સ્વામી શબ્દ કર્યા રૂપ આવી જુવોને તમે ।
ગોવરધન વશુ આવીયા અતી રૂપ મનમાં ગમે ॥ ૪

છંદ ભુજંગીની દેશી.

વસુ આવીયા ધાઇને તે સમે ત્યાં ।
અરે કેમ પોકાર નારી કરે જ્યાં ॥
નથી સાદ સુખી સમાનો જણાતો ।
ઉઠી દોડીયા અંગ સ્વાસ ન માતો ॥ ૧
નિહાળી નિહાળી જુવે ધર્મ સુનુ ।
નથી સુતને આ છેય રૂપ કુનું ॥
પડયા મોહમાં આંખ મીચાઇ જાય ।
અતી તેજથી ક્ષોભ પામેજ ત્યાંય ॥ ૨
વળી વિસ્મ પામી વિચારેજ ઉરે ।
તપો વનનું રૂપ છે એ જરૂરે ॥

ધરી ધીર ને વીર વાણી ઉચ્ચારે ।
કરે સ્તુતી કર જોડીને વાર વારે ॥ ૩
નથી ઓળખું છું તમો વિશ્વનાથ ।
ધરી ધ્યાન ને રૂપ ભાળ્યું અનાથે ॥
અરે નાથજી વિશ્વકર્મા સ્વરૂપે ।
દીધાં દર્શનો ધ્યાન ભોમી અનુપે ॥ ૪
રહ્યા રૂદીયે નાથજી તેહ દીના ।
નથી ભુલતો રૂપ હું તો કદીના ॥
નમું વાર વારે તમારા ચર્ણમાં ।
રહું છું સદા હું તમારા શર્ણમાં ॥ ૫
તમે ભુપતિ છો સહુ લોક કેરા ।
ગુણાતીત છો ગુણ નીજના ઘણેરા ॥
અખંડિત રૂપે પ્રભુ દીન રાત ।
લિલા વિસ્તરી નિજની ભાત ભાતે ॥ ૬
કરો કામ નિષ્કામ કાવો સદાએ ।
નથી શીર લેતા કશી આપદાએ ॥
ચલાવો છો માયા તણું ચક્ર નિત્યે ।
નથી બાદ કરતી તમોને અનીત્યે ॥ ૭
તમારી નિમીશે મહાકાળ કહાવે ।
કદી આપની પાસ તે કાળ નાવે ॥
તમારા મુખો સ્વાસથી વેદ થાએ ।
નિજ સુત્રમાં લોક સરવે સમાયે ॥ ૮
ઉત્પતી સ્થીતીના તમે નાથ કહાવો ।
કરો નાશ તેમાં નથી કાંઇ દાવો ॥
સદા ચીત આનંદકારી રહો છો ।
જરાએ ન ઉપાધી શીરે ધરો છો ॥ ૯

સદા જોતીરૂપ નથી અંધકારે ।
સદા સાક્ષી રૂપે છો વીવિધ પ્રકારે ॥
નથી જાણતા આપને મુંઢ જીવો ।
લહે જ્ઞાન તો જીવ ના થાએ શીવો ॥ ૧૦
માયા કુપમાં બુડીયા છેજ પ્રાણી ।
નથી જાણીયા જ્યાં સુધી સુત્ર પાણી ॥
ખલકથી અલક છો નાથ મારા ।
ગુણુતીત છો માવજી સુત્રધારા ॥ ૧૧
પરાપાર છે આપનું ઠામ ભારી ।
નથી પોચતો કોઈ ત્યાં દેહધારી ॥
વિભુજી પ્રભા તાહરી જોઇ આજે ।
તનું દુઃખ તો ભાગીયાં મહારાજે ॥ ૧૨
અરે નાથજી દીનબંધુ કહાવો ।
પુર્વ વેણુ પાળી મારે ઘેર આવો ॥
ઇચ્છા માહરી પુર્ણ કરજો મોરારી ।
અમે દંપતી કીધી ભકિત તમારી ॥ ૧૩
તમો તેજથી નેત્ર અંજાઇ જાયે ।
નહી ઓળખ્યા આપ વિશ્વકર્માય ॥
ગતી ગોવર્ધન ઇષ્ટની ગુઢ ભારી ।
વસુ તો વિરામ્યા વદી વાંણી સારી ॥ ૧૪

વલણ.

સ્તુતી કરી નમીયા તદા ધર્મ સુત નીરધાર ।
નમી નમી પાએ પડે જાણીને કીરતાર ॥ ૧
અંગીરસી તવ ઉચર્યા સ્તુતી કરવા મહારાજ ।
કરજોડી સનમુખ રહ્યાં ભકતી કરવા કાજ ॥ ૨

છંદ મોહરની દેશી.

અંગીરસી વદે વાણી સુણો પ્રાણપતી મારા ।
શીષ્ય નામી કરજોડી સ્તુતી કરૂં સુત્રધારા ॥
અવ્યકતના બંધુ કહાવો ધરમના ધોરી આપ ।
વ્યકત રૂપ ધરી આપ અસુરોને મારો ધાપ ॥ ૧
કાળનાએ કાળ આપ બાપ કહાવો જકત તણા ।
પાળનાર તારનાર તેમાં કાંઇ નહીં મણા ॥
કાળ ભય પામી તમ શરણ કો જીવ આવે ।
દુઃખ તેનાં ટાળી નાંખી ચર્ણે રાખો કરી ભાવે ॥ ૨
પરમ પુરૂષ શાંતી ધામ નામ વિશ્વકર્મા ।
નમો નમો વારંવાર સુખાનંદ કહાવો પરમા ॥
નયન અંજાય કોટી ભાનુ કેરૂં તેજ દેખી ।
સુખ શાંતી પામું હુંતો શીશુ રૂપને પેખી ॥ ૩
આતો બ્રહ્મરૂપ ભાળુ તેજનો અંબાર ન્યાળું ।
મારૂં મન માને નહીં આપ છો અતીજ દયાળુ ॥
માટે ગુણનિધી મનવાંછીત માહારૂં કરો ।
ગોવરધન ગુણ ગાએ અલખમાં વીચરો ॥ ૪

વલણ.

સ્તુતી સુણી દંપતી તણી પ્રસન્ન થયા સુત્રધાર ।
મુખથી વાણી ઉચર્યા સુણો ધર્મ કુમાર ॥ ૧

છપય છંદ.

વદે વિશ્વકર્માય સુણોને જનની મારી ।
તવ તપના પરભાવ થયો છું હું આભારી ॥
ઉસ્ન શીત વરખાય સહી નીજ કાયા કષ્ટી ।
સુખ કર્યાં છે ત્યાગ તજીને સઘળી સ્રષ્ટી ॥

તજી જળને અન્ન સહુ વેઠી દુખ અપાર ।
આરાધન મહારૂં કર્યું તજી વીશય વેહેવાર ॥ ૧
મોટા મુનીવર જન મોહ પામ્યા તમ તપથી ।
વિસ્મય પામ્યા દેવ શેવમાં ખામીજ નથી ॥
ભણી નિવારણ મંત્ર મન વસ્ય કીધું આપે ।
વેઠી દુઃખ અપાર તપ કર્યું તજી સંતાપે ॥
મુજ માટે સુખ ત્યાગીયાં વેઠીને વનવાસ ।
સંસાર ભોગ અળગા કર્યા કહે ગોવરધનદાસ ॥ ૨
મને રૂદે નિશદીન ધરી અરી જીત્યો છે આપે ।
ચળીયાં નહીં નિજ ચીત્ત અસુર અતી સંતાપે ॥
નહીં માનવનો વાસ ત્યાંહાં જઇને તપ કીધું ।
મુજ કારણ સંસાર સુખને છોડી દીધું ॥
વળી દેવ પદ ત્યાગ કરી તજી મન અભીમાન ।
ગોવરધન મુજ ભકિતમાં સદા રહ્યાં ગુલતાન ॥ ૩
માટે ભુવન માહે રૂપ દેખાડયું આવી ।
ઓળખવાને કાજ ટાળવા પુરવ ભાવી ॥
હું કહાવું પરબ્રહ્મ ગરભમાં કદી ન આવું ।
કારણ કરવા કાજ સુત તમારો થાવું ॥
રખે ભુલી જાતાં માતજી ઓળખજો સાક્ષાત ।
આ સુતને ભગવાન રૂપ જાણી ઓળખજો મુજ માત ॥ ૪
મમ માયા છે કઠણ વચન બોલ્યા નીષ્કામી ।
ભ્રાંતિ તજીને આપ જાણજો અંતરજામી ॥
કરવાને જુગ કાજ રૂપ ધરવું છે મારે ।
ઇછીત રૂપને લેઇ રહેવું છે ઘેર તમારે ॥
પછી માયાનું આવર્ણ કરી અંતરધ્યાન થયા હરી ।
ગોવરધન માતુ તણી ભુવનમાં મતી ફરી ॥ ૫

વલણ.

માયા આછાદન કર્યું ભુલ્યાં મા તતકાળરે ।
જુવે તો નિજ સોડમાં રોતો દીઠો બાળરે ॥

રાગ ધોળની દેશી.

બાળ દીઠો છે જે સમે ને ઉલટ અંગ ન માયજી ।
વસુને વરતમાન જણાવ્યા દીધા દુદુંભી ધાય ॥
આનંદ ઘણો અંગમાં. ૧
વધાઇ જાણી પીતાએ જ્યારે સ્નાન કર્યું તતકાળજી ।
દેવનાં દુદુંભી ગરગડે હરખે ધરમ ભુપાળ ॥ આ. ૨
સાકર ફોફળ વેચે ઘણાં ને થયો જય જયકારજી ।
પુષ્પની વૃષ્ટી દેવ કરે છે સુતીકા ભુવન મોઝાર આ. ૩
ગાએ ગાંધર્વ ને અપસરા નાચે ગુણ હરીના ગાયજી ।
વેદ વેત્તા વિપ્ર બોલાવ્યા જાત કરમ ત્યાં થાય ॥ આ. ૪
જોસી આવ્યા જોસ જોવાને વસુ આપે બહુ માનજી ।
આસન આપી બેસાર્યો છે ભલે પધાર્યો ભગવાન ॥ આ. ૫
શુભ વેળા જોઇ કુંડળી કીધી વરતે ભવીશ તે વારજી ।
કુર ગ્રહ દુર થયા છે શુભ ગૃહ મોઝાર ॥ આ. ૬
પુત્રનો જન્મ થયો છે શુભ વેળાએ સુણો ધર્મ કુમારજી ।
ભવીશની વાત એ નિશ્ચે કરી છે વિશ્વકર્મા અવતાર ॥ આ ૭
સભા ભરી વસુ બેઠા છે ત્યાં જોશી બોલ્યા વાણજી ।
જન્મોતરી વાંચી સંભળાવે સુણો સરવે સુભાણ ॥ આ. ૮
તમારો પુત્ર ઉદાર કહાવે અશર્ણા શર્ણ આપજી ।
જગતનું કલ્યાણ કરવા ટાળવાને સહુ સંતાપ ॥ આ. ૯
ત્રાતા જુગમાં કહેવાશે રૂપ ગુણ જેના ભારીજી ।
દીન દીન અધીક પ્રતાપી થાશે માયાનો અધીકારી આ. ૧૦

ઓંકાર રૂપ એ પ્રગટ થયો છે વસુ તમારો કુમારજી।
બ્રહ્મા વિસ્નુ શીવ એ ત્રણેનો છે અવતાર। આ. ૧૧
ત્રીગુણ રૂપ એ વિશ્વકર્મા તેનું નામ ધર્યું પ્રમાણજી।
શર્ણાગતની સાચ કરે એ થાશે દાને માને ઉદાર ॥ આ. ૧૨
વિશ્વરચના કરશે સુત તમારો નામ વિશ્વકરમાયજી।
સુત્રધારને વરધ વળી અનેક નામે ઓળખાય ॥ આ. ૧૩
મોક્ષદાતા જગતણો કહાવે કલ્યાણકારી રૂપજી।
ગુણ એના અપાર છે કોથી ગણતાં ન આવે પાર ॥ આ. ૧૪
સુણી જન્મોતરી દક્ષણા આપી વીપ્રને અપરંપારજી।
સુવર્ણ વસ્ત્ર ધન ધાન્ય આપી સંતોષ્યા બ્રહ્મકુમાર ॥આ. ૧૫
આશીશ આપી વીપ્રે ઝાઝી કુશળ હજો કલ્યાણજી।
તમારા સુતની વરધી થાજો એ છે ગુણની ખાણ ॥ આ. ૧૬
ગયા વિપ્ર આશીષ્ય દેઇને વરધી થાયે કુમારજી।
ગોવરધન ગુણ ગાય છે બોલો જય જયકાર ॥ આ. ૧૭

વલણ.

વાત ચાલી નગ્રમાં વસુને ઘેર થયો કુમારરે।
દરશાન કરવા આવતાં સરવે નર ને નાર ॥ ૧

રાગ ધોળ.

સખીરે આજ આનંદ મારા અંગમાં।
પ્રગટયા વસુને ઘેર કુમાર ॥
દરશાન કરવા ચાલીએ. ॥ ટેક.
જોતાં પાપ સકળ બળી જશે।
એ છે પરબ્રહ્મનો અવતાર ॥ દરશાન. ૧
બાઇરે દધીમાટ લોને હાથમાં।
કેસર ઘોળી કરો પીળો રંગ ॥ દરશાન.

મોતી તોરણુ બાંધ્યાં વસુદ્વારમાં ।
ઉંડે અબીલ ગુલાલ ઉમંગ ॥ દરશન. ૨
ઘણી ભીડ થઇ દેવતા તણી ।
ગીત મંગળ ગાએ અપાર ॥ દરશન.
વાગે ઝાંઝ ને મરદંગો બહુ ।
દુંદુભી ગરગડે ભોવન મોઝાર દરશન. ૩
જેજેકારનો શબ્દ અતી થયો ।
ઘણાં મળ્યાં છે નર ને નાર ॥ દરશન.
તેના શબ્દ બ્રહ્માંડમાં ગાજીઆ ।
ભીડ વધમાનની છે અપાર ॥ દરશન. ૪
છાંટે હળદર દધી રંગ અતી ઘણા ।
પ્રેમી દરશન કરવા જાય ॥ દરશન.
વાલો ચૌદ ભુવનનો રાજીઓ ।
ધરીયું નામ તો વિશ્વકર્માય ॥ દરશન. ૫
ઘણાં વૃંદ નરનારીનાં જાય છે ।
કરી દરશન સુખીયાં થાય ॥ દરશન.
નિરખી ત્રીવીધ તાપ સમાવીએ ।
પરસતાં તન પ્રાશ્ચીત જાય ॥ દરશન. ૬
મહા મનોહર મંડપ રચના કરી ।
પુત્ર ઉચ્છવ મનોરથ કહેવાય ॥ દરશન.
અક્ષત પુષ્પ વધાવી સુખ પામીએ ।
લેઇએ વારણાં વિશ્વકર્માય ॥ દરશન. ૭
મોટા સીદ્ધ મુની ત્યાંહાં આવીયા ।
ગાય મુખથી હરી કીરતન ॥ દરશન.
નગ નાગ સ્તુતી કરે નાથજી ।
ઇંદ્રાદિક આવ્યા છે ભુવન ॥ દરશન. ૮

જય જય ધ્ધુની મચી છે વસુ દ્વારમાં ।
ભારી ભીડ મળે નહીં માગ ॥ દરશાન.
ગોવરધન નેત્ર ભરી નિરખીએ ।
આપણાં પુરવનાં ઉગીયાં ભાગ્ય ॥ દરશાન. ૯

વલણુ.

એમ દરશાન કરવા જાય છે પુરનાં નર ને નાર ।
જય જયકાર થયો ઘણો નીરખી સુત્રધાર ॥ ૧

રાગ ગરબી.

આનંદ છે આનંદ છે આનંદ છે રે ।
આજે વસુને ઘેર આનંદ છે ॥ ટેક.
વિશ્વકર્મા પ્રભુ પ્રગટ થયા છે ।
જેનું મુખ પુનમનો ચંદ છે રે ॥ આજે વસુ. ૧
દરશાન કરવા નરનારી જાય છે ।
ઉલટ અંગમાં અખંડ છે રે ॥ આજે વસુ. ૨
નેત્ર ભરી ભરી નીરખે વાલાને ।
વાર વાર જોવા છંદરે ॥ આજે વસુ. ૩
મુખ કમળ નીરખીને વાણી વદે છે ।
તેનું હાસ્ય વદન મંદ મંદ છેરે ॥ આજે વસુ. ૪
રૂપ રસીક જોઇ મોહ પામે છે ।
જાણે અમૃતનું કંદ છે રે ॥ આજે વસુ. ૫
નીરખી નીરખી નારી વાણી વદે છે ।
કોટી રવી તણું વૃંદ છે રે ॥ આજે વસુ. ૬
ગોવરધન પ્રભુ જગ હીત કારણે ।
સગુણ રૂપ સ્વછંદરે ॥ આજે વસુ. ૭

ગરબી ૨ જી.

ધન્ય છે ધન્ય છે ધન્ય છે રે વસુ કેરા તે તપને ધન્ય છે ॥ ટેક.

વિશ્વકર્મા પ્રભુ સુત જેણે જાયા ।
તેની તે કુખ રતન છે રે ॥ વસુ કેરા ૧
જોગી મુની જન કહે છે કાયા ।
પણ દુરલભ એનું દરશન છે રે ॥ વસુ કેરા. ૨
જપ તપ જગને મળે નહીં પ્રભુ ।
એતો વસુને ઘેરે રતન છેરે ॥ વસુ કેરા. ૩
શેશ સારદ તેના ગુણ ગણે છે ।
દેખવા તેને ગહન છેરે ॥ વસુ કેરા ૪
વેદ ભેદ જાણતા નથી પ્રભુનો ।
પ્રગટ તેના સદન છેરે ॥ વસુ કેરા. ૫
જગહીત કારણે રશીયોજી જન્મ્યા ।
ભુતળ સુખનાં કારણ છેરે ॥ વસુ કેરા. ૬
દરશન કરતાં ભવ બંધન છુટે ।
એહ મોક્ષ સ્થાન ગોરધન છેરે ॥ વસુ કેરા. ૭

ગરબી ૩ જી.

પામીએ પામીએ પામીએરે ।
મુખ જોઇને સુખ ઘણું પામીએ ॥ ટેક.
ધરમ ધુરંધર વાલો મારો પ્રગટયા ।
જોતાં માયા દુખ વામીએરે ॥ મુખ જોઇ. ૧
વરધ રૂપ ચૌદ લોક પતી કહાવે ।
તેને જઇ શીશ નામીએરે ॥ મુખ જોઇ. ૨
ત્રણ લોક કેરૂં તત્વ કહાવે ।
નિરખી નિરખી વિરામીએરે ॥ મુખ જોઇ. ૩

પ્રસુતા કુખથી ભાનુ ઉગ્યો છે ।
ચાલો સહીયર ત્યાં ગામીએરે ॥ મુખ જોઈ. ૪
કમળ વદન જાણે સુધાનું પાત્ર ।
અમૃત રસ ત્યાં પામીએરે ॥ મુખ જોઇ. ૫
આનંદ ઉછવ થાય છે ઘણેરા ।
મન વૃત્તિ ત્યાં ધામીએરે ॥ મુખ જોઇ. ૬
આપણા પુન્યથી પ્રગટ થયા છે ।
તેને ઇષ્ટ કરી માનીએરે ॥ મુખ જોઇ. ૭
ગોવરધન પ્રભુ બાળ જોઇને ।
પાપ સકળ ત્યાં હોમીએરે ॥ મુખ જોઇને. ૭

ગરબી ૪ થી.

વારણે વારણે વારણેરે વસુ સુતને જાઉં હું વારણે ॥
રઢીયાળું રૂપ દેખી મોહ પામી છું ।
બેસી રહીએ તેને બારણેરે ॥ વસુ સુત. ૧
કમળ નેત્ર જાણે સુધાનાં પાત્ર ।
પ્રગટ્યા જગત હીત કારણેરે ॥ વસુ સુત. ૨
કોટી શશીની શીતળતા અંગમાં ।
પોઢ્યા પ્રભુ મારે પારણેરે ॥ વસુ સુત. ૩
ત્રિગુણ રૂપ તેનું તત્વ કહાવે ।
ગુણાતિત અકારણેરે ॥ વસુ સુત. ૪
ત્રિલોચન પાપ મોચન કરતા ।
એ છે જગતને તારણેરે ॥ વસુ સુત. ૫
જેની કટાક્ષે કાળ કંપે છે ।
આવ્યા છે જગ ઉધારણેરે ॥ વસુ સુત. ૬
ભુતળમાં ધરમને સ્થાપન કરવા ।
અસુર કુળને મારણેરે ॥ વસુ સુત. ૭

પરમ પુરૂષ ગોવરધન કહીએ ।
નામ જેનું વિશ્વકરમણેરે ॥ વસુ સુત. ૮

રાગ ધોળની દેશી.

વિધી સત્ય લોકથી આવીયા ।
આવ્યા વસુના મંદીરમાંહે ॥ આનંદ ભર્યો અંગમાં. ૧
પીતામહને આસન આપી પુજીઆ ।
અરઘ પાદ્ય પુજન વીધી ત્યાંહે ॥ આનંદ. ૨
ચરણ પખાળી ચરણાંમૃત લીધાં ।
દંપતીએ તેણી વાર ॥ આનંદ. ૩
પુષ્પ હાર કંઠે પેહેરાવીઆ ।
કર જોડી વારંવાર ॥ આનંદ. ૪
સુતને લાવીને ઉછંગે મુકયો ।
પ્રસુતાએ ત્યાંહાં તતકાળ ॥ આનંદ. ૫
પીતામહ તમારા પુન્યથી ।
પ્રગટ થયો મારે ઘેર બાળ ॥ આનંદ. ૬
જન્મના બ્રાહ્મણ ગુરૂ કહાવે ।
જુવોને સુતનાં આપે ભવિશ ॥ આનંદ. ૭
નામ ધરાવો મારા નાથજી ।
ભલે પધાર્યા ભુવન ઇશ ॥ આનંદ. ૮
કેવો પરાક્રમી સુત થશે એ ।
કેવાં કરશેજ કામ ॥ આનંદ. ૯
જન્મોતરી કરી વર્ણવો ।
ભલે પધાર્યા મારે ધામ ॥ આનંદ. ૧૦
જોયું વદન સુત્રધારનું જાણે ।
કમળ કંદ રસાળ ॥ આનંદ. ૧૧

કામ લાજે જોઇ રૂપને ।
જેનાં નેત્ર દીસે છે વિશાળ ॥ આનંદ. ૧૨
શ્યામ ભ્રૃગુટી શ્યામની શોભતી ।
ઓઠ દીસે છે અરૂણુ સમાન ॥ આનંદ. ૧૩
અદભુત રૂપ છે અંગનું ।
મંદ મંદ હસે ભગવાન ॥ આનંદ. ૧૪
જોયાં ચીન્હ ચરણુમાં સોળ ત્યાં ।
વદીયા છે ચતુરાનન ॥ આનંદ. ૧૫
ધન્ય ધન્ય સતી કુખ તાહરી ।
પ્રગટયા ઇશ્વર તુજ સદન ॥ આનંદ. ૧૬
બ્રહ્મા ને વિશ્નુ શિવ રૂપ છે ।
તમારો આ કુમાર ॥ આનંદ. ૧૭
વિશ્વ કરમ કરવા કારણે ।
આ પ્રગટયા પ્રભુ સુત્રધાર ॥ આનંદ. ૧૮
દેવ મનુષ્યનાં ધામ કરશે હરી ।
હરશે જગત કેરાં દુઃખ ॥ આનંદ. ૧૯
સકળ સંસાર તેને વંદશે ।
આપે ભુતળ જનને સુખ ॥ આનંદ. ૨૦
દીન દીન અધીક પ્રતાપી થાશે ।
તેનાં ધરાશે નામ અપાર ॥ આનંદ. ૨૧
આનું વિશ્વકર્મા નામ છે ।
પ્રભુ ધામ તણા કરનાર ॥ આનંદ. ૨૨
વિધી નામ ધરાવી પાછા ગયા ।
આશીશ દેઇ નિજ સદન ॥ આનંદ. ૨૩
હરીજન તે જય જય બોલજો ।
તન મન થકી જન માત્ર વદન ॥ આનંદ. ૨૪

એ જન્મની કથા કહી।
પદ બંધ શાસ્ત્ર આધાર ॥ આનંદ. ૨૫
ગાય શીખે ને સાંભળે।
તેને પ્રસન સદા સુત્રધાર ॥ આનંદ. ૨૬
અપુત્રવાન પુત્ર પામશે।
નિરધન પામે ધન ॥ આનંદ. ૨૭
આ જન્મકથા જે સાંભળે !
અંધ નિશ્ચે પામે લોચન ॥ આનંદ. ૨૮
જન્મ દીવસ જે ઉચ્છવ કરે।
તેતો પામે પદારથ ચાર ॥ આનંદ. ૨૯
તેના પર સદા કરૂણા હરી કરે ।
પ્રભુ ગોવરધન કરશે વહાર ॥ આનંદ. ૩૦

જન્મ કથાનો મહીમા નીચે મુજબ છે.

માહા સુદ ૧૩ ને દીવસે જે સુત્રધાર પોતાને ઘેર રૂડું આસન બનાવી રૂડા ચંદરવા બાંધી આસોપાલવનો મંડપ બનાવી ભગવાન શ્રી વિશ્વકર્માની મૂર્તિ મંડપમાં પધરાવી ઓચ્છવ કરે ને ઉપરની જે જન્મની કથા બ્રાહ્મણ પાસે વંચાવે અગર બ્રાહ્મણનો જોગ ન આવે તો પોતે અથવા બીજા સુતાર પાસે વંચાવી પોતાના કુટુંબ સહીત સરવે મધ્ય રાત્રી સુધી સાંભળી પછી મધ્ય રાત્રે જન્મ થાય તે વખતે ભગવાન શ્રી વિશ્વકર્માનું સોડશ મંત્ર ઉપચારવડે સ્રી પુરૂષ બંને જણ વિદ્વાન બ્રાહ્મણને બોલાવી પુજન કરે. પછી નાનાવીધ સુગંધી વાળાં ચંદન, પુષ્પ, ધુપ, દીપ, નૈવેદ, સાકર અગર પોતાની સંપત્તિ પ્રમાણે નૈવેદ કરે ને પ્રભુની આરતી ઉતારી પછી જે અષ્ટક આ પુસ્તકમાં લખેલાં છે તે અષ્ટક મુખે

બોલી શ્રી મહાપ્રભુ વિશ્વકર્માની સ્તુતી સર્વેએ કરવી. તે પછી ભગવાનને નહવરાવાનું જે પંચામૃત હોય તે સરવેને આપવું. તથા નૈવેદ સરવેને વેંચી જમવું.

આ રીતે બાર માસે સરવે સુતારોને કરવાનો અધીકાર છે ને તે મહા પ્રભુનો જે સુતારો પુરા પ્રેમથી ઉચ્છવ કરે છે તેને શ્રી વિશ્વકર્મા મહા પ્રભુ સદા પ્રસન રહે છે. તે ઉચ્છત્ર જો શક્તિ હોય તો પોતાને ઘેર કરવો, તેમ છતાં ઘેર ન બને તો જ્યાં પોતાના ગામમાં શ્રી વિશ્વકર્મા પ્રભુનું મંદીર હોય અગર મંદીર ન હોય તો પોતાની નાતનું સ્થળ ધર્મશાળા વીગેરે જે હોય ત્યાં નાતના સરવે ભેગા થઇ અવશ્ય ઉચ્છવ કરવો તેમ કરવાથી તેમના ઉપર પ્રભુ સદા પ્રસન્ન રહે છે ને ધન ધાન્ય પુત્ર પરીવાર ને વિપુલ લક્ષ્મી તેને પ્રભુ આપે છે ને મનવાંચ્છીત સુખ મળે છે.

જો કોઇ પ્રાણીને રોગ ઇત્યાદી હરેક પ્રકારનાં સંકટ હોય ને વિશ્વકર્મા મહા પ્રભુનો ઉચ્છવ મારે ઘેર મહા સુદ ૧૩ ને દીવસે કરીશ એવી બાધા રાખે તો તે પ્રાણીનાં સંકટ માત્ર દુર થાય છે. એમાં સંશય લાવવો નહીં.

પુરા પ્રેમથી શ્રી મહાપ્રભુનો ઉચ્છવ કરવો, તેમ કરવાથી સુતારોના કુળની વૃદ્ધિ ભગવાન કરે છે સુબુદ્ધિવાન પુરૂષો તેના કુળમાં પ્રગટ થાય છે ને વંશમાં શ્રી પુરૂષોને પ્રભુ ભક્તિ આપે છે.

રાગ ધોળ.

સાચું બોલો શ્રીનાથજી—એ રાગ.

વસુને ઘેર પ્રગટ થયા। જગના કરતા જુગદીશ ॥
જગના કરતા જુગદીશ। ચાલો દરશન કારણે ॥ ટેક.

તેત્રીશ કોટી ત્યાં દેવતા । આવ્યા દરશન કાજ ॥
આવ્યા દરશન કાજ । ભીડ ભારી ઘર આંગણે ॥ વસુને. ૧
બ્રહ્મા વિસ્નુ ને શીવજી । નિજ નિજ નારીઓ સાથ ॥
નિજ નિજ નારીઓ સાથ । દેવ કન્યા લે વારણાં ॥ વસુને. ૨
દાનવ માનવ સહુ મળ્યાં । કરતાં જયજયકાર ॥
કરતાં જયજયકાર । પુષ્પ વૃષ્ટિ અતી ઘણી ॥ વસુને. ૩
મોતી તોરણ બાંધીયાં । ઘણી ધ્વજ પતાકાય ॥
ઘણી ધ્વજ પતાકાય । શોભા મુખથી શું વરણવું ॥ વસુને. ૪
ઘણા ઋષીવર આવીયા । મુખથી ભણતા તે વેદ ॥
મુખથી ભણતા તે વેદ । આશીષ દે છે તે અતી ઘણી ॥
વસુને. ૫
દધી હળદરનાં છાંટણાં । ઉડે અબીલ ગુલાલ ॥
ઉડે અબીલ ગુલાલ । ઘણાં વાજીંત્ર વાગતાં ॥ વસુને. ૬
સીધ ચારણ બહુ મળી । તુષ્ટી તુષ્ટી કહેવાણ ॥
તુષ્ટી તુષ્ટી કહેવાણ । વિદ્યાધર દે છે ગર્જના ॥ વસુને. ૭
ગાંધર્વ ઘણા ગાય છે । રંભા નૃત્ય અપાર ॥
રંભા નૃત્ય અપાર । સંગીત ગાન અતી ઘણાં ॥ વસુને. ૮
મંગળ માનુની ગાય છે । રૂડાં ગીત રસાળ ॥
રૂડાં ગીત રસાળ । મુખ થકી શું વરણવું ॥ વસુને. ૯
નેત્ર ભરી ભરી નીરખતાં । પામે તૃપ્તી ન મન ॥
પામે તૃપ્તી ન મન । જય જય મુખ થકી બોલતાં ॥ વસુને. ૧૦
વધાવે પુષ્પ ને મોતીએ । લેઇ લેઈ વારણાં આપ ॥
લેઇ લેઇ વારણાં આપ । સુંદીર મુખને નિરખતાં ॥ વસુને. ૧૧
કોટી કામનું રૂપ છે । કોટી સુરજ પ્રકાશ ॥
કોટી સુરજ પ્રકાશ । કાંતીએ હાર્યો છે ચંદ્ર ॥ વસુને. ૧૨
માત પીતા બહુ હરખતાં । દાન આપે અપાર ॥
દાન આપે અપાર । આશીશ મુનીવર બોલતા ॥ વસુને. ૧૩

અન વસ્ત્ર બહુ આપીયાં । દ્રવ્ય તણો નહીં પાર ॥
દ્રવ્ય તણો નહીં પાર । રત્ન માણેક આપીયાં ॥ વસુને.૧૪
સુત રક્ષણને કારણે લુટાવ્યા છે ભંડાર ॥
લુટાવ્યા છે ભંડાર । કહેતાં આવે નહી પાર ॥ વસુને.૧૫
શોભા જોવાને કારણે। ચાલો નરનારી સર્વ ॥
ચાલો નરનારી સર્વ । વિશ્વકર્માને નિર્ખીએ ॥ વસુને. ૧૬
ગોવરધન સરવે મળી, દરશન કારણ જાય ॥
દરશન કારણ જાય । બોલે જયજય જગદીશની॥વસુને.૧૭

રાગ સામેરીની દેશી.

પ્રગટયા પ્રગટયા છે વિશ્વકર્માય સખી જોવા જઇએરે ।
જોઇ જોઇ હરીનું મુખ સુખીયાં થઇરે ॥ ટેક.
હરીનું મુખડું જોઇ સુખીયાં થઇએ દુખ દારીદ્ર જાયરે ।
જગત કારણ પ્રભુ તો પ્રગટયા જેને વેદ તો નિશદીન ગાય ॥ સુખીયાં. ૧
રૂપ રસાળ ત્રણ લોકમાં કાંતી જળહળકારરે ।
કમળ વદનની શોભા છે સારી અંબુજ નેત્ર પ્રકાશ ॥ સુ. ૨
ધામ કામ કરવા પ્રગટ થયા છે આપે દેવ મોરારીરે ।
નાનાવીધ આયુધ કર ધરીયાં એછે સુત્રધારી ॥ સુખીયાં. ૩
મુગટ કુંડળની શોભા શી કહું મણી તણા કંઠે હારરે ।
બાંહે બાજુબંધ શોભતાને સુવર્ણના શણગાર ॥ સુખીયાં. ૪
ગોવરધન જાએ રૂપને વારી જક્તભુષણ છો આપરે ।
દરશન કરીએ દ્વારે જઇને ટળે ત્રીવીધના તાપ ॥ સુખીયાં. ૫

પદ ૨ જું. રાગ ઉપરનો.

ધન્ય ધન્ય વસુનું ભાગ્ય પુત્ર હરી પ્રગટયારે ।
તેના તપનો નહીં કાંઇ પાર જન સહુ હરખ્યારે ॥ ટેક.

જન સહુ હરખ્યા હરી મુખ જોઇને ધન ધન આજનો દનરે ।
પુન્ય કર્યું હશે પુરવ જન્મે નીરખ્યા જુગજીવન ॥ જન. ૧
પુરવનાં પુન્ય બાઇ ઉદય થયાં છે ભાગ્ય તણો નહીં પારરે ।
આપણા નગ્રમાં પ્રભુજી પધાર્યા રૂડા સુત્રધાર ॥ જન. ૨
મોટા મોટા તપસ્વી જોગી દેખે ન જેના દેદારરે ।
તે નિશદીન દરશન આપે સરવેને વસુના કુમાર ॥ જન. ૩
ત્રિવિધ તાપો ટળી ગયાં સહુનાં, પુનરપી નહીં અવતારરે ।
અનેક જુગનાં પાપ બળી ગયાંને પવીત્ર થયાં દેદાર ॥ જન. ૪
ગોવરધન પ્રભુ જગહીત કારણે માનુશી લીધો અવતારરે ।
કલ્યાણ કરવા ઇચ્છા છે જેની એ છે વિશ્વાધાર ॥ જન. ૫

પદ ૩ જું.

ચાલો ચાલોને જોવા કાજ વસુ સુતનું મુખડું રે ।
આપણા ભાગ્ય તણો નહીં પાર હરી આપે સુખડું રે ॥ ટેક.
સુખ આપવાને કારણે પ્રભુ પ્રગટયા ભોમીની માંહેરે ।
ત્રિગુણ રૂપ એ પ્રભુજી મારો અવીચળ પદની માંહે ॥હરી. ૧
આ ભુતળ જેણે સ્થીર કરી છે આપ્યું બ્રહ્માને સુખરે ।
નાનાવીધનાં ધામ કરીને ભાગી સરવની ભુખ ॥ હરી. ૨
દેવ દાનવ ને માનવ સરવના વઇભોગ નાનાવીધરે ।
ઇચ્છા સરવની પુરણ કરવા અજન્મા જન્મ્યા સીધ ॥હરી. ૩
એવા પ્રભુને નિરખવા સરવે ચાલોને નરને નારરે ।
દરશન કરીએ દયાળુ કેરાં ઉતરીએ ભવ પાર ॥ હરી. ૪
ગોવરધન વિશ્વકર્મા પ્રભુજી જનહીત કારણ આવ્યારે ।
દીનોનાથ જેનું અવીચળ પદ છે એ સરવેને મન ભાવ્યા ॥ ૫

પદ ૪ થું.

મારા વાલાને નીરખી આજ અતી સુખ પામીરે ।
આ ભવસાગરની માંહે સકળ દુખ વામીરે ॥ ટેક.

સકળ દુખ તન તણાં ગયાં છે જોઇને સુત્રધારરે ।
શું વરણુન તેના રૂપ કેરૂં ધન ધન વસુનો કુમાર ॥ સ. ૧
મોટા મુનીવર મોહ પામે છે ડોલી રહ્યા તન માંહેરે ।
રૂપ જોઇને શાંતી પામે ઉઠેન ઉરમી જ્યાંહે ॥ સ. ૨
કામ ક્રોધ મોહ દુર થાય છે દરશાન કરતાં માત્રરે ।
અનેક જન્મનાં પ્રાશ્ચીત બળીને પવીત્ર થાય ગાત્ર ॥ સ. ૩
મુખ જોતાં ભુખ તરસ મટે છે અમૃત રૂપ રસાળરે ।
ત્રી નેત્રની શોભા સારી ઉતારે ભવ પાર ॥ સ. ૪
ગોવરધન ત્રીભોવન તારણુ પાલણુ સકળ સંસારરે ।
ભાત ભાત ભોગ આપે પ્રભુ નામ ધરીને સુત્રધાર ॥ સ. ૫

પદ ૧ સામેરી. ગોડીની દેશી.

ભજોને ત્રીગુણુ સ્વરૂપ સકળ જન ભજોને ત્રિગુણુ સ્વરૂપ ।
કરમાં ગજ સુત્ર કમંડળ શોભે જ્ઞાન સુત્ર ધર્યું ભુપ ॥
સકળ જન ॥ ટેક.
માથે મુગટ કાને કુંડળ શોભે મણી મોતીના હારરે ।
કંચન વાઘા અંગ ધર્યા હરીએ ભુજ છે રૂડા ચાર ॥ સ. ૧
બાંહે બાજુબંધ શોભતાંરે કટી મેખળા છે રસાળ ।
હેમ કડાં નિજ કરમાં ધર્યાં છે જેની શોભાનો નહીં પાર ॥ સ. ૨
હીરા જડીત્ર વીટી ને પોંચી ઝળકે જળહળકારરે ।
મહા મનોહર રૂપ રશીકનું મોહ્યો સકળ સંસાર ॥ સ. ૩
એ પ્રભુ ઇલોળ ધામ વસે છે કરવા જગ કલ્યાણુરે ।
આરાધો સહુ વિશ્વકર્માને હરીજન સહુ સુજાણુ ॥ સ. ૪
ગોવરધન એ મોક્ષકારી અવર ન બીજો કોઇરે ।
તન મનથી ભક્તી કરો ભાઇ નીત્ય નીત્ય મુરતી જોઇ ॥ ૫

।। શ્રી પ્રભુ વિશ્વકર્માની સ્તુતીનાં અષ્ટક. ।।

શીખરણી છંદ રાગ મહીનાની દેશી.

બધા લોકો આવી નિરખી હરીને ત્યાં સ્તુતી કરે ।
જુગલ પાણી જોડી નયન નિરખીને શિશ ધરે ।।
અહો ભુવન સ્વામી તવ ચરણમાં ચીત્ત ધરી ।
કરૂં વિનતી ભારી મમ રૂદેમાં રહેજો હરી ।। ૧
નિયંતા આપ છો સકળ જન પાળક તમો ।
વળી સંહારી છો હરી નિશ્ચય જાણું અમો ।।
અચ્યુત ને અનામી નિજ નિજ પ્રભાથી સુખ કરો ।
સચ્ચીદાનંદ સ્વામી અચળ પદ નિજનું નિત્ય ધરો ।। ૨
અખંડાનંદ કહાવો અવિચળ અપરમીત પદ ધરી ।
સદા જોતી રૂપ અક્ષય પદમાં રહે ચીત વળી ।।
અને કહાવો શેષ સકળ જન રાખો રૂદે ધરી ।
અહં એકજ રૂપ અવર અન્ય ભાવો દુર કરી ।। ૩
પતી માયા કહાવો ચલન ચક્રની વૃત્તિ ગ્રહો ।
ઉપાધી નહીં કાંઇ જગત વિક્ષેપે દુર રહો ।।
સહુ સૃષ્ટી જાણે ખલકમય રૂપ નિજનું કરી ।
અલખ ને આનંદી નિજ તન માયાને દુર ધરી ।। ૪
મહાપદના સ્વામી અભય પદ નિત્યે નિત ધરી ।
ફરી સૃષ્ટી સરવે અચળ સુખ દેતા અનુસરી ।।
કૃપાસિંધુ કહાવો દિન જન બંધુ છો મમ હરી ।
નિજાનંદ છો આપ નિજ તન અવ્યકત દુર કરી ।। ૫
હરો ભયને સ્વામી અભય નિજ જનને નિત્ય કરો ।
દયાનિધી સ્વામી સકળ જન કૃપા કર શીર ધરો ।।
સકળ રૂપ ધારી રૃદિએ ચૈતન્ય આત્મા થઇને રહો ।
પર્ભા કોઇ નહીં નિરખે અખંડ અવિનાશી પદ લહો ।। ૬

અનંત આ બ્રહ્માંડોપર રહ્યા નાયક પદ ધરી ।
પતી જીવના આપ સકળ સૃષ્ટીનું બીજ હરી ॥
મહા પાવન રૂપ પરમ પુરૂષ કોવિદ ગણે ।
નિજં પદ કો લે ન ચતુર વેદ ન ઇતી ભણે ॥ ૭

મનો વાણી વામે સકળ શાસ્ત્રે ન હદ ગ્રહી ।
બ્રિધીના વદનોથી તવ ગુણ ગણ્યા જાએ નહીં ॥
સદા સારદ શેષ ગુણ તવ ગણી નહીં શકે ।
મુની જન સરવે સહી તવ રૂપ નિરખવા નિત તકે ॥ ૮

મહા વાકય કહે છે ચરઅચર ભુપતિ છો તમે ।
જકત કારણ રૂપ સગુણ રૂપ ધારો કો સમે ॥
અનાથો નાથ હરી હરી હર વિધી રૂપને લહો ।
કરો ઇછીત કામ સદાએ નિજ ગતિએ વહો ॥ ૯

જીવન જુગદીશા ઇષ્ટ અસુર દળને નિત્ય દમો ।
ધરી શાંતિ રૂપ સકળ સૃષ્ટીને નિરખો તમો ॥
જકતના ત્રાતા આપ નિરમળ મતિને નીજ કરી ।
સદા ધ્યાને રહેતા સકળ સૃષ્ટીનું હીત ધરી ॥ ૧૦

કરો કામ નિષ્કામી ચરઅચરમાં નિત્યે ફરો ।
અધર્મી જન જગમાં દમી દનુજને સુખ કરો ॥
તિર્થ પાવન કરવા પદ ધરીને નિત્ય ફરો ।
ધર્મને સ્થાપિને સકળ પાપને દુર કરો ॥ ૧૧

સર્વે સુખના સાગર છો જનક જનના પાળક તમે ।
રજો તમને ત્યાગી સદા શાંતીમાં હરી રમો ॥
અધો મધ્યે વ્યાપી ગગન મંડળમાં જઇ રહો ।
પરંપાર સ્વામી અપરમિત સુખને નિત્યે ગ્રહો ॥ ૧૨

જકતના જીવો પાપી તમ શરણુ પામે નહીં કદા ।
ભમે માયા જાળે અતી તન ધરે ભુતળ સદા ॥

ભવોભવ ભવ તરવા ઉધ્યમ કરતા મન થકી ।
પડે વારંવાર તમ કૃપા વીન ભુતળ નકી ॥ ૧૩
તરી પાર પામે નહીં ભજન વીન માનું સદા ।
જરૂર ગોથાં ખાએ તમ શરણુ પામે નહીં કદા ॥
પરમ ભકિત પામી જગત વિક્ષેપે દુર રહે ।
મન એકાગ્રહ થઇ હરી નામોચ્ચારણુ સહે ॥ ૧૪
કરે નિશ્ચય ઇષ્ટ રૂદય કમળમાં નિત્યે હરી ।
રહે મમતા ત્યાગી અવર સરવેને દુર કરી ॥
ખલક જીતી આપ અચળ પદ પામે છે સદા ।
ન પડે પાછો જીવ શિવ થઇ રહે છે સરવદા ॥ ૧૫
અચળ સુખને જાણી તમ ચરણુ શેવીને રહે ।
ભવાબ્ધીમાં નાવે શુદ્ધ શરીર નિજનું લહે ॥
અખંડ સુખમાં રમતો ક્ષુધા પીપાસાઓ નવ નડે ।
સદા મુખડું જોઇને ભવાબ્ધી પાછો નવ પડે ॥ ૧૬
શિખે સુણે ગાએ તન ત્રિવિધી તાપજ ટળે ।
સુત જાયા પામે નવલ ભૂષણુ અતી મળે ॥
સદા સુખની વૃદ્ધિ ગોવરધન આપે હરી ।
પ્રેતાદીકની બાધા તજી તન જાએ છે દુર વળી ॥ ૧૭
મહા પીડા વામે નવ ગ્રહ નડે નહીં મુખ ભણે ।
ધરે ચીત્તમાં વરધ અશુચી સરવે તન હરે ॥
તરે માયા ઘાટ જમના દુતો દુર રહે ।
ઇજત વાધે ઝાઝી સકળ દોષ તનના દહે ॥ ૧૮
પ્રસન્ન ઇષ્ટ રહે છે મનવાંછીત નીત્ય કરે ।
ચતુરવિધ સુખ પામે અતી લક્ષ્મીને ઘર વરે ॥
કુટુંબ કુસંપ જાએ સકળ તેને સંપતી મળે ।
ત્રીવીધ તાપો દુર ખશીને દુઃખ ટળે ॥ ૧૯

ઇતિ સ્તોત્ર સંપુર્ણ ॥

॥ અષ્ટક ૨ જું. ॥

મંગળાષ્ટકનો રાગ.

શ્રી સ્વામી કરૂણાનિધિ ગુણનિધિ પામું સદા સર્વદા ।
આપ્યો છો નિષ્કામ ધામ સુખનું શરણે રહું છું સદા ॥
પાળો નાથ અનાથ આપ મુજને ટાળી સદા આપદા ।
રેરે શ્યામ દયાળ બાળ ગણિને અળગો ન કરશો કદા ॥ ૧
હું પાપી છું અથાક ભાગ્ય હીણો કરનાર કુડાં કર્મને ।
તારો નાથ દયાળ પાળક તમે માયા નદી ઘાટને ॥
આપો શાંતી ધામ કામ પ્રજાળી રાખી નજર હેમની ।
મારા તનના તાપ બાપ દુર હરજો વાણી વદો ક્ષેમની ॥ ૨
હું તો દાસનો દાસ વાસ નિજ કને આપો સદા નાથજી ।
ટાળો પાપ ને તાપ મુજ તનના સદા જોડી રહું હાથજી ॥
ભકતી ભાવ વિશેશ શેવ તારી કરતો સદાય ટેકથી ।
વાણી એ તુજ નામ શ્યામ મારા સમરૂં સદાય નેકથી ॥ ૩
હરનિશ ધરતો ધ્યાન વાન તારૂં ઘટમાં રહું જોઇને ।
ચુકુંજ નહીં તલ માત્ર ગાત્ર તારાં નિરખી રહું મોહીને ॥
પુજા ને વળી પાઠ વીશેશ નેક રાખી કરતો સદા સર્વદા ।
ટાળો નાથ દયાળ જાણી હરી મનડા તણી આપદા ॥ ૪
કીરતિ તારી સાંભળુ સુરી મુખે હરનિશ મારા કર્ણમાં ।
રૂદીયે સ્થીર કરૂં તુજ ગુણ સુણી રહું છું સદા ધર્ણમાં ॥
તીરથ ને વળી વરત કરતો કાયા અતી કષ્ટીને ।
મુકી લાજ સનાથ અનાથ થઇને ત્યાગી સકળ સૃષ્ટીને ॥ ૫
માતા ત્રાતા ભ્રાત સ્વામી તુજને ગણું પેખુંજ નહીં કોઇને ।
વિશ્વકર્મ દયાળ વહાલ રાખો મુખડું રહું જોઇને ॥
પ્રણતારતિમોચન લોચન રૂડાં આર્વિંદ સમાન તાહરાં ।
અમૃત દ્રષ્ટી કરી હરો જુગદીશ પાપ સદા માહરાં ॥ ૬

ફરીયો ચારે ખાણુ જાણુ થઇને સમજ્યો નહીં સારને ।
ભટકાયો વારંવાર અંધ થઇને સાચો ગણી સંસારને ॥
આદીથી તે અંત પાર પામ્યો નહીં તુજ માયા નદી ઘાટમાં ।
ગોથાં ખાધાં નાથ મેં જ અતી ઘણાં ચોરે લુટયોજ વાટમાં ॥ ૭
સદગુરૂ સાથ મલ્યો નહીં હજી લગી ફરતો સકળ વિશ્વમાં ।
આ જન્મે ગુરૂ વર્ય મળ્યા છે મુજને દ્રષ્ટી કરી દશમાં ।
માયા પંથ મુકાવજો હરી હવે પોકાર જાણીને તમે ।
સીધે પંથે ચાલતાં હરી મને લંપટ કદી નવ દમે ॥ ૮
એવી ભકતી આપજો અક્ષરપતી નહીં કદા ચળું ચોરથી ।
મારી શત્ર માહરા કાળ શીરે પગધરી આવું સા મોરથી ॥
ભીતી ટળે ભવાબ્ધીની હરી મને રાખો સદાએ ચર્ણમાં ।
ગોવરધન સુખ પામવું અતી ઘણું તારા હરી શર્ણમાં ॥ ૯

અષ્ટક ૩ જું, ચક્રાદયની દેશી.

તવ પાદ પંકજ સદા રજ આસ રાખી ।
વિચરે સદા જન મહી તવ રૂપ ઝાંખી ॥
નિશ્ચય કરી રૂદય મધ્યમાં રૂપ જોવે ।
પુર્વ તણાં પાપ જન સર્વ ખોવે ॥ ૧
આનંદ કંદ મુરતી તવ વિશ્વકર્મા ।
સુખ શાંતી મુળ આપે છો જકતપર્મા ॥
આ વિશ્વના સકળ જન રૂદએ નિવાસી ।
પરમાર્થ રૂપ પ્રગટયા સગુણા વિનાશી ॥ ૨
ત્રિવિધ તાપ જનના સમાવાને ।
ભુતળ ધર્યા જન્મ કરી કૃપાને ॥
સૃષ્ટી સકળ ફળ આપ દેવા ।
જન્મ ધર્યા ભુતળ વિશ્વ દેવા ॥ ૩

પંચાન સ્વરૂપ આપ વિશાળ નેત્ર ।
ઓંકાર રૂપ ભવભીતી નિવાર્ણ ક્ષેત્ર ॥
અલ્હાદકાર વરત્યો છે જકત વરધ ।
તવ નામ રૂપ સમરે કરો સમર્થ ॥ ૪
તવ મંત્ર નિવાર્ણ જપતો જે પ્રાણી ॥
આપો પદાર્થ ચતુર્વિધ નીજ જન જાણી ॥
ક્રિયાકળા કુશળ કર્મ આપો સદાએ ।
ભવભીતી ભાગી સકળ સંકા દુર જાયે ॥ ૫
પુત્ર પ્રજા પરીવાર સુબુદ્ધિ આવે ।
ધન ધાન્યને વિપુળ લક્ષ્મી આવે ભાવે ॥
તન રોગ નાશ પામે દ્રઢ ભકતી ભાવે ।
સંસાર ચક્ર ફરી જન્મ તે જીવ નાવે ॥ ૬
એકાગ્રહ કરી ચીત્ત તવ સ્વરૂપ ।
વિવીધ ભકતી કરતો જન જે અનુપ ॥
નિજ પદ આપી સ્વલોકમાં વાસ આપો ।
નિજનો કરી જીવ સ્વધામ થાપો ॥ ૭
ગોવરધનાષ્ટક નિત્ય ગાએ સુણાવે ।
કતીપતી તેહને પ્રસંન થાએ ॥
અનેક વિઘ્ન નિવારી શાંતી આપે ।
અખંડ તેહ પ્રાણી નિજ ચર્ણ થાપે ॥ ૮

અષ્ટકં ૪ થું રાગ બદ્રીનારાયણના અષ્ટકનો.

સકળ જન સહુ દેવ દાનવ સ્તુતી કરે વસુનંદનં ।
જય જય વાણી ઉચરે શ્રી વિશ્વકર્મ સનાતનં ॥
અખિલ વિશ્વના ધામ કારણ પ્રગટીયા વિશ્વનાથનં ।
કૃપાસિંધુ બંધુ દીનના શ્રી વિશ્વકર્મ સનાતનં ॥ ૧
મહાઘોર પાપને દહન કારણ ગહન કળી મળ કાપનં ।

રક્ષણુ કારણુ સર્વના શ્રી વિશ્વકર્મ સનાતનં ॥
સકળ શ્રષ્ટીનું બીજ આપે વરધ નામ ધરાવનં ।
જગદીશ ઇશ કરૂણાનિધી શ્રી વિશ્વકર્મ સનાતનં ॥ ૨
અનેક વિધી નિજ લોક રક્ષણુ ભુવન પુરી રચાવનં ।
વિધી વિસ્નુ શિવ સુખ આપીયાં શ્રી વિશ્વકર્મ સનાતનં॥
નિજ દ્રષ્ટીમાં છે કળા એવી રજ કરણુને શોધનં ।
મનોઇછા જકત રચતા શ્રી વિશ્વકર્મ સનાતનં ॥ ૩
પંચ ભૂતનાં રજકરણુ ઉંડે ગગનમાં અતી પાવનં ।
સરવે આકર્ષણુ કરો છો શ્રી વિશ્વકર્મ સનાતનં ॥
એક તાર કરી હર્મ્યાદીકને કરતા આપ પંચાનનં ।
સકળ જગ સુખ આપતા શ્રી વિશ્વકર્મસનાતનં ॥ ૪
ક્રતી માયા ગ્રહણુ કીધી જગત હીત પ્રભુ કારણું ।
ત્રિનેત્ર ક્ષેત્ર અમૃત તણા શ્રી વિશ્વકર્મ સનાતનં ॥
પરમારથ આ વર વપુને નિજ ઇચ્છાથી ધારણું ।
સુખ સીંધુ બંધુ દીન તણા શ્રી વિશ્વકર્મ સનાતનં ॥ ૫
ત્રિગુણમય ઓંકાર મુરતી ત્રઇલોક મધ્યે પાવનં ।
શિવ બ્રહ્મા વિશ્નુ આપ કહાવો શ્રી વિશ્વકર્મ સનાતનં ॥
અદ્વૈત ભાવે એક દ્રષ્ટી જકતને નિરખાવનં ।
ભાવાભાવ મનમાં નહીં શ્રી વિશ્વકર્મ સનાતનં ॥ ૬
અજન્મા વસુદ્વાર જન્મ્યા રૂપ સુંદીર પાવનં ।
પ્રસુતી રત્ન કુક્ષમાં શ્રી વિશ્વકર્મ સનાતનં ॥
ધર્મ સાયક નાયક જગના ભકતને દીપાવનં ।
પરમ પુરૂષ આપ કહાવો શ્રી વિશ્વકર્મ સનાતનં ॥
તવ ભકતી કરતાં માનવ સર્વનાં પાપ સહુ પ્રજાલનં ।
મોક્ષદાતા આપ કહાવો શ્રી વિશ્વકર્મ સનાતનં ॥
ગોવરધન સંસાર ભયના આપ છો નિવારણું ।
અચળ સુખ પ્રભુ આપજો શ્રી વિશ્વકર્મ સનાતનં ॥ ૮

અષ્ટક ૫ મું હરીગીત છંદની દેશી.

ભુમી મંડળ અમંગળ મંગળ કરણ પ્રગટ થયા ।
નિજ નામ મંગળરૂપ જોઇ અમંગળ ખસી ગયા ॥
મહારાજ રાજ આજ છાજે દેવહીત કારણે ।
પ્રગટ થયા ભુતળ વિશે નમામી વિશ્વકર્મણે ॥ ૧

કીરીટ શીશ મુગટ છે મોતીની શેરો લળકતી ।
કુંડળ દીસે છે કરણમાં ખદ્યોત જોતી ઝળકતી ॥
વિશાળ ભાલ તીલક છે ત્રિનેત્ર જાઉં વારણે ।
કમળકંજ વદન છે નમામી વિશ્વકર્મણે ॥ ૨

અધુર પ્રવાળ રંગ દંત હીરાકણી વિરાજતા ।
કંઠ શંખ નાભી તુલ્ય મણી હાર શોભતા ॥
અનેક પુષ્પ ગુછ માળ કંઠ કરી ધારણે ।
બાંહે બાજુબંધ શોભતા નમામી વિશ્વકર્મણે ॥ ૩

અનુપરૂપ સ્ફટીક તુલ્ય ગૌર વરણ દેહ છે ।
અનંગ અંગ જોઇ લાજ પામી કહે છે છેહ છે ॥
મનોહર સ્વરૂપ શુધા કુપ લોક તારણે ।
કલ્યાણકારી પ્રગટ છો નમામી વિશ્વકર્મણે ॥ ૪

અખંડ ગૌર લોક વાસ ત્રાસ દુષ્ટ આપવા ।
અધર્મ કાઢી ધર્મ પર્મ સુખરૂપ સ્થાપવા ॥
નિરંજન ભય ભંજન આ જીવ દુઃખ હારણે ।
અદભુત બાળરૂપ છો નમામી વિશ્વકર્મણે ॥ ૫

ચતુર ભુજા ચતુરાયુધ છે શકતીનું બળ અંગમાં ।
અવતાર ભક્તહીત વ્યક્ત છેદન ઉમંગમાં ॥
જુગતપતી ગતી ગહન મતિ છે જકત પાલણે ।
અથાક પંથ આપનો નમામી વિશ્વકર્મણે ॥ ૬

સકળ બ્રહ્માંડ સુત્રમાં એક તાર તંતુ બાંધીયો ।
ચલન વલન થાએ નહીં માયાનો તાર સાંધીયો ॥
ગજ દંડ નિજ કરમાં ધર્યો વૈરાટ રૂપ ધારણે ।
અંબુજ પાત્ર કર ધર્યું નમામી વિશ્વકર્મણે ॥ ૭
પાણી પોથી જ્ઞાન સુત્ર લેઇ આપ જકત વિચરો ।
અવની તળ પાવન કરી હર્મ્યે કર્મ આચરો ॥
વિધીની સૃષ્ટી સ્થાપવાને આપ થાઓ શર્મણે ।
પરમ પુરૂષ લોક કહે નમામી વિશ્વકર્મણે ॥ ૮
અચ્યુત ને અખંડ નામ કુપ છે સુધા તણો ।
કોવિદ ગોવરધન ભણે સર્વ ગુણ તેહના ગણો ॥
સંસાર અંધ કુપ તરી જાઓ મોક્ષ વારણે ।
હરે સંકટ સર્વથા નમામી વિશ્વકર્મણે ॥ ૯

અષ્ટક ૬ ઠું.

શિવસ્તુતિ રાગ નારાચ છંદનો.

નમો નમો ગીરીશ ઇશ કાશીધીશ નાથને ।
નમો નમો શ્રી વિશ્વનાથ જુગલ જોડી હાથને ॥
સકળ સંસાર પ્રણુતપાળ જગ સંહાર વિશધરં ।
સદાય જોગ સાધનં નમામી શિવશંકરં ॥ ૧
જટાનો જુટ મુગટ શીશ શીશગંગ ધારણું ।
વિશાળ ભાલચંદ્ર બાલ લેલાટે સોહાવનં ॥
પંચાનન ત્રિનેત્ર ક્ષેત્ર ઉપજટી અધ્યક્ષરં ।
મહા મુનીવર શેવતા નમામી શિવશંકરં ॥ ૨
રૂદ્રાક્ષ ને વળી રૂંડમાળ કંઠમાં વિરાજતી ।
ચતુર ભુજા અરધાંગમાં સતી શિરોમણ છાજતી ॥
ભુજંગ અંગ વીટીયાં ભસ્મ સકળ તન ધરં ।
વાઘાંબર છે અંગપે નમામી શીવશંકરં ॥ ૩

ડમરૂ ને ડાક હાથમાં કપરદીને પશુપતી ।
અતીત પંથ આપનો છે જોગીઓમાં છો જતી ॥
અમંગળ આવેશ મંગળ ખરપર કરે ધરં ।
સ્મશાન વાસ આપનો નમામી શીવશંકરં ॥ ૪

અજર અમર મંત્ર તંત્ર જંત્ર કેરા સ્વામ છો ।
અમોધ ઘોર પાપ નાશ ઘોર મંત્ર ધામ છો ॥
નીજાનંદ આનંદ કંદ પીનાક પાણી કરવરં ।
અલીંગ લીંગરૂપ છે નમામી શીવશંકરં ॥ ૫

કરપુર ગૌર વરણુ ધરણુ પાવન કૃપા કરી ।
અજન્મા જન્મ નવ ધરો નિજ કામને લીધો હરી ॥
ત્રિગુણાતીત જોતીરૂપ સૃષ્ટીથી રહો પરં ।
અખંડ નામ આપનું નમામી શીવશંકરં ॥ ૬

અવ્યક્ત વ્યકત કારણું શિવનામ વ્યકત તારણું ।
અખીલ વિશ્વનાથ મહા પાપને વીદારણું ॥
મતી ગતી છે ધામ ગુઢ મન દ્રષ્ટીથી પરં ।
નથી રાગ દ્વેષ અંગમાં નમામી શીવશંકરં ॥ ૭

સદાય વાસ પ્રેત ભુત જુથમાં કરી રહો ।
મહા બળીષ્ટ ઇષ્ટ પીષ્ટ કામને કસી ગ્રહો ॥
નવે નિધી ને સિદ્ધિ સરવે આપ દ્વારમાં ધરં ।
જોગી ભોગ ત્યાગીયા નમામી શીવશંકરં ॥ ૮

નિત્ય પાઠ જે કરે છે પ્રાણી સુખ તેહનો ।
કહે ગોવરધન વીપ્ર રોગ જાય સર્વે દેહનો ॥
ગીરીશ ઇષ્ટ દેવ જાણી મુખથી ભણે નરં ।
કઇલાસ વાસ આપશે નમામી શિવશંકરં ॥ ૯

અષ્ટક ૭ મું.

છંદ ભુજંગીની દેશી.

અહો વિશ્વકર્મા તમે છો દયાળુ ।
સદા સુખદાતા ઘણા છો માયાળુ ॥
કરૂણાનિધી કષ્ટ કાપો અમારાં ।
સદાકાળ દર્શન થાએ તમારાં ॥ ૧
તમે જુગદાતાજ સ્વામી અમારા ।
બધા લોક તો ગુણ ગાએ તમારા ॥
હું છું બાલ કંગાલ છોરૂ તમારૂં ।
નથી ભાન મુજને સારૂં નઠારૂં ॥ ૨
નથી જાણતો ધર્મને નાથ મારા ।
નથી ગુણ ગાતો હરી હુંજ તારા ॥
ન સુણી કીર્તિ આપની શાસ્ત્ર દ્વારે ।
કથા વારતા તો ન કીધીજ બારે ॥ ૩
ન પોખ્યા મુની વીપ્ર હાથે કરીને ।
ન આપ્યાં કદી દાન પ્રેમે ભરીને ॥
નથી દીનની વાર કીધીજ સ્વામી ।
નહીં સાર જાણ્યો ઉત્તમ દેહ પામી ॥ ૪
અજ્ઞાની અભાગી હરીસંગ ત્યાગી ।
સદા લોભીઓ આથડું દ્રવ્ય રાગી ॥
સદા પીડતો કામ મુજ અંગ વ્યાપી ।
કુવૃત્તિ સદા મુજ હઇએજ વ્યાપી ॥ ૫
ન પામું કદી શાંતી હું નાથ મારા ।
ભર્યો ભ્રાંતિમાં સંગ ત્યાગી તમારા ॥
પડયો પાસ માયા તણી મધ્ય જાળે ।
સદા ક્રોધ મારાં પુરવ પુન્ય બાળે ॥ ૬

કુસંગી થયો હું તજી સંત સંગો ।
તેથી પાપના થાએ ઝાઝા ઉમંગો ॥
અતી નારના પાસ માંહે વીટાયો ।
ગયાં પુન્ય પાપી હું નગ્રે લુટાયો ॥ ૭
થઇ અંધ હું પાર પામ્યો ન કાંઇ ।
ત્રણયે તાપથી તો રહ્યો છું અંજાઇ ॥
ફરૂં હું માયાપુરમાં રાત દહાડો ।
મળે દ્વાર તો ઠેસ વાગે કે ખાડો ॥ ૮
ઘણાં ભુખનાં દુઃખ વેઠી ભમું છું ।
અતી તાપ અંગે પાણી વીન ખમું છું ॥
ભમ્યો લાખ ચોરાશી ફેરા અભાગી ।
જડયું તો નહીં બારણું ભીખ માગી ॥ ૯
ગયું પુન્ય પાતાળ દારીદ્ર પામ્યો ।
અતી દુઃખ ને સુખ સંધાંજ વામ્યો ॥
અરે અંધ છું કોઇ રસ્તો બતાવો ।
નથી દ્વાર કે છે બધે કોટ આવો ॥ ૧૦
મળ્યો આગવો કોઇ પંથી દયાળુ ।
અરે દુખીઆ આવને બાર કાઢું ॥
દીઠું દ્વાર ને શુધ ને બુધ આવી ।
મારાં પુર્વનાં ઉઘડયાં તુર્ત ભાવી ॥ ૧૧
મળ્યા સુત્રધારી મહા સુખકારી ।
ટળ્યાં પાપને દીન લીધોજ તારી ॥
ગુરૂના પ્રતાપે મલ્યા આપ સ્વામી ।
હતી વેદના તે સર્વે દૂર વામી ॥ ૧૨
કરૂં ભાવથી નાથ ભકિત તમારી ।
અતી પ્રેમમાં નાથ રાખું ખુમારી ॥

કરૂં શેવ હું વિશ્વકર્મા દયાળુ ।
નિજે ધર્મને નિત્યે નિત્ય પાળું ॥ ૧૩
કરો મે'ર મહારાજ કૃતીજ સ્વામી ।
કરૂણાનિધી આપ છો બહુ નામી ॥
ફરી ના પડું અંધ સંસાર માંહે ।
સદા નાથજી ઝાલજો મારી બાંહે ॥ ૧૪
ધરી ટેક પુજા કરૂં વાર વાર ।
અહોનિશ જોઇ તમારા દેદાર ॥
રખે નાથ વીસારી મુકો પ્રભુજી ।
સત્ય લોકમાં લેઇ ચાલો વીભુજી ॥ ૧૫
મુખે માગું છું એટલું નાથ મારા ।
સદાએ રહું ચર્ણ માંહે તમારા ॥
ભણે સ્તોત્ર આ જંન જે ટેક ધારી ।
ન જાએ કદી તેહ તો જમ બારી ॥ ૧૬
કહે ગોવર્ધનાષ્ટક સુત્રધારી ।
વિભુ તાહરી હંસની છે સ્વારી ॥
કરોનેજ કલ્યાણ દાસાનું દાસ ।
સદા આપજો નીજ ધામે અવાસ ॥ ૧૭

અષ્ટક ૮ મું શાર્દુલવિક્રીડીત છંદ.

શ્રીવિશ્વકર્માના અષ્ટાંગની પુજાવિધિ ॥

રાગ મંગળાષ્ટકનો ॥

શ્રી વિશ્વકર્મા દયાળ પ્રભુની પુજા કરૂં પ્રેમથી ।
ધારી ટેક ને નેક મનમાં શ્રદ્ધા ધરી નેમથી ॥
વા'ણે ઉઠી સ્નાન સંધ્યા કરવાં સદા ભાવથી ।
ઇષ્ટ નીષ્ટ કરી પુજન કરવાં ઘણા અલ્હાદથી ॥ ૧
અષ્ટ દળ સ્થાપન કરો હરી મુરતી જે સોના તણી ।
અષ્ટાંગ પુજન કરો હીત ધરી ભક્તિ કરીને ઘણી ॥

પંચામૃત મંત્ર ભણી નવરાવો નિજ નાથને ।
ગંગાજળ શુદ્ધ સ્નાન કરવાં કૃતી નાથને ॥
અષ્ટાંગે પુજા કરો પ્રીત ધરી વિશ્વકર્મા શ્યામની ।
ભકિત ભાવજ મન ધરી રાખી કને કામની ॥
પાદ પુજા ત્રીગુણાત્મા નામ સમરી સદા નાથનું. ॥
ગુલ્ફે જગ સૃષ્ટા કહો વળી જાણું કૃતી નાથનું ॥ ૩
શ્રી શીલ્પાચારજ તમો જંઘા પુજન વિશેમાં કહો ।
શ્રી વિશ્વકર્મા કહી કટી પુજો અંતર પ્રીતીને લહી ॥
પ્રથગાત્મા ગુહ્ય સ્થળ પુજો વળી જગદાદી નાભી વિ
જુગ કરતા રૂદયઃ પુજો વીર તમે થારીને જકતાધિશે ।
ચૌદ ભુવન કરતા કહી હરીનો કંઠઃ પુજો પ્રેમથી ।
સુત્રધારા કહી કરનું પુજન કરો નેમથી ॥
વામે હંસારૂઢ નામ દેજો પુજન સમે હરીજનો ।
મુખ પુજનમાં વીર સર્વે કહેજોજ પંચાનનો ॥
નેત્ર પુજન જે સમે ત્રંબકાય હરીને ઉચરો ।
શીર પુજન વૃદ્ધ કાય કહેજો સુખમાં સદા વીચારો ॥
સર્વાંગે પુજા કરો સહુ તમે જ્ઞાન ધૃક નામજ લહી ।
પુષ્પ આપો પ્રેમથી વિશ્વરૂપ ઉચરો સંદેહ લાવો નહીં॥
મુખે અભય વરદ કહી તમે દીશા પુજો ભાવથી ।
ચંદન અક્ષત અરપણ કરજો ઘણા લહાવથી ॥
એવું પુજન ભાવથી નીત્ય કરો હરો દુખો અંગનાં ।
સ્તુતી કરવી નાથની નિશદીન વચનો કહી ઉમંગનાં॥૫
વસ્ત્રાલંકાર હરીને ધરવાં નાનાવીધ ભાતનાં ।
ભોજન આપો ભાવથી પ્રભુને જમવા રૂડી રીતનાં ॥
નીરંજન આરતી કરીને પુષ્પાંજળી પ્રેમથી ।
ગોવરધન પ્રસન થશે આવાં સદા નેમથી ॥ ૮

॥ થાળ શ્રી વિશ્વકર્માનો ॥

મારે ઘેર આવજો માવા એ રાગ.

જમાડું જુગતે કરી આવો વિશ્વકર્મા હરી ॥ ટેક ॥
ચંદન ચોકી પધરાવું પ્રભુ પ્રેમ કરીને આજ
ગંગાજળે સ્નાન કરાવું પ્રભુ વિધી વડે મહારાજ ॥ જ. ૧
પીતાંબર પેહેરાવું પ્રભુ કેશરી તીલક સાર ॥
જાઈ જુઇ ગુલાબ તણા પ્રભુ કંઠે ધરાવું હાર ॥ જ. ૨
હેમ બાજઠે બેસારૂં પ્રભુ ધરૂં સોનાનો થાળ ॥
વિધવિધના ભોગ ધરાવું જમો દીન દયાળ ॥ જ. ૩
મીષ્ટ લાડુ સાકરના કીધા ઘૃત તણો નહીં પાર ॥
શીરોને વળી સુખડી મુકુ ત્રીધારો કંસાર ॥ જ. ૪
સેવ સેવઇયા કણસાઇ મોતીચુર તણા મીષ્ટાન ॥
બરફી ચુરમું લાકડસાઈ જમોને તમે ભગવાન ॥ જ. ૫
પેડા પતાસાં બરફી અને ગુંજા તણો નહીં પાર ॥
ઘેબર સુતરફીણી જલેબી ઉપર ઘીની ધાર ॥ જ. ૬
સકરપારા સાકર ચણા કાજુ છે અથાક ॥
પ્રેમ ધરીને પીરસુ પ્રભુ નાનાવિધના પાક ॥ જ. ૭
પુરણપોળી ઘારીપુરી પુરીને પાપડ સાર ॥
વડાં વડી માંહે ધરી પ્રભુ સ્વાદ તણો નહીં પાર ॥ જ. ૮
બાસુદી દુધપાક શીખંડ સ્વાદ ઘણો સુત્રધાર ॥
દ્રાખ ચારોલી બદામ એલચી કેશર રંગ અપાર ॥ જ. ૯
લીંબુ કેરી કરમદાં આદાચીરી ને કેર ॥
અથાણાં વીધવીધનાં મુકું જમોને રૂડી પેર ॥ જ. ૧૦
દુધી કેળાંને રાઈ ચડાવી રાઇતાં કીધાં સાર ॥
દહીં ભાગીને કઢી કીધી માંહે વડીનો વઘાર ॥ જ. ૧૧

રતાળુ સુરણ પરવર માંહે ઘીલોડાનાં શાક ॥
કોળુ કંકોડાં મોઘરી મુળા વાલોળ ને વંતાક ॥ જ. ૧૨
ચટણી અનેક વિધીની કીધી દાળ ચંપાનો છોડ ॥
મસાલો મન ગમતો મુકું જમતાં ઉપજે કોડ ॥ જ. ૧૩
કમોદનો પ્રભુ કુર બનાવ્યો લવીંગનો વધાર ॥
કેશરી કુર પીરસુ પ્રભુ ઉપર ઘીની ધાર ॥ જ. ૧૪
સોના ઝારી નીર ગંગાનાં પાન કરો મહારાજ ॥
આચમન હરી હેતે કરો દાસનાં સારો કાજ ॥ જ. ૧૫
બાસેટ પાનનું બીડુ સોપારી સેવરધન સાથ ॥
નીજ જનના કોડ પુરો પ્રભુ જોડે ગોવરધન હાથ ॥ જ. ૧૬

આરતી રાગ શીવની આરતીનો.

જય ત્રિગુણાત્મક સ્વામી જય ત્રીગુણાત્મક સ્વામી ।
અખંડાનંદ કહાવો બળ ગુણ બહુ નામી ॥ જય ત્રિગુ. ૧
પંચ વદન ત્રિનેત્ર ભુજ ચતુર સોહીએ । ભુજ.
ચતુરા યુધ વીરાજે મણી મુગટ મોહીએ ॥ જય. ૨
રજ તમ સત્વ સ્વરૂપ છો અંતર જામી । છો.
ગુણ થકી પર પ્રગટયા આપે નિષ્કામી ॥ જય. ૩
કૃતિ રહી અરધાંગે જગ તીમર હરતા । જગ.
બ્રહ્મા વિશ્નુ સદાશીવ ધ્યાન સદા ધરતા ॥ જય. ૪
નિજ ઇછાથી સ્થીર ભુતળને સ્થાપી । ભુતના.
મંદરાચળ મેરૂને અચળ કર્યા માથી ॥ જય. ૫
અંધકનો વધ કીધો દેવ તણે કાજે । દેવ.
બ્રહ્માને સુખ આપ્યું સૃષ્ટી સકળ રાજે ॥ જય. ૬
ત્રણ પુરી ઇછાથી કીધી સુખકારી । કીધી.
વિશ્નુ વિરંચી શીવને કીધા અધીકારી ॥ જય. ૭

અષ્ટ પુરી સુખ ધામ છે શોભા સારી । છે શો.
અષ્ટ દેવને આપી સ્થાપ્યા દેવ મોરારી ॥ જય. ૮
સીધ્ધ ચારણુ નગ નાગ જન અભે કીધા । જન.
ઋષી વીદ્યાધર દેવને વર રૂડા દીધા ॥ જય. ૯
નીજ માયા બળ આપ લીલા વિસ્તારી । માયા.
સૃષ્ટા કહાવો જગના આપે સુખકારી ॥ આપ. ૧૦
અનંત સુખ દેવતાને આપી પ્રગટ્યા વસુધારે । પ્રગ.
ભકત જનની અહડતા હરઘડી હરી વહારે ॥ જય. ૧૧
સ્વર્ગ મૃત્યુ પાતાળ રચના કીધી ભારી । રચ.
ઇલોળ ગઢમાં વશીયા ગજ સુત્રધારી ॥ જય. ૧૨
કૃતી નારીને વરીયા અદભુત રૂપ ધારી ॥ અદ.
પાવન કીધી પૃથ્વી વિશ્વક સુખકારી ॥ જય. ૧૩
સપ્ત પુરી સમતુલ્ય ઇલોળ ગઢ કીધો । ઇલો.
દેવ સકળ ત્યાં વશીયા લાવો બહુ લીધો ॥ જય. ૧૪
ત્રિગુણ રૂપની આરતી જે કોઇ ગાશે । જે.
ભણે ગોવરધનદાસ વઇકુંઠે તેહ જાશે ॥ જય. ૧૫

લલીતવૃતની દેશી.

અહો વિશ્વનાથ વહાર તો કરો ।
હું ગરીબને શીર કર ધરો ॥
પ્રણુત પાળ છો નાથજી તમે ।
આપને ભુલી જાય તે ભમે ॥ ૧
કામ ક્રોધને નિવારજો પ્રભુ ।
શત્રુ માહરા મારજો વિભુ ॥
મોહ મદ તો અંગ ન રહે ।
મછર ઘણો અંગને દહે ॥ ૨

મોહ જાળમાં ફશીયા ઘણા ।
શું કરૂ હરી ભય છે તે તણા ॥
નાસતો ફરૂં તે થકી હરી ।
અંગ લાગતા આવીને ફરી ॥ ૩
તમ કૃપા વિના વાહાય છે ઘણા ।
દુખદાયી છે માર તે તણા ॥
અરેરે નાથજી વ્યક્ત[1] જાળમાં ।
ઘુંચવાયો છું ઘટમાળમાં ॥ ૪
સુજે નહીં મને દ્વાર તો કહી ।
મુઝવાઉ છું મનની મહી ॥
મહા અરણ્યમાં ગોથાં ખાઉ છું ।
ઉપર ને તળે હું તો જાઉ છું ॥ ૫
પાર તો નહી પામતો પ્રભુ ।
મછ આવીને વળગતા વિભુ ॥
ત્રણ તાપની વેદના નડે ।
જીવ મુકવા માગ ના જડે ॥ ૬
દુઃખકારમાં આવીને પડે ।
સુખ તો કદી સ્વપ્ન ન મળે ॥
હાય હાય રે શી રીતે તરૂં ।
બાવરો બની નાશતો ફરૂં ॥ ૭
કેર કારમો આ તે શું થયું ।
ઇશ ધામ તો વિસરી ગયું ॥
અંધકારમાં આથડું ઘણો ।
માર્ગ ન જડે વિભુજી તણો ॥ ૮
વૃદ્ધ રૂપ તો ભાળતો નથી ।
કાયર થયો શું કહું કથી ॥

---

૧ માયા.

પંચાનન પ્રભુ શોધતો ફરૂં ।
ન મળે મને ઉપાય શો કરૂં ॥ ૯
આગવો કોઇ મળે નહીં મને ।
ઢુંઢતો ફરૂં હે વિભુ તને ॥
ચોરાશી લક્ષને ચાર ખાણુમાં ।
ભમતો ફર્યો હું અજાણુમાં ॥ ૧૦
દુખ વેઠીઆં અંગમાં ઘણાં ।
ન દર્શ પામીયો હું તમો તણાં ॥
ઘણા ગુરૂ કરી થાકીયો હવે ।
ઇશ ન મળ્યા ખોળતાં ભવે ॥ ૧૧
પુરવ પુન્યથી ઇલોળા ગયો ।
દર્શતાં હરી પાવન થયો ॥
વિશ્વકર્મને નકી ઓળખ્યા ।
રૂદય કમળમાં એજ નિરખ્યા ॥ ૧૨
નવ ચુકું હવે નાથ માહરા ।
ગુણ તો ગણું સદાય તાહરા ॥
મોક્ષના પતી ત્રીલોચન તમે ।
નામ જાણુતાં વ્યાધી ના દમે ॥ ૧૩
વૃદ્ધ રૂપનું શરણુ પામીયો ।
સંસાર દુખને સેહેજ વામીયો ॥
માયા ફંદથી છુટીયો હવે ।
અંગ દાઝતો ઓલવ્યો દવે ॥ ૧૪
પ્રાણુનાથ રે હાથ ઝાલજો ।
નીજ ચરણુમાં અમર થાપજો ॥
અચળ પદમાં વાસ આપજો ।
બાંહેને ગ્રહી મનેજ તારજો ॥ ૧૫

સહાય ભક્તીનો લેશ વાધજો ।
કરી કૃપા અને કષ્ટ કાપજો ॥
રૂદે મધ્યમાં નિરખું સદા ।
ગોવરધન પ્રભુ ટળે આપદા ॥ ૧૬

રાગ પ્રભાતી—રામગ્રી.

સુત્રધારને નિત્ય ભજો ભાઇઓ હરી રસ ચાખો
ત્રણ લોકનું તત્વ એ છે અનીહાંહાંરે કુમતી કાઢી નાંખો॥ સુ.
દશ ઇંદ્રીયો વશ કરી ખટ ઉરમીને ત્યાગી ।
કામ ક્રોધને મારીને અનીહાં હારે ભજો ત્રિગુણ સોહાગી॥ સુ.૧
લોભ મોહનાપુરમાં તણાઇ નવ જાવું ।
વીત્ત સાઢ દુર કરી અનીહાંહાંરે મધમાં રાજી નહીં થાવું॥સુ.૨
તન મન ધન અરપણ કરી અન્ય વાસના ત્યાગી ।
એક તાર મનડા તણો અનીહાંહાંરે નીત્ય ભજવા સોહાગી॥સુ.૩
સુતવીન દારાને સંપત્તી તે પર સ્નેહ સુન્ય રાખી ।
રજની દીવસ રટણ કરો અનીહાંહાંરે માયાબળ સાંખી॥સુ.૪
વિષય સુખને પરહરી રસનાએ જપો નામ ॥
ગોવરધન વિશ્વકર્મા પ્રભુ મળે અનીહાંહાંરે પામો
અવીચળ ધામ ॥ સુત્ર. ૫

પદ ૨ જું—પ્રભાતી.

પ્રભાતે ઉઠીને સર્વે બાળકો ભજો પ્રભુ વિશ્વકર્મા ।
પાપ તાપ ટળી જશે થાશો સુકર્મા ॥ પ્રભાતે. ટેક.
કોટી કલ્પના દુષ્કૃતો જશે વહેતે પુર ॥
પાવન થાશો પ્રાણીયા દુખ જશે સરવે દુર ॥ પ્રભાતે. ૧
નિજ પીતામહનું સમરણ કરો જેથી સુક્યબુદ્ધિ આવે ।
શિલ્પ વિદ્યા કુશળ પામશો મુંઢ રાખે જો ભાવે । પ્રભા.૨

સુખ શાંતી પ્રભુ આપશે, નવનિધી અષ્ટમા સિદ્ધ ।
પાવન કુળ તેનું પ્રભુ કરે લક્ષ્મી પામે વીધ વીધ । પ્રભા.૩
દારીદ્ર દુર તેનું વરધ કરે પામે પદારથ ચાર ॥
ભુતળનાં સુખ ભોગવી તરે દુરઘટ સંસાર ॥ પ્રભા. ૪
નિજ લોકમાં નિત્ય રાખશે ગોવરધન સુત્રધાર ।
ફરી ગર્ભવાસ આવે નહીં તજી જાએ ખાણુ ચાર ॥પ્રભા.૫

પદ ૩ જું—રાગ પ્રભાતી.

નરનારી સમરી લોને વિશ્વકર્મ દેવા.
તન મન ધન અરપી કરો નિત્ય તેની સેવા ॥નરનારી॥ ટેક
ત્રિભુવન સરજનહાર પાપ નાશ કારી ॥
નિત્ય ભજન કરો મોક્ષ આપે સુત્રધારી ॥ નરનારી ॥ ૧
ધ્યાન ધરી જુવે પ્રાણી નિશદીન નાથ ॥
આત્મ તત્વ જોઇ પ્રાણી રમે તેની સાથ ॥ નરનારી. ૨
એવી દ્રઢ ભક્તી કરે સુત્રધાર કુળ આવી ॥
ચતુર વીધ સુખ પામે ટળે તેનાં ભાવી ॥ નરનારી. ૩
પ્રેમ મગન થઇને નૃત્ય કરે નાથ આગે ॥
ગોવરધન વિશ્વકર્મા દુખ તેનાં ભાગે ॥ નરનારી. ૪

પદ ૪ થું—રાગ પ્રભાતી.

વિશ્વકર્મા પ્રભુ મારા ટાળો તનના તાપ ॥
નિરમળ મતી કરો કહાવો જકત બાપ ॥ વિ. ॥ ટેક.
ઇલોળામાં તમે વાસ કીધો જુગ કાજ ॥
હંસની સવારી આપ જકત સુખ સાજ ॥ વિ. ૧
આવી અનેક દેવતા સેવા કરે નીશ દન ॥
ભાવ કરી ભેટવાને નીત્ય હરીજન ॥ વિ. ૨
જે જે બોલે છે લોક ધઢ ગાજી રહે છે ॥
પ્રભુ મારો પ્રસન થઇ અક્ષય ફળ દે છે ॥ વિ. ૩

સુત વીતનું સુખ આપે વરધ સ્વરૂપ ॥
ગોવરધન નામ તેનું કહાવે અમૃત કુપ ॥ વિ. ૪

ગરબી ૧ લી.

ચોર છે ચોર છે ચોર છે રે તું ।
વિશ્વકર્માનો ચોર છે. ॥ ટેક.
ઇલોળા ધઢમાં દરશન ગયો નહી ।
ત્યાં સુધી અંધારૂં ઘોર છે રે ॥ તું. ૧
સંસ્કૃત વાણીની કથા કાને ન સાંભળી ।
ત્યાં સુધી હરાયું ઢોર છે રે ॥ તું. ૨
કથા કીરતન નવ હરીનાં ગાયાં ।
આ મનુષ્ય દેહમાં નઠોર છે રે ॥ તું. ૩
વિશ્વ પ્રભુની તું મુરતી પુજે નહીં ।
ત્યાં સુધી અલ્યા હરામખોર છેરે ॥ તું. ૪
શાસ્ત્રનાં કથન કાને સાંભળે નહી ।
મુંઢ નિંધા કરવાને ચકોર છેરે ॥ તું. ૫
હરી ભજનમાં તને નવરાશ ન મલે ।
લાકડાં કુટવામાં હોસીયાર છે રે ॥ તું. ૬
જનોઇના તાર લોક દેખાડવા રાખતો ।
ધર્મ કર્મ સમજે નહીં ગમાર છે રે ॥ તું. ૭
સંધ્યા ને સ્નાન કુળ ધર્મ ન આચરે ।
ડેરાં રાખી ધુણવા તઇયાર છે રે ॥ તું. ૮
હરી કથા થાય તેમાં મોટાઇ કરીને ।
ગોવરધન બહુ ડોળનાર છે રે ॥ તું. ૯
ધરમના કામમાં ઝઘડો ઘાલીને ।
લોકને ઘણો ધુતનાર છે રે ॥ તું. ૧૦

ગરબી ૨ જી.

વિચાર છે વિચાર છે વિચાર છે રે ।
મારે પ્રભુ ભજ્યાનો વિચાર છે ॥ ટેક.
હવડાં તો કામ ઘણું ભેળું થયું છે ।
જોડે તે કોણ કરનાર છે રે ॥ મારે. ૧
છોકરા નાના તે તો મોટેરા થાય છે ।
પછી ભજવાના સુત્રધાર છે રે ॥ મારે. ૨
પરણાવું છોકરાને વહુ ઘેર આવે ।
દીકરીઓ સાસરે જનાર છે રે ॥ મારે. ૩
તમે સરવે કહો છો ભાઇ હરી કથા સાંભળો ।
પણ કામનો દેખો છો પરવાર છે રે ॥ મારે. ૪
થાકયા પાકયા સાંભળવા શું આવીએ ।
ઘરને તે કોણ સાચવનાર છે રે ॥ મારે. ૫
ગોવરધન અણુસમજુ એમ બોલે ।
કાળ ક્ષણમાં લેનાર છે રે ॥ મારે. ૬

ગરબી ૩ જી.

જાય છે જાય છે જાય છે રે ।
તારો આયુષ્ય વીતી જાય છે ॥ ટેક.
અવસર ગયો પાછો મળે નહીં તને ।
ક્ષણે ક્ષણે ઓછો થાય છે રે ॥ તા. ૧
તેતર ઉપર જેમ બાજ ભમે છે ।
તેમ શીર કાળ ખોટી થાય છે રે ॥ તા. ૨
મુસક મલપતો બહાર ફરે છે ।
તેને મંઝાર ક્ષણમાં સાય છે રે ॥ તા. ૩
મનના વીચાર તેના મનમાં રહે છે ।
તરત મંઝાર ખાઇ જાય છે રે ॥ તા. ૪

હજાર તરંગ તારા મનમાં ઉઠે છે ।
તું તો દ્રવ્ય ભેગું કરવા ચાય છે રે ॥ તા. ૫
બાળપણું તારૂં રમતાં જાએ છે ।
જોબનમાં નારી શું લેવાય છે રે ॥ તા. ૬
વરધપણામાં તને હરી કેમ સાંભરે ।
બાળપોષણ કરવાને દોડા ધાય છે રે ॥ તા. ૭
ચોથી અવસ્થામાં હક ખોઇ બેઠો ।
પછી હાથમાંથી સર્વસ્વ જાય છે રે ॥ તા. ૮
ગોવરધન તને જ્ઞાન નવ આવ્યું ।
એમ આશાએ ગોથાં ખાય છે રે ॥ તા. ૯

ગરબી ૪ થી.

ખાય છે ખાય છે ખાય છે રે તું માયામાં ગોથાં ખાય છે ।
ચાર ખાણ ચોરાશી લક્ષ ફર્યો પણ ।
ઉંઘમાં વહાણાં વહી જાય છે રે ॥ તું. ૧
કઇક ફેરા જળ સ્થળચર થાય છે ।
કઇક ફેરા ઝાડ પહાડ ચોની જાય છે રે ॥ તું. ૨
કોવાડે અંગ તારૂં છેદાઇ જાય છે ।
ખમી ઘણા ઘા રેહેવાય છે રે ॥ તું. ૩
અલ્પ વીંછી સરપ વાઘ રૂપ થઇને ।
હીંસા કરીને મલકાય છે રે ॥ તું. ૪
અલ્પ દેહ ઘણીવાર ધરે જગતમાં ।
દીપકમાં બળી જાય છે રે ॥ તું. ૫
ગરધવ થઇને ગુણ ઉપાડે પીઠ પર ।
ધોકો લેઇ ધણી ધાય છે રે ॥ તું. ૬
બળધ થઇ ગાડું ખેંચે મુરખ તું ।
રૂણી અંગ ઘોચાય છે રે ॥ તું. ૭

અસુર થઇ પરમાંસ અહાર કરતો ।
એમ અનેક વાર ભટકાય છે રે ॥ તું. ૮
જુગ વીતી જાય પણ અંત નવ પામે ।
નરક વીશે રોળાય છે રે ॥ તું. ૯
ગોવરધન હરી ભજ્યા વીન કોટી ।
ભવને ન પાર પામાય છે રે ॥ તું. ૧૦

મનહર છંદ—ભકિત વીશે.

હરી ભકત કરે નહીં નિરમળ મતી નહીં ।
ગતી તારી કયાંથી થશે વીચારી લે મનમાં ॥
અલ્યા ધુળ ધાણી કરે પુરવનાં પુન્ય હરે ।
જીતી બાજી હારી બેઠો ઝુરે છે સદનમાં ॥
કાયા તારી કંપી રહે કફ વાયુ કોપ્યો સહી ।
દીન દશા પડતી આવી ચેત્યો નહીં મનમાં ॥
મારૂં મારૂં કરે મથી નથી તારૂં તલભાર ।
અંતે એકલું જાવું છે લુટાશે તું વનમાં ॥ ૧
હરી મુખ જપ ભાઇ સગાઇ તે સાચી રાખી ।
અવરની ઓશીયાળ કાંઇ કામની નથી ॥
સંસારનાં સુખ તને વાલાં લાગે અતી ઘણાં ।
અંતે દુખ દાઇ એતો જાંણજે કહું છું કથી ॥
ભલાઇ ન લીધી જગ ભુંડામાં તો પગ દીધો ।
જગતની આબરૂમાં કહેવાયો અનરથી ॥
અવાળે તું બાથો મારે મન માંહે કાં ન ધરે ।
ગોવરધન વારે વારે કહું છું કથીકથી ॥ ૨
પરનાર નેહ કરી ગાંઠનું તું દામ ખુવે ।
તેને મળવાને કાજે રહે છે આતુરમાં ॥
કામ કરે હીણાં અલ્યા નિંદા લોકનીજ કરે ।

પારકે ઉદય તું તો રાજી નહીં ઉરમાં ॥
ઠગ થઇ ઠીક ફરે ઠાઠ ભારી કરી તન ।
ધન હરવાને કાજે ભમે અલ્યા ભુરમાં ॥
શાકુટ થઇને વાદ કરે ઠામ ઠામ જઈ ।
ગોવરધન કપોળી તું કરે ભરપુરમાં ॥ ૩
કામ વશ થઇ ભુતળ બાવરો બને છે મુંઢ ।
હરી તને ક્યાંથી મળે વીચારી જો ઉરમાં ॥
કરમ કોઠાર ભર્યા સત્ય મુખ બોલે નહીં ।
હરી તને ક્યાંથી મળે વીચારી જો ઉરમાં ॥
દીન પર મેહેર નહીં ક્રોધમાં ભરેલ રહે ।
હરી તને ક્યાંથી મળે વિચારી જો ઉરમાં ॥
મનુષ્યનો દેહ ધરી અનીતી કરે છે ઘણી ।
હરી તને ક્યાંથી મળે વીચારી જો ઉરમાં ॥ ૪
મનુષ્યનો દેહ ધરી અનીતી કરે છે ઘણી ।
નીતી નીમ ધારી નથી ઓળખતો નાથને ॥
પરધન હરણ કરીને લાવે ઘર માંહે ।
પકડે છે રાય ત્યારે ઘણા ઘસ હાથને ॥
મલીન દેવોનું તું તો સાધન કરે છે ઘણું ।
મધપાન કરી અલ્યા ધુણાવે છે માથને ॥
જુઠું જુઠું બતાવીને ધુતવાને હામ ઘાલે ।
ગોવરધન મુરખા તું બીવરાવે અનાથને ॥ ૫
પેટ ભરવાને કાજે પ્રપંચ કરે છે ઘણા ।
પાપ પુન્ય જુવે નહીં મુંઢ તું તો મનમાં ॥
સ્વારથમાં અંધ થઇ ભમે તું તો નીશ દીન ।
ઉરમીના ગોટા ઉઠે અતી તારા તનમાં ॥
ન કર્યાનાં કામ કરી આંધળા ઉદર ભરે ।
સ્વધર્મને ત્યાગ કરી રહે છે સદનમાં ॥

ગોવરધન નીશ દીન મજુરી કરે છે ઘણી ।
ઈષ્ટ દેવ નામ તારે આવે ન વદનમાં ॥ ૬
સંસારનાં સુખ માંણે હરીને તું નવ જાણે ।
ગરક થઇને રહે રાત દી મદનમાં ॥
અગનાની જીતી બાજી હારે અલ્યા વારે વારે ।
આળસ કરીને ચીત નવ દે ભજનમાં ॥
ખાનપાન કરી રાતદીન નિદ્રા માંહે સુવે ।
એવી રીતે આયુષ્ય ગુમાવે તું ભુતળમાં ॥
પાપી તારા પાપનો ન પાર આવે કોઇ દીન ।
ઘાણી કેરા બેલ પેઠે ફરે છે ભુવનમાં ॥ ૭
સતસંગ કરે નહીં કુસંગમાં ફરે ઘણો ।
જેમ દીન જાય તેમ અંધ થઇ વીચરે ॥
ઇષ્ટ ગુરૂ જાંણે નહીં પુન્ય તો ન કરે કદા ।
દ્વેષ કરે લોકનો ને ભુડાં વેણ ઉચરે ॥
જુઠી સાખ પુરી લોક દુખ દેવા તતપર ।
જુઠું બોલી જગતમાં અન્યાયને આચરે ॥
કુટુંબ કલેશી અલ્યા મુંઢ તને શીખ નાવે ।
ગોવરધન બુરી દશા આવે તારે આખરે ॥ ૮
પરનાર પ્રીત કરી રીત નવ રાખે રૂડી ।
પીતા તણું નામ બોળે બાવરો બની રહે ॥
રાત દીન જપે પરનાર કેરી પુતળીને ।
ઉકલે ન કામકાજ પુઠે તેની તું તો વહે ॥
લોક લાજ તજી દેઇ ફાંફાં મારે ફાતડા તું ।
ગાંઠનું તું દ્રવ્ય ખોઇ અંગ દુઃખ બહુ સહે ॥
રાત દીન ચિંતામાં ઉંઘ તને આવે નહીં ।
ગોવરધન મુરખા તું કોની શીખ નવ લહે ॥ ૯

છપ્પા.

જીવ્યો જગમાં જેહ જેણે પરમારથ કીધાં ।
જીવ્યો જગમાં જેહ જેણે સદાવૃત દીધાં ॥
જીવ્યો જગમાં જેહ જેનાં કારજ સહુ સીધાં ।
જીવ્યો જગમાં જેહ હરી રસ પય પીધાં ॥
જગમાં જીવ્યો જાણજો સદ મારગ ચાલે સદા ।
ગોવરધન એ જન તણી ટળે સદાએ આપદા ॥ ૧
ભજે વિશ્વકર્માય તેને જમ તેડું નવ થાય ।
ભજે વિશ્વકર્માય તેનાં દુખ દુર પળાય ॥
ભજે વિશ્વકર્માય રોગ અંગેથી જાય ।
ભજે વિશ્વકર્માય ધન પીતાને માય ॥
વિશ્વકર્માને ભજે સદા પાપ પ્રલય થાય છે ।
ગોવરધન તે પ્રાણીયા હરી સદનમાં જાય છે ॥ ૨
કરે વરધની સેવ દેવ સહુ રાજી રહે છે ।
કરે વરધની સેવ જમ દુત દુર રહે છે ॥
કરે વરધની સેવ ચતુર વીધ સુખ લહે છે ।
કરે વરધની સેવ દુખ તો દુર વહે છે ॥
વરધ સેવા કરવા થકી સુકિર્તી વાધે તે તણી ।
હરી પ્રસન સદા રહે લક્ષ્મી પામે છે ઘણી ॥ ૩
જાય ઇલોળા ધામ પ્રભુ પર પ્રીતી રાખી ।
જાય ઇલોળા ધામ હરીની કરશે ઝાંખી ॥
જાય ઇલોળા ધામ માયાને પાછી નાંખી ।
જાય ઇલોળા ધામ કામને દુર ઉવેખી ॥
એ રીતે નીજ ઇશનાં દરશન કારણ જાય છે. ।
ગોવરધન તે પ્રાણીયા સદા પવીત્ર થાય છે ॥ ૪
વિશ્વકર્મ કથાય સુણે જેહ ચીત ધરીને ।

વિશ્વકર્મ કથાય સુણે જેહ પ્રેમ ભરીને ॥
વિશ્વકર્મ કથાય સુણે જેહ નેમ કરીને ।
વિશ્વકર્મ કથાય સુણે જેહ વ્રત આચરીને ॥
કથા સુણે ભાવે કરી એક આસને બેસીને ।
મમતા તજી સુણસે જન સકળ કાજ ઉવેખીને ॥ ૫

પદ ૧ લું–ઠુમરીની દેશી.

જમુનાંને આરે હે સખી મેં તો ભરવા ગઇતી નીર–એ રાગ.

ઇલોળાવાશી નાથજી મારી વહાર કરોને આજ । ટેક.
ગજ સુત્ર ધારી મારો વાલો વીરાજે ।
અભય વરદાન પુસ્તક સમાજ ॥ ઇલોળાવાશી. ૧
ચતુર ભુજમાં આયુધ શોભે ।
કીધી હંસ સવારી મહારાજ ॥ ઇલોળાવાશી. ૨
કમળ વદન ત્રીનેત્ર છો વહાલા ।
કુંડળ મકરાકૃત શીર તાજ ॥ ઇલોળાવાશી. ૩
કંઠે મણી મોતી હાર વીરાજે ।
બેઠા ગોવરધન લેઇ સમાજ ॥ ઇલોળાવાશી. ૪

પદ ૨ જું–રાગ ઉપરનો.

ગહનગતી તાહરી મારા સુત્રધારી શ્યામરે ॥ ટેક.
તારી ગતીને વેદ ન પહોંચે ।
વીધી ગુણ ગાઇ હાર્યા છે હામ ॥ ગહન ગતી. ૧
નારદ સારદ શેશ સનકાદીક ।
તુજ ગાતાં નવ પામ્યા ઠામ ॥ ગહન ગતી. ૨
તપસી જોગી દેહ દમીને ।
ગાળ્યો જન્મ પણ નવ પામ્યા ધામ ॥ ગહન ગતી. ૩
ગોવરધન પ્રભુ ભક્ત જુવે છે ।
રૂદે કમળમાં આપ મુકામ ॥ ગહન ગતી. ૪

પદ ૩ જું.

પરમ સુખ ધામ છે ભજું નામ તમારૂં મહારાજ ॥
સુર મુની શેવે ચરણ તમારા ।
નીત્ય નીત્ય કરો તેનાં કાજ ॥ પરમ સુખ. ૧
આનંદ કંદ વિશ્વપતી છો ।
સમરે તમને સકળ સમાજ ॥ પરમ સુખ. ૨
મોટા મોટા તમ ભજન પ્રતાપે ।
પામ્યા અક્ષય સુખનાં સાજ ॥ પરમ સુખ. ૩
ગોવરધન પ્રભુ નામ સ્મરણથી ।
જીવ માત્રનાં સરશે કાજ ॥ પરમ સુખ. ૪

પદ ૪ થું.

વિશ્વકર્મા નાથજી ભવ પાર ઉતારો આપ ॥ ટેક.
માયાની જાળે જીવ ધુંચવાયો ।
કાપો બંધન ટાળીને પાપ ॥ વિશ્વકર્મા. ૧
ત્રીતાપ મુજને પીડે ઘણેરા ।
શાંતી પમાડો જુગના બાપ ॥ વિશ્વકર્મા. ૨
ભવસાગરમાં બુડવા બેઠો ।
હાથ ઝાલી તારો નિષ્પાપ ॥ વિશ્વકર્મા. ૩
ગોવરધન પ્રભુ તમ વીન સરવે ।
જુઠી બાજી ભરમણા અમાપ ॥ વિશ્વકર્મા. ૪

ગરબી ૧ લી.

રઘુપતી રામ રૂદેમાં રહેજોરે એ રાગ.

સુત્રધાર શ્યામ વહારે ચડજોરે ।
કરી હંસ તણી અસવારી ॥ સુત્ર.
મને પીડે છે દુરીજંન લોકરે ।
ક્લેશ પામું તેના થકી ભારી ॥ સુત્ર. ૧

મારા તનના તે તાપ નિવારોરે ।
શાંતી આપોને વસુના કુમાર ॥ સુત્ર.
ઘણો ભટકાઇ અકળાણું મનરે ।
ભુલી ગયો છું વારંવાર ॥ સુત્ર. ૨
જુગો જુગ ભમ્યો ભવમાંહેરે ।
પાર પામ્યો નહીં કોઇ દન ॥ સુત્ર.
ઝાડ પહાડ થયો મારો દેહરે ।
વનચર થઇને ફર્યો છું ભુવન ॥ સુત્ર. ૩
જળ સ્થળમાં લીધા અવતારરે ।
દોહેલા દીવસ કાઢયા દુખ પામી ॥ સુત્ર.
માંસ મદીરાનાં ભક્ષણ કીધાંરે ।
નારી ભોગવી બહુ થઇ કામી ॥ સુત્ર. ૪
ચોરી ચાડી કીધી જગ ભારીરે ।
ન જાણ્યો મેં ધર્મ અધર્મ ॥ સુત્ર.
ગોવરધન પ્રભુ હવે થાકયોરે ।
નવ મુકું પલ્લો વિશ્વકર્મ ॥ સુત્ર. ૫

ગરબી ૨ જી.

વિશ્વકર્મા નાથ સાચવી લેજોરે ।
અભય વરદાન આવી દેજો ॥ વિશ્વ.
હું છુ જુઠો લબાડી જનમનોરે ।
ક્ષણે ક્ષણે સંભાળી લેજો ॥ વિશ્વ. ૧
ઘણી પ્રતીજ્ઞાઓ તમ આગેરે ।
તેતો પાળી નથી ભગવાન ॥ વિશ્વ
પંચમહા ભુતને આજીજી કીધીરે ।
તમ ભાગ આપોને પાવનરે ॥ વિશ્વ. ૨

મારે જાવું ભુતળની માંહેરે ।
કરવા ભકતી હરીની નિષ્કામ ॥ વિશ્વ.
પંચમહા ભુત કે તને ઘણી વારરે ।
નાખ્યો ભાગ ન પામ્યો સ્વધામ ॥ વિશ્વ. ૩
માનુષ્ય રૂપ ધરી ભુલી જાયરે ।
કરે કુડાં કર્મના વેહેવાર ॥ વિશ્વ.
તારી પતીજ હવે નવ આવેરે ।
તું તો ફુંકે દેવાળું વારે વારે ॥ વિશ્વ. ૪
તને શોધવો અમારે કયાંહેરે ।
લાવ્ય જામીન કોઇ હુશીયાર ॥ વિશ્વ.
ગોવરધન ત્યાં જામીન સોંપ્યારે ।
ત્યાંતો જમના દુત તઇયાર ॥ વિશ્વ. ૫

ગરબી ૩ જી.

જઇને પાએ નમ્યો જમ દુતરે ।
આજે કૃપા કરો મહારાજ ॥ જઇ.
હું કાયર થયો ફરી ફરી ભવમાંરે ।
માટે પડયું તમારૂં કાજ ॥ જઇને. ૧
મારે ધરવો મનુષ્ય અવતારરે ।
ભજવાને વસુના કુમાર ॥ જઇને.
રહેવા કારણ ઘરરૂપી દેહરે ।
વસી તેમાં ભજું સુત્રધાર ॥ જઇને. ૨
મારે જાવું છે નિજ ધામ માંહેરે ।
ફરી ન આવું સંસાર ॥ જઇને.
મોક્ષ પંથે પળું મહારાજારે ।
ઘણા ઉપકાર માનું તમારા ॥ જઇને. ૩

હવે જુદો ન પડું કદાપીરે ।
પાળું શાસ્ત્ર તણા હું ધારા ॥ જઇને.
કોલ જમને આપ્યા તેણી વારરે ।
જામીન થવા કબુલાત આપી ॥ જઇને. ૪
માતુ ગરભમાં આવ્યો તતકાળરે ।
ત્યાંતો જપે છે ગોપાળ નામ ॥ જઇને.
ધરી જન્મ ભુલ્યો તતકાળરે ।
હરી ભુલી ગયો છે નિજ ધામ ॥ જઇને. ૫

ગરબી ૪ થી.

જેણે નવ ભજ્યા સુત્રધારરે ।
તેનો એળે ગયો અવતાર ॥ જેણે.
મનુષ્ય દેહ તેનો પશુ તુલ્યરે ।
તેનાં માત પીતાને ધીકાર ॥ જેણે. ૧
માને નવ માસ ભારે મારીરે ।
જન્મ્યો પાષાણવત તેનો દેહ ॥ જેણે.
તેનું જીવન એળે સહુ જાય રે ।
મુંઢ ગમાર કહાવે તેહ ॥ જેણે. ૨
કૃતઘ્ની એ મહા ચંડાળરે ।
હરી વીમુખ કહાવે જેનું મુખ ॥ જેણે.
ઇજત હીણુ જગતમાં ફરતોરે ।
ઘણું ઘણું પડે તેને દુખ ॥ જેણે. ૩
વિશ્વકર્માનું નવ લે નામરે ।
જાણો ચંડાળે કર્યું તેનું ધામ ॥ જેણે.
પાપના ઓઘ ભરીયા ઝાઝારે ।
એ અધરમી પડે નીચ ઠામ ॥ જેણે. ૪

પુર્વે પુન્ય પરવારી જાય રે ।
ખાલી થઇને બેસે છે ગમાર ॥ જોણે.
પેલા જમના દુત આવી ઝાલે રે ।
છોડાવે છે ઘર મારી માર ॥ જોણે. ૫

પદ ૧ લું.

ઓ રઘુવીરજી મઇયા કહે છે એ રાગ.

ઇલોળાવાશી દરશન દેજો મુજને ભાવે ભેટી ।
દુખ ભુખ ભાગે આવ્યો છું હું ઘણું ઘણું દુખ વેઠી॥ ઇલો. ટેક.
વન નદીયો ઓળંઘી ઝાઝી વાઘ વરૂના ભયને તાજી ।
ઘઢ દેખીને થયો હું બહુ રાજી ઇલોળાવાસી દરશન ॥ ૧
વિશ્વ કુંડમાં સ્નાન કીધું આવીહમારાં તરત ટળ્યાં પુરવ ભાવી।
સુદ્ધ ભોમી ઘણી બીજે નહીં આવી ઇલોળાવાસી ॥ ૨
કરી સ્નાન ને શીવ પુજન કરીયાંશીષ દેવ તણે ચરણે ધરીયાં।
રચના જોઇ જોઇ લોચન ઠરીયાં । ઇલોળાવાસી ॥ ૩
દેવપુરી જોઈ આનંદ પામ્યો મારા ભવનાં દુખ સરવે વામ્યો।
ગોવરધન ચરણમાં આવી નામ્યો । ઇલોળાવાસી ॥ ૪

પદ ૨ જું-રાગ ઉપરનો.

મારા ઇષ્ટ કહાવો પીતા ગુરૂ છો આપે સુત્રધાર ।
તમ ચરણે રહી ભકિત કરવી મારે તો વારંવાર ॥ ટેક. ॥
કરી ભજન ને ભવ મારે તરવો છે। આ સંસારને શું કરવો છે॥
એક સાચો ઇષ્ટ મારે વરવો છે। મારા ઇષ્ટ કહાવો ॥ ૧
મીથ્યા માયા મેં ત્યાગ કરી। સત્ય માન્યા હૃદયકમળમાં હરી॥
ખોટી વાસનાયો કરી છે મેં પરી । મારા ઇષ્ટ કહાવો ॥ ૨
કામ શત્રુને મેં દુર કીધો । મોક્ષ મારગ મેં શોધી લીધો ॥
હરી રસ મારા મુખડામાં પીધો । મારા ઇષ્ટ કહાવો ॥ ૩

મેં સંગાથ છોડી દીધા છે । મન તુરંગ તો વસ્ય કીધા છે ॥
ગોવરધન હરી રૂદે લીધા છે । મારા ઇષ્ટ કહાવો ॥ ૪

પદ ૩ જું.

સુત્રધાર સ્વામી મોક્ષ મારગના આપ છો અધીકારી ॥
તારવા જીવને આપે તો કીધી હંસ તણી અસવારી । ટેક.
ગજ દંડ દુષ્ટને દળવાને કર લીધો છે અરી હરવાને ॥
કર સુત્ર તે ચૌદ લોક ધરવાને । સુત્રધાર ॥ ૧
અભે વરદ ધર્યું ભકત જન કાજે । કરમાળ ધરી છે મહારાજે
કરમ જોવાને પુસ્તક છાજે ॥ સુત્રધાર ॥ ૨
સુધા કુપ સમાન મુખ પંચ શોભે । હરીજનનાં જોઇ મનડાં લોભે
કમળ નેત્ર વદન પર બહુ ઓપે । સુત્રધાર ॥ ૩
વાર ભકત તણી કરતા નીત્યે । તેના દોષ ટાળો છો કરી પ્રીતે ॥
ગોવરધન નિજ જન કાળજીતે । સુત્રધાર ॥ ૪

પદ ૪ થું.

મારા વાલાજી તુજ ચરણમાં સુખડું પામું છું ઘણું ।
શાંતી પામી નીત્ય નીત્ય નામ તમારૂં ।
મુજ મુખથી ભણું ॥ ટેક.
કામાદી શત્રુ પીડે નહીં કોઇ આવી ।
તનનાં ટળી જાશે દુરભાવી ॥
ઉરમીઓ અંગમાં નવ આવી । મારા વાલાજી ॥ ૧
અત્યાનંદ સુખમાં હું રમું નીશદન ।
ઉદવેગ ન પામું શાંતી છે મન ॥
ત્રિતાપ વેદના નથી મારા તંન । મારા વાલાજી ॥ ૨
જન્મ મરણની વેદના ગયો વામી ।
મારા નાથ તણું શરણું પામી ॥
મારા અંતરના અંતરજામી ॥ મારા વાલાજી ॥ ૩

ગરભ વેદનાઓ ટળી ગઈ છે મારી ।
ચાર ખાંણુ હરી તમે નીવારી ॥
ગોવરધન પ્રભુની એ બલીહારી॥ મારા વાલાજી॥ ૪

રાગ મેવાડો. ચોતાળ.

કલ્પના તારીરે મુરખ મીથ્યા જાય છે રે ।
પણ નવ સમજે મન લગાર ॥
વહાંણુંને વાહાયાંરે ગોથાં મારતાંરે ।
નિદ્રા ન આવે તુજને ગમાર ॥ કલ્પના તારીરે. ૧
ઘડે અને ભાગેરે અનેક વસ્તુ કરી રે ।
એતો તારી મેહેનત મીથ્યા જાય ॥
સુધરે ન એકેરે એ તુરંગના ઘોડલા રે ।
એમાં કાંઈ સત્ય વસ્તુ ન કેહેવાય ॥ કલ્પના તારીરે. ૨
ઝાંઝવાનાં નીરરે દેખીને રાજી થવું રે ।
હવડાં જઈને નિરમળ જળનું પાન ॥
કરૂં છું જઈ નક્કીરે ત્રશ્યા શાંતી પડે રે ।
પાસે જતાં જળ ન પામે હેવાન ॥ કલ્પના તારીરે. ૩
દરીદ્ર સુતોરે સ્વપનાં આવીયાંરે ।
બેઠો રાજગાદીને મળ્યા ભંડાર ॥
જાગીને જુવેરે કાંઇ મળે નહીંરે ।
મન ઘણો પસ્તાએ ગમાર ॥ કલ્પના તારીરે. ૪
વંઝા નારીરે પુત્રને પામતીરે ।
સ્વપનામાં ધવરાવે નિજ કુમાર ॥
ફુલાવે રમાડેરે જાગ્યા પછી મળે નહીંરે ।
મન પસ્તાવો પામે વંઝા નાર ॥ કલ્પના તારીરે. ૫
સ્વમતામાં વિચારે મુંઢ જન પામીયોરે ।
ચાર વેદ ભણ્યો પુરાંણુ અઢાર ॥

સભાજીત થયોરે મન ફુલે ઘણોરે ।
ગોવરધન જાગે ત્યારે ગમાર ॥ કલ્પના તારીરે. ૬

પદ ૨ જીું.

સત્ય એક જુગમાંરે જુગદાધાર છે રે ।
બીજી સરવે જુઠી માયાની જાળ ॥
વિટંબણા જાણોરે મીથ્યા સંસારમાં રે ।
સરવેને ખાઇ જાશે કાળ ॥ સત્ય એક. ૧
સુત વીત જાયારે તેને વળગી રહ્યો રે ।
એ છે તારા વીત્તને હરનાર ॥
ફોલીને ખાશેરે કાળજુું તાહરૂં રે ।
વરધપણે તજે તને ધરનાર ॥ સત્ય એક. ૨
અવરને શોધેરે નિરદય ડાકણી રે ।
ક્યારે મરે ને સુખે બીજે જાઉં ॥
મુરખ શું મોહ્યોરે માયાના ફંદમાંરે ।
જુઠી બાજી શું રાજી થાઉં ॥ સત્ય એક. ૩
પુન્ય ને પાપરે તુજ સંગ આવશેરે ।
સાંચ્યું સુંચ્યું પડયું રહે ધનમાલ ॥
ખોટીને બાજીરે મીથ્યા સંસારનીરે ।
મીથ્યા જાંણો સંબંધી કેરાં વહાલ ॥ સત્ય એક. ૪
મોહ માયામાંરે હરી સમરે નહીંરે ।
જેમ જેમ વરસ વીતી જાય ॥
ત્રષ્ણા વાધીરે તારા તંનમાંરે ।
પુરવનું પુન્ય ઓછું થાય ॥ સત્ય એક. ૫
આ અસત્યની બાજીરે ઇશ્વરે રચીરે ।
સત્ય જેવી ભાસે મધ્યની માંહે ॥
આદીઅંત્ય જુઠીરે તેને જાણવીરે ।
ગોવરધન ફસાય જ્યાંહે ને ત્યાંહે ॥ સત્ય એક. ૬

પદ ૩ જું.

સોડ તાણી સુતોરે મુરખ પ્રાણીયારે।
જાગીને ન જોયું તેંતો લગાર ॥
વરધપણાનેરે પામ્યો મુરખારે।
તોએ પણ તુજને નાવે વીચાર ॥ સોડ તાણી. ૧

કફ વાયુ વાધ્યોરે તારા અંગમાંરે।
સ્વાસે તારૂં મુખડું ફાટી જાય ॥
આંખ્યોને ગળતીરે બોલ્યું જાએ નહી રે।
વાંકું તારૂં અંગ સરવે થાય ॥ સોડ તાણી. ૨

બળ તારૂં ભાગ્યું ને કાયા તારી ધ્રુજતીરે।
ફટકાર કરે છે પરીવાર ॥
મુરખ ન ચેતેરે આયુષ્ય આવી રહ્યોરે।
તોએ ન ભજે જગકીરતાર ॥ સોડ તાણી. ૩

લોક સરવે કહે છે રે ભજ ભગવાનને રે ॥
છોડી દેઇ સકળ આ જંજાળ ॥
વહાણ તારૂં બુડેરે તપાસી જોને બાવરારે।
નજીક આવ્યો છે તાહરો કાળ ॥ સોડ તાણી. ૪

તોએ નવ સમજેરે બાળદોરી ખેંચતો રે।
હાલો હાલો કહીને બોલે છે મુખ ॥
હરી નવ બોલેરે પાપી જીવડા રે।
મીથ્યામાંતો માન્યું તેં ઘણું સુખ ॥ સોડ તાણી. ૫

કાળ આવ્યો પાસેરે ચેતાવાને કારણે રે।
દશને ઇંદ્રીયો શીથળ થાય ॥
ચાલી નવ સકેરે પગ વાંકા થયા રે।
તોએ નવ ભજે વિશ્વકરમાય ॥ સોડ તાણી. ૬

મન અભીમાનરે મુકે નહીં લુંડકારે ।
હજી કરે પંચાત જઇ પંચમાંય ॥
લાંચોને ખાતોરે કાળના કોળીયારે ।
ગોવરધન કોણ ઝાલશે તારી બાંહે ॥ સોડ તાણી. ૭

પદ ૪ થું.

જમદ્વાર દેખીરે થર થર ધ્રુજતોરે ।
પાછા પગ નાંખે ખાતો માર ॥
હવે શું થાશેરે કોણ છોડાવશેરે ।
ચારે દીશ જુવે છે વારંવાર ॥ જમદ્વાર દેખીરે. ૧
અનેકને જીવરે ઉંધે માથે લટકતારે ।
નીચે અગની બળે જળહળકાર ॥
પોકાર કરે છે રે ઝાઝો પ્રાણીયારે ।
તેને દેખી ધ્રુજે અપરંપાર ॥ જમદ્વાર. ૨
પસ્તાવોને પામેરે મનમાં અતી ઘણો રે ।
મારી ગતી આવી હવે થનાર ॥
કોણ છોડાવેરે જમના હાથથી રે ।
નથી પુન્ય દાન મેં કીધાં લગાર ॥ જમદ્વાર. ૩
કેટલાક જીવરે ઘાણીમાં ઘાલીયા રે ।
કેટલાને ફોલે છે સરપ ને ગીધ ॥
આંખ્યોને ફોડેરે દુખ પામે અતી ઘણું રે ।
કુંભીપાકે દુખ પામે છે વિધવિધ ॥ જમદ્વાર. ૪
અંગારને ધખતારે નાંખે કઇક જીવને રે ।
અણુવાંણા પાએ ગોખરૂમાં ચલાય ॥
ઉંની ઉંની રેતીરે પગ બળી જાય છે રે ।
ઘણા જીવનાં સસ્ત્રે શીશ છેદાય ॥ જમદ્વાર. ૫

કઇક જીવનેરે સાંણુસા વળગાડીયા રે ।
માંસ ચુટે જમના દુત વારંવાર ॥
પોકારને કરતારે દયા નવ ઉપજે રે ।
કરે જમ દંડ તણા ત્યાં પ્રહાર ॥ જમદ્વાર. ૬
ભયંકર આવેશરે જોઇ પ્રાણી થરથરે રે ।
હવે મારી વલે તે શી અહી થાય ॥
વહાર કોણ કરશેરે પસ્તાવો બહુ કરે રે ।
ગોવરધન કરે છે ઘણી ચીંત્યાય ॥ જમદ્વાર. ૭

પદ ૧ લું. વરીએ તો વીઠલ વરને વરીએ—એ રાગ.

અજ્ઞાની પ્રાણી ચેતીને ચાલો મારા વીરા ।
પ્રભુનું ભજન કરોને ધીરા ધીરારે અજ્ઞાની ટેક.
આવ્યા છો તો લાભ લેવાને ખોઇને જાશો મુંડી ।
વેહેપાર સર્વે ભાગી પડશે કોઇ ન શીકારે હુંડીરે ॥અજ્ઞાની.૧
ચોરી ચાડી નિંદાને તજી ભજોને સુત્રધાર ।
ઘોર પાપવ્યભીચારનું કહાવે કહુંછું વારંવારરે॥અજ્ઞાની.૨
પરમારથનાં કામ કરોને શાંતી રાખી મંન ।
ક્રોધ કામને દુર કરીને હરીને અરપો તંનરે ॥ અજ્ઞાની. ૩
વિશ્વ પ્રભુની ભક્તી કરજો ટેક ધરી નિત્ય નિત્ય ।
ગોવરધન આ દેહ ધરીને કોદી ન કરશો અનીત્યરે॥અજ્ઞાની.૪

પદ ૨ જું.

વારૂં છું તમને વારે વારે શીખ દેઇ ।
તનમનથી ત્રિગુણાતિત ભજો મારા ભાઇરે વારૂં છું તમને. ટેક.
આળસ તજીને હરીને ભજવા દેહ ધર્યાનો લાવો ।
મીથ્યા જાણો સકળ પદારથ અવસર નાવે આવોરે ॥વારૂં.૧
જો ભુલ્યા તો પડશો ભવમાં ગોથાં ખાશો વીરા ।

સાગર મથતાં કાંકરા આવે કો દન આવે હીરા રે ॥ વારૂં. ૨
નામ હરીનું સમરણુ કરતાં નવ બેસે કાંઇ દામ ।
હાથે પગે કરવાનાં છે ઘર તણાં સહુ કામ રે ॥ વારૂં. ૩
નીશદીન ભજવા વીશ્વકર્માને ધ્યાન રૂદેમાં ધારી ।
ગોવરધન એવા પ્રાણીપર હું જાઉં બલીહારી રે ॥ વારૂં. ૪

પદ ૩ જું.

વાલોજી મારો રૂદય કમળમાં વશીયો ।
સાક્ષી રૂપ રહ્યા છે એ રશીયો રે ॥ વાલોજી મારો. ટેક
પદ્દમાસન વાળીને બેઠો ધ્યાન ધરીને વાલો ।
જોતી રૂપ વીરાજે છે જોવાને હીમત ઘાલો રે ॥ વાલો. ૧
નીશદીન વીચાર એવા રાખો જોવું એહ સ્વરૂપ ।
અવર વીચારો તજી દેવા તરશો માયાકુપરે ॥ વાલો. ૨
જ્યાં સુધી એ રૂપ ન જોયું ત્યાં સુધી અંધારૂં ।
મેહેનત કરતાં કો દીન જડશે એહ ધાણીનું બારૂંરે॥ વાલો. ૩
જડશે ત્યારે ઉઘડી જાશે નેત્ર તો તતખેવ ।
ગોવરધન દુખ ટળી જાયને સુખ પામો અહમેવરો॥ વાલો. ૪

પદ ૪ થું.

આ ભક્તી કરતાં ભાવટ સરવે ભાગે ।
અંતર માંહે અનુભવ ત્યારે જાગેરે ॥ આ ભક્તી. ટેક.
અભ્યાસે અનુભવ થાશે આવે દુખનો આરા ।
અંતરવૃતી એમાં ભળશે સંસાર લાગે ખારોરે॥આ ભકતી.૧
પ્રેમ મગનમાં ડોલ્યા કરશો લોક લાજને ત્યાગી ।
અંતર બાહેર સર્વ સ્થાને દેખાશે સોહાગીરે॥આ ભકતી. ૨
રાગ દ્વેષ રહીત થશો ને મોહમમતા દુર જાશે ।
અંતરમાં અજવાળું ભાળો રહો હરીની પાસેરે ॥ આ. ૩
સીખ માની લો મારી ભાઇઓ સીધે મારગ ચાલો ।
ગોવરધન અમર સુખ પામો પ્રેમ રસમાં માહાલોરે ॥આ.૪

શ્રી વિશ્વકર્માની સ્તુતી.

હે વિશ્વકર્મા પ્રભુ, તમે મારા રૂદયાકાશમાં નિરંતર શાક્ષીરૂપ રહો છો, તેમ મારાં શુભ ને અશુભ કર્મને નિરંતર જોયા કરો છો ને તે કર્મનાં ફળ મને ભોગવવાને ભુતળમાં વારંવાર અવતાર આપો છો, પણ હે પ્રભુ, માયાનું અંધારૂં જે અજ્ઞાન વડે કરી મારા સમજવામાં આવતું નથી તેથી કરી હું વારંવાર ગર્ભને વિશે આવી દુઃખ ભોગવું છું ને આ દુર્ઘટ એવી માયાના ચક્રમાં ઘાણીના બળધની પેઠે અનાદીકાળનો ભમ્યા કરૂ છું પણ આ ભવનો પાર પામતો નથી. માટે હે પ્રભુ, તમે સુર્યરૂપ મારૂં દીવસે રક્ષણ કરો અને રાત્રીમાં તેજોમય સ્વરૂપ મારૂં રક્ષણ કરો. હે પરમાત્મા વિશ્વકર્મા પ્રભુ, તમે વૃદ્ધ કાય રૂપે મારા શરીરનું રક્ષણ કરો. હે પ્રભુ, તમે ચતુરભુજ રૂપે મારા હાથનું રક્ષણ કરો. હે પ્રભુ, પંચાન રૂપે તમે મારા મુખનું તથા શીરનું રક્ષણ કરો. હે હંસારૂઢ પ્રભુ, તમે મારાં ગળા (કંઠ)નું રક્ષણ કરો. હે ત્રીનેત્ર પ્રભુ, તમે મારાં નેત્રનું રક્ષણ કરો. હે જ્ઞાનધૃક પ્રભુ, તમે મારા રૂદયનું રક્ષણ કરો. હે વિશ્વરૂપ પ્રભુ, તમે મારા ઉદરનું રક્ષણ કરો. હે વિશ્વાત્મક પ્રભુ, તમે મારી જઠરાનું રક્ષણ કરો. હે સુત્રધાર પ્રભુ, તમે મારી નસોનું રક્ષણ કરો. હે ડંડધૃક પ્રભુ, તમે મારા શત્રુઓથી રક્ષણ કરો. હે અભય વરદ પ્રભુ, તમે મારાં અનેક પ્રકારનાં સંકટો નિવારણ કરો. હે વિશ્વેશ પ્રભુ, તમે મારા સરવે અંગનું રક્ષણ કરો. હે કૃત્તીપતી પ્રભુ, તમે મારી સ્ત્રીયાદીકનું રક્ષણ કરો. હે અજન્મા પ્રભુ તમે મારા જન્મ મરણનો નાશ કરો. હે દીશાંભ, તમે મારી ઇંદ્રીયોનું રક્ષણ કરો. હે વિશ્વકર્મા પ્રભુ, તમે મારી કટી (કેડ)નું રક્ષણ કરો. હે અંતર

જામી પ્રભુ, તમે મારા અંતઃકરણનું રક્ષણ કરો. હે વિશ્વકરમા પ્રભુ, હું તમારા દાસનોએ દાસ છું. હે પ્રભુ, નિરંતર મને તમારી ભક્તી આપો. હે પ્રભુ, મને સદાકાળ સદ પુરૂષોનો સમાગમ આપો. હે દીન દયાળ પ્રભુ, સદાકાળ મારૂં મન તમારે વિશે તતપર રહો. હે અખંડાનંદ પ્રભુ મારૂં ચીત નિરંતર તમારા સ્વરૂપને વિશે આશકતી પામો. હે અચ્યુત, મારા મનની વૃત્તિ સ્થીર થઇ તમારે વિશે રહો. હે સત્ચીદાનંદ પ્રભુ, કામ ક્રોધાદીક શત્રુનો નાશ કરી મને સદાકાળ આનંદમાં રાખો. હે હંસવાહન જેનું છે એવા પ્રભુ, મારા મનના મનોરથ હંસરૂપ કરો, હે ત્રીનેત્ર પ્રભુ, મારા રૂદય કમળમાંથી માયાનો અંધકાર નાશ કરી જ્ઞાનરૂપી ચક્ષુ ઉદય કરો. હે નારાયણ, હે વિશ્વનાથ, હે અંતરજામી, હે વિશ્વકર્માં, હે વૃદ્ધરૂપ, હે વસુનંદન, તમે આ ભવસાગર રૂપ માયાના અંધકારમાંથી તારી લો ને નિરંતર તમારા ચરણ કમળમાં રાખો. હે પ્રભુ, હું અજ્ઞાની છું માટે તમારી ભકતી મને નીરંતર આપો, તમારા ગુણાર્બીંદની કથા ઉપર સદાકાળ શ્રદ્ધા આપો; નીરંતર તમારા ભકતનો સમાગમ આપજો. એજ હું હે પ્રભુ, તમારૂં પુજન કરીને માગું છું.

સંવત ૧૯૬૯.
ચૈત્ર ક્રશ્ન ચતુર્દશી.

ગ્રંથ કર્ત્તા
પુરાણી ગોવરધન દેવરામ.
નગ્રે-ટીટોડાવાસી.

ભાગ ૨ જો.

અથ નિરદોષ વાસ્તુ સુચના.

આ એક અમુલ્ય રત્ન ગ્રંથ છે, કારણ ગમે તેવો ઇમારત પ્રાસાદ વીગેરેમાં વેધ હોય ને ધણીને તે વેધ નડતો હોય તો જે શીલ્પી આ નિરદોષ વાસ્તુ ભણેલો હોય તો તરત ઇમારતમાં જે જે વેધ હોય ને તે વેધથી ઘર ધણીને જે જે સંકટો આવતાં હોય તો તે વેધ જ્યાં ઇમારતમાં આવેલો હોય તે આ નિરદોષ વાસ્તુના પ્રમાણથી કાઢી ઘર ધણીને સુખ કરી આપે છે એવું સિદ્ધ જાણવું.

વળી જે શીલ્પી આ નિરદોષ વાસ્તુ ભણેલો હોય તો પોતાના કરેલા કામમાં કોઇ દહાડો વેધ આવે નહીં માટે પ્રથમથીજ ઘર ધણીએ શીલ્પ વિદ્યા જાણનાર સુતારને કામ કરવાને આગેવાન (મીસ્ત્રી) તરીકે રાખવો, અભણ મુરખની પાસે કોઇ દહાડો કામ કરાવવું નહીં, ને કરાવે તો હાની કર્ત્તા થાય તેમાં શક જાણવો નહીં.

અહો દુનીયામાં શ્રી વિશ્વકર્માએ શીલ્પ વીદ્યારૂપી અખુટ ધન, સર્વે લોક, રાજા રંક વીગેરેને પોતાના સુખ રૂપ ઘર તેમાં સુખી રહે એવી શીલ્પ વિદ્યા દીપકરૂપ પ્રગટ કરેલી, લોકના હીતને અર્થે ને વળી પોતાના પુત્ર શીષ્યોને અર્થે જ્યોતીરૂપ વિદ્યા મુકી પોતે અંતરધ્યાન થયા અને તે વિદ્યા પોતાના શીષ્ય પુત્રોને સંપુર્ણ ભણાવી સોંપી ગયા ને તે સર્વેને કહેતા ગયા કે હે પુત્રો આ શીલ્પ વિદ્યારૂપી ધન તમે જેમ કોઇ હીરા રત્ન વીગેરેને સાચવી

રાખો તે પ્રમાણે સાચવી રાખજો; અને પોતાના પરીવારને એ વિદ્યા ભણાવજો, તો તમે સદાકાળ રાજા પ્રજા વીગેરેમાં માનવંતા થઈ મારા તુલ્ય પુજાશો; કારણ આ ઇલોળા પરવતમાં મારી મૂર્તિ સ્થાપન કરીશ ને પૃથ્વીને વિશે જેમ બ્રહ્માને બદલે બ્રાહ્મણોનું પુજન થાય છે તેવીજ રીતે જગતમાં મારે બદલે તમારૂં પુજન થશે.

આ મારા કરેલા જે જે શીલ્પના ગ્રંથ છે તેમાં જે જે પ્રમાણ આપેલાં છે તે સિદ્ધાંત છે ને પ્રમાણ પ્રમાણે ગણીત કરી ઘર, મઠ પ્રાસાદાદીક જે જે કામ તમો મારા પુત્રો તથા શીષ્ય મળી બાંધશો તો બંધાવનારને અતી લક્ષ્મી, પુત્ર, પરીવારાદી સુખ ને ભુતાદીકની અનેક પ્રકારની પીડાઓ દુર થશે ને સદાકાળ તે પ્રાસાદાદીકમાં પરમાત્માનો વાસ હશે, માટે આજે તમારા હીતનાં વચન મેં કહ્યાં તે મારા વચન ઉપર શ્રદ્ધા રાખી ચાલજો; તો તમારા વંશની પણ વૃદ્ધિ થશે. વળી કોઇ પણ કામ અપ્રમાણથી બાંધશો તો બંને જણને (શીલ્પી ને ઘર ધણીને હાની થશે) માટે આ વિદ્યા તમામ શીલ્પીઓએ સંપુર્ણ ભણવી; કારણ અવિદ્વાન પુરૂષને પશુતુલ્ય ગણેલો છે. માટે એવા પશુતુલ્ય શીલ્પીને કોઇ પણ કામને વીશે અગરેષ્ટ કરવો નહીં.

જ્યારે શીલ્પીને ઇમારત વીગેરે જે જે કામ પ્રથમ કરવાને જવું અથવા આરંભ કરવો હોય ત્યારે પ્રથમ તો પોતાના તથા ઘરધણીના ગ્રહભાવ સારા જોઇએ, ચંદ્રબળ ઉત્તમ જોઇએ, એ પ્રમાણે જોઇને પછી આરંભ કરવો.

જ્યારે આરંભ કરવા જવું ત્યારે પ્રથમ શીલ્પીએ પોતાનાં હથીઆરો લેવાં. તેમાં પ્રથમ ગજ લેવો, તે ગજને પ્રથમ નમસ્કાર કરી લેવો, કારણ તે ગજમાં ત્રેવીશ દેવ

રહેલા છે, માટે પ્રથમ ગજને નમસ્કાર કરી લેવો તે કેવી રીતે ઝાલવો, કોઇ પુષ્પનો દેવ દબાય નહીં. તેમ લેતાં હાથમાંથી ગજ પડી જાય તો તે દીવસે તે કામનો આરંભ કરવા જવું નહીં ને જાય તો કાંઇક વીઘ્ન થાય માટે બંધ રાખી હરી સ્મરણ કરવું, ને બીજે દીવસે સારૂં ચોઘડીયું ચંદ્રબળ જોઇને જવું.

હવે પ્રથમ જે ભૂમી ઉપર ઇમારત કરવી છે તેમાં પ્રથમ તો બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શુદ્ર એ ચારે વર્ણના અધીકારની ભૂમી છે કે નહી તે જોવી, પછી તે ભૂમીની ચોરસાઇ કરીને ભૂમી શોધન કરવું, પછી તેનું ક્ષેત્રફળ કરી ઘરની મુળરાશી લાવી નક્ષત્ર કાઢવું. જે નક્ષત્ર આવ્યું તે ઘરની કઇ દીશામાં પડે છે. જો પછી કે તે બારણા આગળ પડે તો નીશીધ છે. એમ જાણી બીજીવાર ક્ષેત્ર લાંબું પહોળું વધારી ઘટાડી ફરી નક્ષત્ર લાવવું. જો બે બાજુના કરે પડે તો ઉત્તમ જાણવું. પછી આય, વય, તારા, ઇત્યાદીક ટીપણમાં ત્રેત્રીશ યોગ છે. તે ત્રેત્રીશ યોગ બરોબર મેળવી તે ઘરનો આરંભ કરવો, તેમાં દીશા ભંગ ઘર કરવું નહીં. બરોબર મધ્ય દીશામાં જ મોવાળ રાખવી, અને કોઇ કારણસર ઘરની આગળ કે પાછળ રાજમાર્ગ હોય તો ભલે દીશા ભંગ થાય તો વેદ કેહવાય નહીં.

હવે શીલ્પી ને કડીઆ વીગેરેનો ચણતાં ઇંટ માંડતાં પણ તપાસ રાખવો, કારણ થર ભંગ થાય નહીં, શ્રેણી તુટે નહીં, આમ માટી કામ તથા લાકડ કામ ઘડતાં સુતારોનો તપાસ રાખવો કે માંહે વેધવાળું લાકડું આવે નહીં, તેમ કોતર કામમાં પણ વેધવાળું કોઇ રૂપ ચીતરાય નહીં વા માપ રહીત કોઇ પણ લાકડું લાંબું ટુંકું હોરાવાએ વાપ-

રવું નહીં. ગોખલા, પાટી, ખુટી, તાકાં સરવે શાસ્ત્રના અનુસારે મુકવાં ને શાસ્ત્ર વીહીન મુકે તો એ ઘરમાં વેધ કહેવાય માટે ઘર પ્રસાદમાં જે જે કામ કરવું તે બરોબર માપથી આદથી તે અંત સુધી કરવું તો ઘરધણીને કોઇ પ્રકારનું હાની થાય નહીં તેમ શીલ્પીને પણ કોઇ પ્રકારની હાની થાય નહીં. માટે શીલ્પી વિદ્વાન જોઇએ, અભણથી લોકને હાની થાય છે. તેથી સુતારના છોકરાએ અવશ્ય શીલ્પ વિદ્યા ભણવી જોઇએ, પણ હાલના સુતારોએ તો શીલ્પ વિદ્યાને એક બાજુપર દબાવી મુકી છે ને વિદ્યાને પણ વેગળી મુકી છે. સારાં લુગડાંના ભભકાથી મીસ્ત્રી બની દુનીયામાં ફરવું. ધણીના ઘરમાં વેધ આવે ને દુખી થાય તો તેના ભોગ, એમાં આપણે શું કરીએ, શાળો મરશે. આપણને પૈસા મનમાન્યા મળે એટલે તેનું ગમે તેમ થાઓ. તેમાં આપણે શું ? એવા પૈસાના લોભી વિદ્યાહીન, નિર્દય આ જમાનાના સુતારો થઇ ગયા છે. એટલે પ્રજાને માપરહીત ઘર વીગેરે બાંધી આપે છે તેથી પ્રજાની હાની દ્રવ્યાદીકથી અનેક પ્રકારે થાય છે ને પોતે માપ રહીત કામ કરી ઘણા પૈસા ખાઇ રાજી થાય છે તેવા મુરખ મુંઢ શીલ્પીઓનું પણ ઇશ્વર ભલું કરતો નથી, તેને પણ પુત્ર પરીવારાદીનું દુઃખ થાય છે; પણ મુરખાઇને લીધે સમજાતું નથી.

અહો આ જમાનામાં અમોઘ વિશ્વકર્માની વિદ્યા નાશ પામી ગઇ ને મહા લોભીષ્ટ શીલ્પકારો પોતાની પ્રજાને વિદ્યાહીન રાખે છે, નાનપણથી વાંસલો, વીંધણું લેઇ લાકડાં કુટવા મોકલે છે પણ ભણવા મોકલતા નથી, તેથી કરી સર્વે વિદ્યા લોપ થઇ. હાલમાં ઇંગ્રેજ સરકારનું રાજ્ય હિંદુસ્તાન ઉપર થવાથી સર્વે વર્ણમાં વિદ્યાનો વધારો થયો છે પણ સુતારો તો હતા તેવા ને તેવાજ અવિદ્વાન રહ્યા છે, તેનું કારણ

કેવળ લોભનું અંગ છે. વળી આ સમામાં ઘણા શોધક પુરૂષોએ મેહેનત કરી વિશ્વકર્માનાં શીલ્પ વિદ્યાનાં પુસ્તક શોધી સંસ્કૃતની ગુજરાતીમાં ટીકાઓ કરી છપાવી બહાર પાડયાં છે, પણ વિદ્યા રહીત મુરખ શીલ્પી ભણી તેનો ઉપયોગ કરતા નથી એ ઘણો અફશોસ છે. અરે ધીકાર છે ! ધીકાર છે તેમને કે પોતાના બાપનું ધન સંપાદન કરેલું ખોઇ બેઠા ને નિર્ધન થઇ ગયા.

વળી હજારમાં એક પાસે શિલ્પ વિદ્યાનું જ્ઞાન હશે તો બીજાને તે બતાવશે નહિ એવા મુરખાઇ ભરેલા સુતારો છે. પોતે મરશે એટલે વિદ્યા સાથે બળશે પણ કોઇને બતાવશે નહિ. આવા દુષ્ટ સ્વભાવના શીલ્પી છે તેથી શીલ્પ વિદ્યાનો લોપ થઇ ગયો ને તે લોપ થતાં સરવે પ્રજાને હાની થઇ ને શીલ્પકારો માનભ્રષ્ટ થયા અને દેશની કારીગરી ને હુન્નર નાશ પામ્યો.

હાલમાં રેલ્વેગાડી ઇંગ્રેજોએ ચલાવી છે તે વગર બળદે ઇંજીનથી ચાલે છે. તેમાં પાણી, અગ્ની ને પવનના સાંચાઓ (યંત્ર) ગોઠવી ચલાવે છે. તે તો ફક્ત પૃથ્વી ઉપર ચાલે છે પણ શીલ્પકારોના વૃદ્ધ પુરૂષો એવા વિદ્વાન હતા કે તે વીમાન બનાવતા. તે એવાં બનાવતા કે થોડાં માણસ બેસનાર હોય તો નાનું થઇ જાય ને ઘણાં માણસ બેસનાર હોય તો મોટું થાય. તે ગગન માર્ગે આકાશમાં ચાલતાં. તે મોટા પર્વતોના શીખરોને ઉલ્લંઘન કરી ચાલતાં. તે જ્યાં ઉતારવું હોય ત્યાં ઉતરે ને જળ સ્થળ જ્યાં લેઇ જવું હોય ત્યાં લેઇ જવાતાં ને એક દીવસમાં કેટલાક જોજન ચાલતાં. તેવી વિદ્યા ભરતખંડમાં વિશ્વકર્માની હતી. વળી શીવપુરાણમાં એક ત્રિપુરાસુરનું આખ્યાન છે

તેમાં એ ત્રિપુરાસુરને વિશ્વકર્માએ ત્રણ નગ્ર રચી આપ્યાં હતાં. તેમાં વાવ, કુવા, દેવાલય, મહેલ ઇત્યાદી સરવે સમૃદ્ધિ સહીત રચી આપ્યાં હતાં. તે કરીઓ લેઇ અસુરો ગગન: મારગમાં રહેતા, વખતે અદૃશ્ય પણ કરી દેતા. એમ દશે દીશાઓમાં લેઇને ફરતા. આવી જે વિશ્વકર્માની વિદ્યા તે તદ્દન હાલના મુર્ખ અને લોભીષ્ટ શીલ્પકારો ગુમાવી બેઠા. અરે ધીઃકાર છે! ધીઃકાર છે! ધીઃકાર છે!!!

પ્રથમ ક્ષેત્રફળની સમજણ.

ક્ષેત્ર એટલે ઘર કે પ્રાસાદ કરવાની ભૂમી અને ફળ એટલે ક્ષેત્રને લાંબુ ને પહોળું કેટલું છે તે ભરી તેનો ગુણાકાર કરી સતાવીશે ભાગવું. ભાગતાં જે શેષ રહે તેનું નામ ફળ કહેવાય.

ઉદાહરણ.

કોઇ એક ક્ષેત્ર ૨૫ ગજ ને ૧૭ આંગળ લાંબુ છે ને ૮ ગજ ને સાત આંગળ પહોળું છે તો તેનું કયું નક્ષ આવ્યું? હવે જે પચીજ ગજ છે તેને એવી રીતે ગણવા કે દરેક દશક ગજ હોય તો તે દશના અંકને નવે ભાગતાં શેષ ૧ રહે માટે દશનો એક ગણાય છે. તે આ ૨૫ ગજ છે તો તેમાં બે દશક છે ને ઉપર પાંચ વધે છે, વીશના બે ને પાંચ મળી સાત ગજ પહોળું છે એમ સમજી લેવું. પછી ગજને ત્રણ ગણા કરી જે ઉપર આંગળ હોય તેમાંથી બાદ કરવા. બાદ કરતાં જે શેષ વધે તેનો લાંબા પહોળાનો ગુણાકાર કરી સતાવીશે ભાગવા. ભાગતાં જે શેષવધે તે ક્ષેત્રની મુળ રાશી જાણવી. તે મુળરાશીના અંકને સવાયો કરવો. સવાયો કરતાં ઉપર પાણો આવે તો તે દરેક પાણના સાતસમજવા.

એક પાણુ હોય તો સાતને બે પાણુ હોય તો ચૌદ સમજવા. ને ત્રણુ હોય તો એકવીશ સમજવા. હવે જે મુળરાશીના એકને સવાયો કરતાં જે અંક તથા અંક ઉપર પાણો આવી હોય તે દરેક પાણુના સાત વધારે ગણી સવાયા અંકમાં મેળવી સતાવીશે ભાગવા. ભાગતાં જે શેષ વધે તે ક્ષેત્રનું નક્ષત્ર સમજવું. હવે વખતે ગજને ત્રણ ગણા કરતાં ઉપર આંગળનો અંક ઓછો હોય તો પેલા જે આગળ ગજ હોય તેમાંથી એક ગજ લેઇ તેના ચોવીશ આંગળ કરી તેમાં આંગળનો અંક મેળવી પછી ગજ જે બાકી રહેલા હોય તેને ત્રણુગણા કરી પેલા આંગળમાંથી બાદ કરવા. એમ લંબાઇ તથા પહોળાઇના બંને ગજ—આંગળ કરી પછી ગજ બાદ કરતાં જે શેષ રહેલા આંગળ હોય તે લંબાઇ પહોળાઇનો ગુણાકાર કરી સતાવીશે ભાગવા એટલે ભાગતાં જે શેષ વધે તે મુળરાશી ક્ષત્રની સમજવી.

સ્પષ્ટીકરણ.

જેમકે એક ક્ષેત્ર ૨૫ ગજ ને ૧૭ આંગળ લાંબુ છે.
અને તે ક્ષેત્ર ૮ ગજ ને ૭ આંગળ પહોળું છે.
ત્યારે તેનું કયું નક્ષત્ર આવ્યું.
હવે ૨૫ માં બે દશક છે ને પાંચ વધે છે.

૨૫
૨૦

૫
૨ દશક મેળવ્યા.
---
૭ થયા.

એ પ્રમાણે ગજ ૧૭ આંગળ લાંબુ જાણવું. હવે સાતને ત્રણુ ગણા કરતાં સત્તરના અંક થકી વધી જાય છે માટે સાત ગજમાંથી એક ગજ લીધો, તો ૭ ગજ રહ્યા ને જે એક

લાંબો તે ચોવીશ આંગળ કર્યા ને સતર મેળવ્યા એટલે એકતાળીશ થયા, તેમાંથી છને ત્રણગણા કરી બાદ કર્યા એટલે ત્રેવીશ વધે તે લંબાઇ. તેમ ૮ ગજ ને ૭ આંગળ પહોળું છે, તેને ત્રણ આઠને કરતાં સાતનો અંક ઓછો રહે છે માટે આઠમાંથી એક ગજ લેઇ તે ચોવીશ આંગળ કરવા ને સાત ઉમેરતાં એકત્રીશ થાય. પેલા આઠમાંથી એક જતાં સાત રહ્યા તેને ત્રણગણા કરી એકત્રીશમાંથી બાદ કરતાં શેષ દશ વધ્યા તે પહોળાઇના.

૭ ગજ ૧૭ આંગળ પહોળું.
૮ ગજ ૭ આંગળ લાંબું.

૭ એક ગજના ૨૪ આંગળ
૧ ૧૭
૬ ૪૧ આંગળ
૩ ૧૮ બાદ
૧૮ ૨૩ શેષ વધ્યા પહોળાઈના.

૮ ગજ ૭ ગજ એકના ૨૪ આંગળ.
૧ ૭
૭ ૩૧
૩ ૨૧ બાદ.
૨૧ ૨૩×૧૦ ગુણ્યા. ૧૦ શેષ વધ્યા લંબાઈ.

૨૩૦ ÷ ૨૭ નો ભાગ.
૨૧૬ ૮
—— ૨૧૬
૧૪ શેષ વધ્યા તે ક્ષેત્રની મુળરાશી.
૧૧ ગુણ્યા.
૧૭ાા એ પાણોના ૧૪ આંગળ ગણાય.
૧૪
૩૧ ÷ ૨૭
૨૭
૪ ચોથું નક્ષત્ર રોહણી.

એ ચોથુ રોહણી નક્ષત્ર તે ક્ષેત્રનું આવ્યું એ મનુષ્ય ગણ છે, ઉર્દ્વ મુખનું છે. તેની વરખ રાશી છે, વૈશ્ય જાતી છે, સર્પની યોની છે, નકુળ શું વૈર છે, તેની અંત્ય નાડી

છે. તેની રાશીનો સ્વામી શુક્ર છે. વળી બુધ મીત્ર ને ગુરૂવાર શત્રુ છે. જાતે આંધળું છે ને પુર્વ દીશાએ પડે છે. તેનો સ્વામી બ્રહ્મા છે, પાંચ તારા છે, ધ્રુવને સ્થીર છે. એ રીતે આ નક્ષત્રની સંજ્ઞા છે. તેવી રીતે સરવે સતાવીશ નક્ષત્રમાં ગમે તે નક્ષત્ર આવે તેની સંજ્ઞા ટીપણુમાં જોઇ લેવી. તેમાં ઘર ધણીને નક્ષત્ર બંનેને વેર મીત્ર એ ધણીના નક્ષત્ર તથા આવેલા નક્ષત્ર ઉપરથી જણાઇ આવશે.

હવે આય ઘરને પ્રાસાદને લાવવી હોય તો નક્ષત્રની લંબાઇ તથા પહોળાઇના જેટલા ગજ ને આંગળ હોય તે લંબાઇ પહોળાઇના ગુણાકારનો જે અંક આવ્યો હોય તેને આઠે ભાગતાં જે શેષ વધે તે આય જાણવી.

પણ તે પ્રમાણે ન કરતાં જેટલા ગજ ક્ષેત્ર લાંબું હોય તથા પહોળું જેટલા ગજ આંગળ હોય તેમાંથી ગજ બાદ કરી ફકત લંબાઈ પહોળાઇના ગજ ઉપર આંગળ હોય તેના ગુણાકાર કરી આઠે ભાગવા, ભાગ જતાં શેષ રહે તે આય જાણવી; જેમકે—

ઉદાહરણ આયનું.

૨૫ ગજ ને ૧૭ લાંબું ક્ષેત્ર છે.

૮ ગજ ને ૭ પહોળું ક્ષેત્ર છે

તેમાં ગજને ત્યાગ કરી ૧૭ નો ને ૭ નો ગુણાકાર કરવો.

૧૭×૭=૧૧૯-૮=૭ વધ્યા

```
    ૭
૮)૧૧૯
  ૧૧૨
    ૭
```

૭ એ સાતમી આય આ ક્ષેત્રની આવી તેનું નામ ગજાય છે.

આઠ આયનાં નામ—ધ્વજાય, ધુમ્રાય, સિંહાય, સ્વાનાય, વરખાય, ખરાય, ગજાય, ધ્વાંક્ષાય, એ આઠ આયો છે, તે ચારે

વર્ણને અધીકાર પ્રમાણે દેવી. ઉલટી દે તો સુખ ન આપે ને વેધવાળું ઘર કહેવાય.

ઈતી આઠ વ્યયની સમજણ.

હવે વ્યય જોવાનો પ્રકાર—ક્ષેત્રની લંબાઇ તથા પહોળાઇનો ગુણાકાર કરતાં જે અંક આવ્યો હોય તેને સતાવીશે ભાગતાં શેષ રહે તે નક્ષત્ર ને નક્ષત્રના અંકને આઠે ભાગતાં શેષ વધે તે વ્યય જાણવી, વ્યયનાં નામ, શાંતા, પ્રૌઢા, પ્રદ્યોત, શ્રીયાનંદ, મનોહરા, શ્રીવત્સા, વિભવ, ચીતાત્મક એ આઠ વ્યય છે. વ્યય એટલે ખરચ છે માટે આયના અંકથી વ્યયનો અંક ક્ષેત્રમાં ઓછો આવે તો ઘરધણીને સુખ સંપત્તિ રહે.

ધ્વજાયના ભેળી શાંતી સારી છે. વળી ધુમ્રાયના જોડે પણ પ્રૌઢા સારી છે અને સ્વાનાયના ભેળી પ્રદ્યોત્ત દેવી સારી છે. વરખાયની જોડે શ્રીયાનંદ સારી છે, ખરાય ભેળી મનોહરા દેવી. ગજાય ભેળી શ્રીયાનંદ દેવી સારી છે. ધ્વાંક્ષાય ભેળી વિભવ સારી છે ને આઠમી ચીંત્યાત્મક વ્યય ત્યાગ કરવાની છે. તેમ આઠમી આય ત્યાગ કરવાની છે. એ રીતે આયની જોડે વ્યય દેવી કહી છે તે પ્રમાણે દે તો લાભકારી છે.

અંશક કાઢવાની સમજણ.

હવે અંશક કાઢવાની એવી રીત છે કે ઘરની જે મુળ રાશીનો અંક હોય, ને તે અંકમાં વ્યય જે આવેલા હોય તે મેળવવો ને બંનેમાં ઘરના નામના જેટલા અક્ષર હોય તે મેળવવા, તે મેળવતાં જે અંક આવે તેને ત્રણે ભાગતાં જે શેષ રહે તે અંશક કહેવાય.

અંશક ત્રણ છે—ઈંદ્રાંશ, યમાંશ ને રાજાંશ, એ ત્રણેનાં જે પ્રમાણે નામ છે તે પ્રમાણે ગુણ છે. જે સ્થાને જે જે

અંશક ઘટે તેવે સ્થાને તે મુકવું. તે શીલ્પદીપક, રાજવલ્લભ ઈત્યાદી ગ્રંથોમાં જોઇ લેવું.

નવ તારાની સમજણ.

ઘર ધણીના જન્મનું જે નક્ષત્ર હોય તે નક્ષત્રથી ઘરનું જે નક્ષત્ર આવ્યું હોય ત્યાં સુધી ગણતાં જેટલા અંક આવે તે અંકોને નવે ભાગતાં જે શેષ રહે તેટલામી તારા સમજવી. એ તારાઓમાંથી ત્રીજી, પાંચમી, ને સાતમી તારા સારી નથી. માટે ડાહ્યા માણસે ત્યાગવી; બાકી રહેલી સરવે શ્રેષ્ટ છે. એ નવ તારાનાં નામ—શાંતા, મનોહરા, ક્રુરા, વિજયા, કુલોદ્દભવા, પદ્મિની, રાક્ષસી, બાળા, ને આનંદા એ નવ નામ છે.

ઘરના અધીપતીની સમજણ.

ઘરની આવેલી આય ને વ્યયના અંકનો સરવાળો કરવો. તેનો જે અંક આવે તેને આડે ભાગવો. જે શેષ અંક રહે તેને ઘરનો અધીપતી જાણવો.

તે આઠ અધીપતીનાં નામ—વિક્રત, કર્ણક, ધુમ્રદ, વિતથસ્વર, બીડાલ, દુંદુભી, દાંત, અને કાંત એ આઠ પ્રકારના છે.

ઈત્યાદિક નક્ષત્ર, આય. વ્યય, તારા, અંશક ને અધીપતી કરનારને પ્રથમ ઘરમાં સારાં શુભ ફળ આપે તેવાં નાખવાં ને અશુભ ફળ આપે તેવાં હોય તો શીલ્પીએ ત્યાગ કરવાં. જેમ ઘરધણીને સુખ આપે તે પ્રમાણે શીલ્પીએ યોગ દાખલ કરવા ને શીલ્પી વગર સમજે અગર સમજીને અશુભ ફળ જોયા વીના ઘર કરે તો ધણીને દુખદાયી થાય ને શીલ્પી નર્કનો અધીકારી થાય તેમાં સંશય નથી.

श्री गणेशाये नमः ॥

श्री विश्वकर्मणे नमः ॥

अथ श्री निर्दोष वास्तु प्रारंभ ॥

मंगळाचरण ॥

अव्यक्तं वास्तु संभूतं येन विश्वचराचरं ॥
तस्मै संभाय देवाय नमो श्री विश्वकर्मणे ॥ १ ॥

અર્થ—માયાથી ઉત્પન્ન થએલું એવું ચરાચર વિશ્વ જે વ્યાપ્ત દેખાય છે તે શંભુ સ્વરૂપે દેવ જેને વિશ્વ નિર્માણ કરવું એ જેનું કર્મ છે એવા વિશ્વકર્માને હું નમસ્કાર કરૂં છું. ૧

श्री विश्वउवाच ॥

निर्दोष वास्तु कथं देवं निर्दोषं प्रासाद निर्णं ॥
निर्दोष मंदिर सर्वं निर्दोषं कथंऽपराजिते ॥ २ ॥

અર્થ—હે દેવ! દોષ વગરનો વાસ્તુ શી રીતે કરવો, તથા નિર્દોષ પ્રાસાદનો નિર્ણય તથા નિર્દોષ એવાં સરવે મંદીર રચના હે અપરાજી મહારાજ શી રીતે થાય તે કહો. ॥ ૨ ॥

अपराजीत उवाच ॥

अपराजितो सत्यसत्यं महाभागं त्वयापरि ॥
कथं यामी न संदेहो निर्दोष श्रृणु सांप्रतं ॥ ३ ॥

અર્થ—હે મહા ભાગ્યવાન વિશ્વ તમે સત્ય સત્ય કહો છો. નિર્દોષ પ્રાસાદ વીગેરેની રચના તે હું તમને કહું છું તે તમે નિઃસંદેહપણે સાંભળો. ॥ ૩ ॥

निर्दोषं शास्त्रदृष्टीनां निर्दोषं जिर्णमेव च ॥
निर्दोषं ब्राह्मणो वर्जेत् निर्दोषं सिध्यते ध्रुवं ॥ ४ ॥

અર્થ—જે વિદ્વાન બ્રાહ્મણ, છેવટ વિદ્વાન શીલ્પી છે તે શાસ્ત્રદ્રષ્ટીવડે કરીને નીર્દોષ ઘર મંદીર પ્રાસાદ કરી શકે છે ને

જીર્ણ પ્રાસાદ ઘરને પણ નીરદોષ કરી શકે છે. અગર તેમાં જે જે દોષ હોય તે પણ કહી શકે છે. ॥ ૪ ॥

चतुर्द्वारं ब्राह्मणाश्च चतुरस्रं शिवालये ॥
चतुरस्रं च कर्त्तव्यं अन्येत्रषु विवर्जयेत् ॥ ५ ॥

અર્થ—બ્રાહ્મણને ચાર દ્વારવાળું ઘર કરવું, અને શીવાલય પણ ચાર દ્વારવાળું કરવું, બીજા સર્વેને વર્જીત છે. ॥ ૫ ॥

द्वार मध्ये स्थितो वृक्ष अस्वथाय यदा भवेत् ॥
अंतरे भित्ति कर्त्तव्यं अंत्य वास्तु न दोषकृत् ॥६॥

અર્થ—જો કોઈ ઘરના બારણાના સામે મધ્ય ભાગમાં દેખાય તેવી રીતે જો પીપળાનું ઝાડ હોય તો ઘણું નીષેધ છે. માટે તે પીપળાના ને બારણાના વચમાં ભીંત ચણી લેવી, તો વાસ્તુ ઘરને દોષ કર્તા નથી. ॥ ૬ ॥

द्वार मध्ये स्थितो वृक्ष क्षीर वृक्षं यदा भवेत् ॥
नित्यं क्षीरं च नैवेद्यं अंत्य वास्तु न दोषकृ- ॥ ७ ॥

અર્થ—બારણા આગળ જો કદાપી નીરવૃક્ષ (થોરીઆ, ખરશાંડી) વગેરે દુધવાળાં હોય તો વાસ્તુ શાંતી વખતે દુધનું નૈવેદ કરવું, તો વાસ્તુદોષ નડતો નથી. ॥ ૭ ॥

द्वार मध्ये गृहाणांतु कल्पवृक्ष यदा भवेत् ॥
असुरे शुभयोत्वेषु अन्यत्र परिवर्जयेत् ॥ ८ ॥

અર્થ—બારણા આગળ જો આંબાનું વૃક્ષ સામું હોય તો તે અસુરના ઘરને શુભ છે, બાકીના સરવે લોકને અશુભકર્તા છે, માટે ઘરના બારણા આગળ આંબો વાવવો નહીં, વાવે તો હાની-કર્તા છે. ॥ ૮ ॥

द्वार मध्ये स्थितो वृक्ष निंबवृक्षं यदा भवेत् ॥
सप्तकल्प समा॰ल्यं पुत्रपौत्रादि वर्द्धनं ॥ ९ ॥

અર્થ—જો ઘરના બારણા આગળ લીંબડાનું ઝાડ હોય તો તે ઘરમાં રહેનાર ધણીની સાત પેઢી સુધી ધન પુત્ર પોત્રાદીકની વૃદ્ધિ થાય ને સરવે પ્રકારનું સુખ હોય. ॥ ૯ ॥

गृहेक जाति जातीनां असुराणांतथैव च ॥
अछायां चैव कर्त्तव्यं गृहवेध विवर्जेत् ॥ १० ॥

અર્થ—જે મહેલ્લામાં એક જાતીનાં ઘર હોય ને તેમાં વળી અસુરનાં ઘર હોય તો તે સ્વજાતીવાળાએ વચમાં ચોક પડે તેવી રીતે છાયા રહીત ધરવું તો ઘરમાં વેધ ન હોય ॥ ૧૦ ॥

द्वार मध्ये गृहाणांतु नृपाणां भवनेशु च ॥
अग्रत सन्मुखं कल्पं आवर्द्धिशं सदाजयं ॥ ११ ॥

અર્થ—ઘરના દ્વાર તથા રાજાઓનાં ભુવન સરવેને ઘરની આગળ સનમુખ દ્વારનાં કલ્પવાં તો સુખ સંપત્તિની વૃદ્ધિ થાય સદાકાળ તેમાં વાસ કરનારને જય થાય. ॥ ૧૧ ॥

द्वार मध्ये स्थितो वृक्ष वटवृक्षं यदा भवेत् ॥
अंतरे भित्ति कर्त्तव्यं अन्य वास्तु न दोषतं ॥ १२ ॥

અર્થ—ઘરના દ્વારના મધ્ય ભાગે આવે તેવું વડનું ઝાડ હોય તો અંતરમાં (વચમાં) ભીંત ચણી લેવી, તો વાસ્તુદોષ નડતો નથી. ન ચણે તો ઘર ધણીને હાનીકર્ત્તા થાય છે. ॥ ૧૨ ॥

ઘરનું લાંબા ટુંકાનું પ્રમાણ.

सुर्प्पाकारं प्रष्टोधिकं विकर्ण च कारयेत् ।
करता कारा पिकाश्चेव अचिरेण विनस्यति ॥१३॥

અર્થ—જે ઘર સુપડાના આકારે અથવા છીપના આકારે હોય. વળી પછીતે પહોળું હોય, તથા ઘરનો ખુણો લાંબો કે ટુંકો હોય તે ઘરને વિકર્ણ કહીએ. તેવું ઘર કોઈ માણસનું કરવું નહીં. ને એવું જો કરે તો કરનારને મોટી ખોડ ને વસનારને પણ મોટી ખોડ છે. તે એકે રહેનાર ધણી થોડે દહાડે મરણ પામે ને શીલ્પી નર્કમાં જાય. ॥ ૧૩ ॥

જાળી તાકાં મુકવાનું પ્રમાણ.

कुडागारे गवाक्षादि मुखे च आलियस्तथा ॥
द्वार स्थंभं तुलाहीनं श्रेणि भंगं न कारयेत् ॥१४॥

અર્થ—ઘરને વિષે ગોખલા જાળીઓ તથા તાકાં અને બીજાં બારણાં વળી થાંભલા ભીંતા ઈત્યાદિક મેલવાં, પણ બારણાની કુંભીનો તળાંચો કે ઉપરની શ્રેણી કોઈ પ્રકારે તુટવી ન જોઈએ કદાપી તે તળાંચો કે શ્રેણી ભાગે તો તે ઘરમાં ઘણા પ્રકારના દોષ ઉપજે. ગોખલો જાળી તાકાં એ સર્વનાં ગથાળાં શ્રેણીએ રાખવાં, તેને તળાંચાનો ભાગ લાગુ ન કરવો. ॥ ૧૪ ॥

માળનું પ્રમાણ.

उपर्यु परियद्वेस्म समं संकल्पयेत् क्वचित् ॥
समवेधं भवेत्तत्र समस्तं च कुल क्षयं ॥ १५ ॥

અર્થ—ઘરના ઉપરની તથા હેઠળની ભુમી સરખે ભાગે કરવી નહીં ને જો તળે ઉપરની ભુમી સરખી કરે તો સમવેધ ઉપજે. તે વેધ ઘરમાં રહેનારના કુળ સમસ્તનો નાશ કરે. માટે એવો વેધ કોઈ પણ ઘરમાં લાવવો નહીં, ઘણો નિશેધ છે. ॥૧૫॥

उपर्यु परि भूमिस्तु द्वादशांश विवर्जिता ॥
प्रासादे सर्वत कार्या स्तंभ तत्रानुरत्तका ॥ १६ ॥

અર્થ—ઘરની ઉદયની ભુમીના બાર અંશ કરવા. તેમાંથી એક અંશ લેઈ ઉપરની ભુમીનો ઉદય ઓછો કરવો. (અગીયાર અંશે) કરવી. તેમજ તેનાથી ત્રીજી ભુમી પણ તેવી રીતેજ ઓછી કરવી. પ્રાસાદને વિશે ઓટવણને આકારે સ્થંભનો ઉદય કરવો, જેવી ઈમારત તે પ્રમાણે થાંભલો કરવો. ॥ ૧૬ ॥

વેધ વિધી.

तलवेध तालवेधो द्वौवेधो यत्र दृश्यते ॥
ीयंत तद्भवे स्म क्षयंकारी च त गृह ॥ १७ ॥

પણ તે થાંભલો એવો કરવો કે ઉંબરાનો વેધ કે ઉતરંગનો વેધ આવે નહીં એટલે ઉંબરાનું મથાળું અને ઉતરંગનો તળાંચો એ બન્ને સમસુત્ર જોઇએ; એમાં નીચો હોય તો વેધ જાણવો, તે વેધ આવે તો તે ઘર ક્ષયકારી જાણવું, તે ઘરમાં રહેનાર ધણીની સરવે વસ્તુ નાશ થાય. તેમ કરતાં કદાપી ઉતરંગનો તળાંચો તુટે પણ ઉંબરાનું મથાળું તો અવસ્ય તોડવું નહીં. ॥૧૭॥

દ્વાર મુકવાની વિધી.

कुक्षे द्वारं न कर्त्तव्यं पृष्टे द्वारं विवर्जयेत् ॥
पृष्टे चैव भवेत् रोगी कुलक्षयो विनिर्दिशेत् ॥१८॥

અર્થ—ઘરની કુખે બારણું કરે વા પછીતે બારણું મુકે તો રોગની ઉત્પત્તિ તથા અનેક પ્રકારની વ્યાધી ઉત્પન્ન કરે. તથા ઘણા પ્રકારની પીડા, મનમાં ઉદ્વેગ રહે. અને તે ઘરમાં રહેનાર ધણીના કુળનો ક્ષય થાય એવું વિશ્વકર્માનું વચન છે. ॥ ૧૮ ॥

सं वर्धनं च वास्तुनां तथा संवर्णाति च ॥
प्रावर्त्तनं च यद्द्वाराणां सद्य प्राणहरंति च ॥१९॥

અર્થ—જો ઘરનું બારણું તળે પહોળું હોય, અથવા ઉપર પહોળું હોય કે ઉપર સાંકડું હોય કે વાસ્તુનો ભંગ કરી ઘરનું રૂપ ફેરવે. એટલે બારણું આગળનું પુરીને પાછળ કરે કે હોય તેથી નાનું કે મોટું કરે. પછીત કે આગલો ભાગ આઘો પાછો કરે. તો તે ઘરનું રૂપ ફેરવ્યું કહેવાય, જો એમ કરે તો ધણીના પ્રાણનો નાશ થાય એમાં સંશય ન જાણવો. ॥ ૧૯ ॥

मान प्रमाण संयुक्त शालातत्रव कारयेत् ॥
आयुमारोग्यं सौभाग्यं लभ्यते नात्र संशय ॥२०॥

અર્થ—જો ઘર માન અને પ્રમાણ સહીત થાય, સર્વ પ્રકારના વેધ રહીત થાય તો તે ઘરમાં વાસ કરનાર પુરૂષોનું આયુષ્ય, ઐશ્વર્ય, લક્ષ્મી, પરીવારની વૃદ્ધિ થાય, આરોગ્યપણાને પામે, નાના પ્રકારના સુખની પ્રાપ્તી થાય. તેમાં સંશય ન જાણવો.॥૨૦॥

વેધ વીધિ.

समानसूत्रे शुभचाग्र भित्ती
श्रेणी विभाजीते सुत वित्त नाश ॥
गर्भस्य वेधे न सुखो कदाचित्
स्वामि विभिन्ने न च दोषकारी ॥ २१ ॥

અર્થ—ઘરની સર્વે ભીંતોનો અગ્ર ભાગ સમસુત્ર રાખવો. કોઇ પણ શ્રેણી ભાગવી નહીં ને ઇંટનો થર પણ તોડવો નહીં (ઉંચો નીચો થવો ન જોઇએ) એમ હોય તો તે વેધ કહેવાય, તે વેધ ઘર ધણીના પુત્રનો નાશ કરે, અને ગર્ભ વેધ હોય તો કિંચિત સુખ ન પામે ને ઘરના સ્વામીનો નાશ કરે. માટે કરીને એટલા દોષમાંનો એકે દોષ ન રાખીએ. ॥ ૨૧ ॥

ઘરના વિભાગ વિશે.

अलिंदाश्चैवर्लींदाच्च नामस्तत्रानुसारत ॥
वाद्यद्वारंतु कर्तव्यं किंचित् न्यून्याधिकं भवेत् ॥२२॥

અર્થ—ઘરની પછીતનો જે ઓરડો હોય તેનાથી આગળ પરશાળ નુન્ય કરવી. અને તે પરશાળથી ફ્રુટ પરશાળ નુન્ય કરવી. એ રીતે નુન્ય કરતાં કરતાં આગળ બારણા સુધી જવું. ગમે તેટલા અલીંદ (વિભાગ) કરવા હોય તેટલા કરો. ॥ ૨૨ ॥

સમૂળ ઘર વીશે.

कर्णाद्धधिकंच हीनंस्य यद्गृहं तदृशं भवेत् ॥
समूलं च तद्वीजानियात् हन्यते सुत बांधवा ॥२३॥

અર્થ—જે ઘરના ઓરડાનો કરો લાંબો હોય ને પછીત ટુંકી હોય તો તે ઘર સમૂળ કહેવાય, તેવા ઘરમાં રહેનારના પરીવારનો નાશ થાય માટે ઓરડો પહોળો રાખવો ને લંબા-ણમાં થોડો કરવો. ॥ ૨૩ ॥

પ્રતિકાર ઘર વીશે.

प्रष्टे वाहु समंमृत्यु द्वार वास्तु यदा भवेत् ॥
प्रतिकार्या तत्र विद्या निवेशंतं न कारितं ॥२४॥

અર્થ—ઘરની પછીતે બારણું હોય કે ઓરડાને કરે બારણું હોય તે ઘરને પ્રતીકાર ઘર કહીએ. તે ઘરને વીશે પ્રવેશ ન કરવો, અને જો તેમાં પ્રવેશ કરે તો મૃત્યુકાળ ઉપજે. ॥ ૨૪ ॥

એક ઘરનાં બે ઘર કરવા વિશે.

युग्म गृहं भवेत् तत्र वेद मध्येभित स्थितं ॥
द्रव्यहानी भवेतव्यं मृत्युरेव न संशयं ॥२५॥

અર્થ—વાસ્તુ ઘરની મધ્યમાં ભીત નાંખી બે ઘર કરે. ને તે ભીત આગળના દ્વારના મધ્યમાં પડે તો તે બંને ઘર દ્રવ્યની હાની કરનાર ને ઘર ધણીનું મૃત્યુ કરે એમાં સંશય નહીં. માટે તેમ કરવાની જરૂર હોય તો સળંગ ભીંત નાંખી ઘરની મોવાળે બે બારણાં કરવાં ને તે ઘરનું રૂપ બદલવું તો દોષ થોડો કહેવાય. ॥ ૨૫ ॥

એક વાસ્તુના બે ઘરનો વેધ.

वामेजेष्ट भवेत्तत्र दक्षिणे च कनिष्टक ॥
आंतकांतं भवेद्वैसम हन्यंतो कुल संपदा ॥२६॥

અર્થ—એક વાસ્તુનાં બે ઘર કરેલાં હોય, તેમાં ડાબી કોર ઘર મોટું કરે ને જમણી કોરનું ઘર નાનું કરે તો તે ઘર અંત કહેવાય—તે બન્ને ઘર કુળની લક્ષ્મીનો નાશ કરે. માટે બે સરખાં કરવાં વા જમણું મોટું કરવું, કે મોટું ઘર હોય તે મોટા ભાઇને આપવું તો દોષ નથી. ॥ ૨૬ ॥

પછીત વિધી.

शुचीमुख भवेत्छीद्रं पृष्टे यदा करोति च ॥
प्रासाद न भवेत् पूजा गृहे क्रीडंति राक्षसा ॥२७॥

અર્થ—ઘરની પછીતે સોયના અગ્ર જેટલું પણ છીદ્ર

મૂકવું નહીં, ને જો છીદ્ર મુકે તો તે ઘરમાં રાક્ષસો ક્રીડા કરે અર્થાત્ તે ઘરમાં રાક્ષસનો વાસ થાય, અને પ્રાસાદની પૃષ્ટે છીદ્ર હોય તો તે પ્રાસાદના અધીષ્ટાતા દેવ અપુજ્ય રહે એ વચન સિદ્ધ છે. ॥ ૨૭ ॥

ઘર નિષેધ વિધી.

द्रष्टी रूद्र करालंच भिषणा रौद्र जानिच ॥
वर्जयेत गृहंश्चैव श्रेयो तत्र न विद्यते ॥ २८ ॥

અર્થ—જે ઘરની દ્રષ્ટી બીહામણી હોય એટલે આગળનો ભાગ વિકાળ દેખાય, જે દેખીને ભય ઉપજે તેવા ઘરને તતકાળ ત્યાગ કરવું, અને જો તેમાં વાસ કરે તો તેની લક્ષ્મીનો નાશ થાય, ને તેનું શ્રેય પણ ન થાય. ॥ ૨૮ ॥

ઘરમાં ચિત્ર વીધી.

गृध काक कपोताश्च पति संग्राम भीषण ॥
पिशाचा राक्षसा क्रूरा गृहेशु परिवर्जयेत् ॥२९॥

અર્થ—ગીધપક્ષી, કાગડા, હોલા ઈત્યાદી ક્રુર પક્ષીઓ વળી માંહોમાંહે યુદ્ધ કરનાર પક્ષીઓ વળી પીસાચનાં રૂપ, રાક્ષસરૂપ, ને ક્રુરરૂપ ઈત્યાદી ઘરને વિષે ચીત્ર કે રૂપ કરવાં નહીં ને કરે તો હાનીકર્ત્તા છે.

વળી ગ્રંથાંતરે એમ પણ કહ્યુ છે કે એવાં ક્રુર પક્ષીનો વાસ કે માળો ઘરની આસપાસ ન જોઈએ. ॥ ૨૯ ॥

વાસ્તુ ભંગ ન કરવા વિષે.

अचला चलयद्वास्तु पुर प्रासाद मंदिरं ॥
पतितं नर्कघोरे यावत् चंद्र दिवाकरं ॥३०॥

અર્થ—જે ઘર તથા દેહેરૂં-મંદીર તથા પુર અચળ જે જીર્ણ થયું ન હોય ને એની મેળે પડે તેમ પણ ન હોય, છતાં એને પાડે તો પાડનાર ને પડાવનાર બન્ને જણ જ્યાંસુધી સુર્ય ચંદ્ર તપે ત્યાં સુધી ઘોર નર્કને વીશે પડે. ॥ ૩૦ ॥

દીશા લોપ.

दिशि लोपं पद लोपं गर्भ लोपं तथैवच ॥
उभो नर्के च यांति छान् पश्चाप कौप संचनम् ॥३१॥

અર્થ—ઘરની દીશાને લોપ કરે અગર પદનો લોપ કરે, વળી ગર્ભને લોપ કરે તો શીલ્પી ને ઘરધણી બન્ને જણુ ઘોર નર્કમાં પડે અને જીવે ત્યાં સુધી ઘણું દુઃખ ભોગવે. ॥ ૩૧ ॥

ગુણુ, દોષ, વિધી.

गुणाच बहवो यत्र दोषमेकं भवेद्यादि ॥
गुणांधिकं चाल्य दोषं करतव्यं नात्र संशय ॥३२॥

અર્થ—ઘર પ્રાસાદ કે મઠ ઇત્યાદી શીલ્પનાં જે જે કામ કરવાનાં છે તેમાં ઘણા ગુણુ હોય ને કદાપી એક દોષ આવે તો તેનો બાદ લાગે નહીં. માટે થોડા દોષ ને ઘણા ગુણુવાળું ઘર કરવું એવું શ્રી વિશ્વકર્માનું વચન છે. ॥ ૩૨ ॥

ઘર ઉંચું કરવા વિશે.

पश्यं भितो कृतां पूर्वो तस्मै नैव तथोपरे ॥
द्वारं द्वारस्य कथितं उपर्युपरी भूमिषु ॥३३॥

અર્થ—જે ઘરની ભીંત પેહેલી કરી હોય તે ઉપર શીચીને ગમે તેટલી ઉંચી કરવી હોય અને બારશાત ઉપર ગમે તેટલે લેઇ જવી તેમાં બાદ નથી તથા માળ ઉપર માળ બીજા ગમે તેટલા કરે તેમાં પણુ બાદ નથી. ને બારશાત ઉપર ગમે તેટલાં બારશાત મેલવાં તેનો કોઇ પ્રકારનો વેધ નથી. ॥ ૩૩ ॥

मानहिनं न कर्त्तव्यं मानाधिकं न कारयेत् ॥
शिल्पिना क्षयां याता मानहिनं कृतं गृहे ॥३४॥

અર્થ—એ પ્રમાણે ઘરને ઉંચું વધારવું; પણુ કોઇ પ્રકારે વિષય માનહીન ન કરવું, તેમ માનથી અધીક પણુ ન કરવું, ને જો કરે તો શીલ્પીનો નાશ થાય, પણુ ધણીનું કહ્યું કારીગર માને

નહીં ને આપ મતે કરે તો તેનો નાશ થાય અને કારીગરની મરજી વીરૂદ્ધ ધણી કરાવે તો ઘર ધણીનો નાશ થાય. ॥ ૩૪ ॥

ઘરના ખુણા વેધ.

त्रिकोणं पंच कोणंच रथाकारं तथैव च ॥
रेखा तारा नाडीवेधो वंश छेदन करे विभूः ॥३५॥

અર્થ—ઘર ત્રણ ખુણાવાળું વા પાંચ ખુણાવાળું કરાવે અથવા સુપડાના આકારે કે રથના આકારે (પાછળ પોહોળું આગળ સાંકડું) ઘર કરે કે રેખાવેધને નાડીવેધ એવા વેધવાળું ઘર કરે તો કરાવનારના વંશનું છેદન થાય. ॥ ૩૫ ॥

सन्मुखो राहु पृष्टवो स्थापयेत् द्वार बुद्धिमान् ॥
सूर्यांगुल सलाकाद्य विस्तीर्णेगुलमेव च ॥ ३६ ॥

અર્થ—સન્મુખ રાહુ કે પછવાડે રાહુનું ઘર હોય ને તે સમયમાં ઘરનું બારણું બેસાડવાનો અવસ્ય હોય તો બુદ્ધિમાન પુરૂષોએ તે વખતે બારણાના ઉંબરા નીચે બાર આંગળ લાંબી ને એક આંગળ પહોળી ત્રાંબાની સલાકા (સળી) કરીને મુકે. ॥૩૬॥

सलाका द्वय कोणस्या ताम्रशुद्धाय तत्रवे ॥
स्थापितं वदनं धीमान् अंतरीक्ष प्रजायते ॥३७॥

અર્થ—તેવી સલાકાઓ બે મુખ્ય ત્રાંબાની કરાવી બારણાના તળે બે ખુણે બે કરાવીને મુકવી ને પછી બારણું તેના ઉપર મુકવું. તે વખતે બારણાનો વીધી ન કરતાં એમ ને એમ કામ ચલાવવું. એ બારણું અંતરીક્ષ કહેવાય એમ બુદ્ધીમાન પુરૂષોનું વચન છે. ॥ ૩૭ ॥

पुनः शुद्ध दिशा जाते तिर्यक् ऋक्षे सुशोभने ॥
द्वार चक्रं शुभस्थाने बली पूजा विधानके ॥३८॥

અર્થ—તે બારણું ક્યાં સુધી રાખવું કે જ્યારે રાહુ શુભ દીશાને વિશે આવે, ત્યારે રૂડું મોહુરત જોવરાવી નક્ષત્ર તીર્યક

મુખ હોય, દીનમાન ચોખો હોય, તે દહાડે પેલી સલાકાઓ કાઢી તે દ્વારનું બળીદાન (પુજા) વિધી કરી દ્વારનું સ્થાપન કરવું. ॥ ૩૮ ॥

षादयत् कुष्टीतं द्वारं भितिका स्थापयेत्तदा ॥
तत्र शिल्पि बुद्धिदाश्चैव इतिद्वार स्थापन विधि ॥३९॥

અર્થ—પણ જે દહાડે સલાકાઓ કાઢવી હોય તે દહાડે બુદ્ધીમાન શિલ્પિએ દ્વાર ઉપર કોચી ઈંટો કાઢી પ્રથમ બાકુ પાડવું. ને પછી સલાકાઓ કાઢી દ્વાર સ્થાપન કરવું. એ દ્વાર સ્થાપન વીધિ કહી. ॥ ૩૯ ॥

દ્વાર મુકવાનું અંગ.

प्रष्टे गवाक्ष न कर्त्तव्यं वामांगे परिवर्जयेत् ॥
अग्रतो च भवेत् श्रेष्ट जयमानं सदाजयं ॥ ४० ॥

અર્થ—ઘરની પછીતે બારણું કે બારી મુકવાં નહીં, અને ડાબી બાજુએ પણ મુકવું નહીં, પણ ઘરની મોવાળ આગળ મધ્યમાં બારણું મુકવું તેજ શ્રેષ્ટ છે. તે સદા જય આપનાર છે. ॥ ૪૦ ॥

यदा प्रष्टे न कर्त्तव्यं वामांगे परिवर्जयेत् ॥
तत्गृहं अशुभं ज्ञेयं पुत्र पति धन क्षयं ॥ ४१ ॥

અર્થ—જો ઘરની પછીતે કે ડાબી બાજુએ બારણું હોય તો તે ઘર અશુભ કહેવાય, તેમાં રહેનાર ધણીનું મૃત્યુ થાય છે ને પુત્ર અને ધનનો નાશ થાય. ॥ ૪૧ ॥

ઘરના માનનો લોપ ન કરવા વિષે.

द्वार सर्वे गृहाणांतु तलमानं न लोपयेत् ॥
अग्रतो ष्टीत श्चैव समसूत्रंच कारयेत् ॥४२॥

અર્થ—ઘરમાં જેટલાં બારણાં મુકવાં તે તમામના માનનો લોપ તલ માત્ર પણ કરવો નહીં, તે તમામ બારણાંનો આગલો ને પાછલો ભાગ સમસુત્ર રાખવો. ॥ ૪૨ ॥

બે બારણુંનો વેધ.

द्वारस्तंभं गवाक्षंतु भजं कोणच कोणयेत् ॥
मुख मंडप समायुक्तं श्रेणि भंगं न कारयेत् ॥४३॥

અર્થ—ઘરના બારણાના સ્થંભ અને ખડકીના બારણાના સ્થંભ એ બેનો વેધ થવો ન જોઈએ, અર્થાત્ તે બે બારણામાં દોઢ પડવી ન જોઈએ. એક સુત્ર મુકવાં, વળી ઘરનું બારણું આગળનો મંડપ (માંડવી) ને ખડકીનું બારણું એઓની શ્રેણીનો ભંગ કરવો નહીં. ॥ ૪૩ ॥

પદ ભંગ વિષે.

भंजिता लोपिता यंत ब्रह्मदोषं महा भवेत् ॥
शिल्पिनांतु कुलयांतु स्वामि सर्व धनक्षयं ॥४४॥

અર્થ—જો શીલ્પી ઘરના પદનો કદાપી ભંગ કરે વા દીશા લોપ કરે કે શ્રેણિ ભંગ કરે કે મુરખ અભણ સુત્રધાર હોય ને ઘરમાં વેધ મુકે તો તે શીલ્પીના કુળનો ક્ષય થાય અને ઘરધણીની લક્ષ્મીનો નાશ થાય. માટે મુરખ પાસે કામ કરાવવું નહીં. ॥ ૪૪ ॥

માનભંગ વિષે.

स्थंभिका कुंभिका सर्वे तलमानं न लोपयेत् ॥
छिंद्रि पृष्टी न कर्त्तव्यं ध्रुवादि गृहषोडष ॥४५॥

અર્થ—ધ્રૂવાદિ સોળ જાતીનાં રાજાનાં પ્રજા સર્વે મનુષ્યનાં ઘર પોતાના સુખને માટે કરે છે. માટે બુદ્ધીમાન શીલ્પી એ ઘર વીશે છીંદ્ર કે પૃષ્ટી ઇત્યાદી કોઈ પ્રકારના દોષ મુકવા નહીં. ને જો કોઇ મુરખ શીલ્પી મુકે તો ઘરધણીની આશા ભંગ થાય છે. ॥ ૪૫ ॥

નળહીન ઘર વિષે.

नलहिनं त[illegible]जानीयात् स्वामि सर्व धन क्षय ॥
विधिहीनं न कर्त्तव्यं सर्व दोषोविवर्जयेत् ॥४६॥

અર્થ—જો ઘરની પછીત ઓછી હોય ને કરો લાંબો હોય (ઓરડાનો) તો તે નળહીન ઘર કહેવાય. જો તે ઘરમાં વાસ કરે તો સ્વામીનો ને ધનનો નાશ થાય. અને એક પછીતે બે ઘર કરે તો તે સમલાર્કો ઘર કહેવાય, તેવા ઘરમાં વાસ કરવો નહીં માટે દોષ રહીત ઘર કરવું. ॥ ૪૬ ॥

शाला स्वामि यदामानं तदिमानं न लोपयेत् ॥
अग्रतो पृष्टीत श्चैव हेतमानं च कारयेत् ॥४७॥

અર્થ—શાળાનું માન જે હોય તે પ્રમાણે રાખવું તેના માનનો ફેરફાર કરી લોપ તેના સ્વામીએ કરવો નહીં. આગળ ને પાછળ માન મુકેલું હોય તે પ્રમાણે કાયમ રાખવું તો ઘરધણીને શ્રેષ્ટ છે. ॥ ૪૭ ॥

चतुर श्रीकृते क्षेत्रे मानशाला तथैव च ॥
अन्यत्र अछयाक्तव्य निर्दोष अद्रिष्टायकं ॥४८॥

અર્થ—જે ક્ષેત્ર ચારે બાજુએ સરખું છે ને ચારે દીશામાં તેનાં દ્વાર છે. તે માનશાળા કહેવાય, તે ઘરને બીજાના ઘરની છાયા પડવી ન જોઇએ, તો તે નિર્દોષ કહેવાય અદ્રીષ્ટાયનો દોષ નથી. ॥ ૪૮ ॥

छत्र पृष्टि न कर्त्तव्य ध्रुवादि गृहशोडष ॥
अलिंद द्रष्टि द्वारंच अन्य वास्तु न दोषकृत् ॥४९॥

અર્થ—ધ્રુવાદિ સોળ પ્રકારનાં જે ઘર છે તેની પાછળ છત્ર કરવું નહીં, અને દ્રષ્ટીદ્વાર આગળ અલીંદ કરવી તો તેને વાસ્તુનો દોષ નથી. ॥ ૪૯ ॥

पदहिनं न कर्त्तव्यं प्रासाद मठ मंदिरं ॥
एक स्थंभंद्वयं कार्य छत्रपति धनक्षयं ॥५०॥

અર્થ—પ્રાસાદ, મઠ, મંદીર, વીગેરે કોઇ પણ ભુવનને પદહીન ન કરવું, તે બે કાર્યમાં (બે ભુવન) વિશે એક થાંભલો

પણ મુકવો નહીં ને મુકે તો ૫૬ ભંગ કરે તો છત્રપતી પણ નીર-ધન થાય. ॥ ૫૦ ॥

द्वार मध्ये स्थितो गेहं मेकस्थंमं न कारयेत् ॥
युग्मेषु च भवेत् श्रेष्टं मेकेक परिवर्जयेत् ॥५१॥

અર્થ—કોઇ પણ દ્વાર વિષે એક થાંભલો ન મુકવો, મુકે તો વેધવાળું કહેવાય માટે બે જોડે મુકવા તો શ્રેષ્ટ છે તે બે થાંભલા મધ્યમાં મુકવાના કહેલા છે. ॥ ૫૧ ॥

खर्जुरि दाडिमी रंभा द्राक्षा जांबुनी कर्णिका ॥
नृपाणं भवने श्रेष्टं अन्यत्र परिवर्जयेत् ॥ ५२ ॥

અર્થ—ખજુરી, દાડમડી, કેળ, દ્રાક્ષ, જાંબુ અને કરેણ એટલાં વાનાં જો રાજાના ભુવન આગળ હોય તો સારાં. બીજા લોકના ઘર આગળ હોય તો ઘરધણીને અશુભકર્તા છે. માટે સાધારણ લોકોએ રાખવાં નહીં. ॥ ૫૨ ॥

जाति रूपाणि सर्वाणि नागवल्ली दलानिच ॥
नृपाणं भवने श्रेष्टं अन्यत्र परिवर्जयेत् ॥ ५३ ॥

અર્થ—જાવેલ વીગેરે વેલીઓનાં ફુલ તથા નાગરવેલ (પાનના વેલા) એ રાજાના ભુવનને વિશે હોય તો લાભકારી છે અને બીજા લોકના ભુવન વિશે વરજવા કહેલા છે; કેમકે હાની કરતા છે. ॥ ૫૩ ॥

द्वार मध्ये गृहाणांतु कोणमेकं न कारयेत् ॥
युग्मेषु च भवेत् श्रेष्टं मेकेकं परिवर्जयेत् ॥ ५४ ॥

અર્થ—સર્વે ભુવનનાં દ્વાર મધ્ય ભાગમાં મુકવાં કોઈ પણ દ્વાર એક ખુણાપર ન મુકવું. મધ્યમાં શ્રેષ્ટ છે ને ખુણાપરનું નીષેધ છે. ॥ ૫૪ ॥

पूंगी फलानि पत्राणि देववृक्ष तथैव च ॥
शुभं भव ते भूपालो अन्यत्र परिवर्जयेत् ॥५५॥

અર્થ—સોપારીનાં ઝાડ, જાવંતરી દેવદાર ઈત્યાદી વૃક્ષ રાજાના ભુવનને વિશે સારાં ને ઉત્તમ ફળ આપે છે પણ બીજા લોકને વર્જવા યોગ છે–ઘરધણીને અશુભ છે. ॥ ૫૫ ॥

वर्जयेत् वैश्यशूद्राणां क्षत्रीयाणां शुभं भवेत् ॥
करोसिंह नृपाणं च संग्रामे च सदा जय ॥ ५६ ॥

અર્થ—એવાં ઘર વૈશ્યને તથા શુદ્રને તજવાનાં કહ્યાં છે અને રાજાને ઘણું શ્રેષ્ટ છે, કારણ સિંહ સરખો પરાક્રમી રાજા થાય, ને સંગ્રામમાં સદાકાળ જયને પામનાર થાય છે. ॥ ૫૬ ॥

चतु द्धारंच चतुर्दिशं उर्द्धचतुर्गवाक्षकं ॥
नृपाणां भवने श्रेष्टं अन्यत्र परिवर्जयेत् ॥ ५७ ॥

અર્થ—ચારે દીશામાં જે ભુવનને બારણાં હોય ને મોટું બારણું વા દરવાજો ઉંચો હોય તે રાજાના ભુવનને શ્રેષ્ટ છે. બાકી લોક ચારે વરણને તેવું ભુવન વરજીત છે. ॥ ૫૭ ॥

क्षीणे क्षीणंच सर्वेस्यां श्रेणिभंगं न कारयेत् ॥
अग्रतं पृष्टित श्चैव समसूत्रंच कारयेत् ॥ ५८ ॥

અર્થ—જો કોઈ પણ ભુવન વીશે તમામના માનનો ક્ષીણ કરે તો વા શ્રેણીભંગ આગળ કે પાછળ થાય તો નીષેધ છે, માટે સરવે સમસુત્ર કરવાં, તો ઉત્તમ ફળ આપે. નહીં તો કનીષ્ટ ફળ આપે. ॥ ૫૮ ॥

यदाग्वेक्षं न कर्त्तव्यं श्रेणि भंगं न कारयेत् ॥
स्वामि सुख न कर्त्तव्यं षष्ट मासेन भागिकं ॥५९॥

અર્થ—ભુવના બારણાની શ્રેણી ભંગ કરવી નહીં ને જો શ્રેણી ભંગ થાય તો તે ઘરધણીને સુખ ન ઉપજે. છ માસમાં તે ઘર અગર ઘરધણી ભાગે એમાં સંશય નહીં. ॥ ૫૯ ॥

मध्य स्तंभ या मानं तादिमानं अग्रतं भवेत् ॥
क्षीणे क्षीणं वृद्धि कर्त्तव्यं भीतमानंच मंदिरं ॥६०॥

અર્થ—સર્વે ભુવનની ભીતના માન પ્રમાણે મધ્ય સ્થંભનું માપ કરવું, તેના પ્રમાણુમાં આગળ આગલા થાંભલા પણુ કરવા. જો મધ્ય સ્થંભ માપથી ક્ષીણુ હોય તો સર્વે તે પ્રમાણુમાં કરવા ને વરધીતો વરધી કરવા. ॥ ૬૦ ॥

अशास्त्रं मंदिरं कृत्वा प्रजा राजगृहं भवेत् ॥
तद्गृहं अशुभं ज्ञेयं श्रेय तत्र न विद्यते ॥६१॥

અર્થ—જો કોઇ પણુ ભુવન શાસ્ત્રના પ્રમાણુરહીત હોય રાજાનાં વા પ્રજાનાં તો તે સરવે અશુભ કહેવાય છે. કોઈ દહાડો તે ભુવનમાં રહેનાર ધણીનું શ્રેય થાય નહીં. ॥ ૬૧ ॥

द्विशालं चतु शालंच षष्ट शालंच अष्टयो ॥
विस्तारं वृद्धि कर्त्तव्यं नैव लोपं न दोषकृत ॥६२॥

અર્થ—જો કોઇ ભુવન બે શાળા, ચાર શાળા, છ શાળા કે આઠ શાળાનું (ઘર) હોય તો તેની શાળાના વીભાગની વૃદ્ધિ આગળથી તે પાછળ સુધી કરવી, જેમ પાછળ જાય તેમ વૃદ્ધિ કરતા જવું. તેની શાળાનો લોપ માન ન થાય ને દોષ લાગે નહીં॥૬૨॥

एकशाला त्रिशालंतुं पंचशालं च सप्तयो ॥
दीर्घंतु वृद्धि कर्त्तव्यं विस्तारं नच दोषकृत ॥६३॥

અર્થ—જો ભુવન એક શાળાનું વા ત્રણુ શાળાનું તથા પાંચ શાળાનું અગર સાત શાળાનું ભુવન હોય તો દીર્ઘ વરધી વીસામાઓના કરવા. તેનો કોઇ પ્રકારનો દોશ નથી. ॥ ૬૩ ॥

अष्टैका कर्म सर्वेषु प्रमाणं नैव लोपयेत् ॥
पाषाणे हेत कर्त्तव्यं न दोषा अद्रिष्टायकं ॥६४॥

અર્થ—કોઈ પણુ ભુવન ઇંટોથી ચણેલું હોય તો તેના થરનો ભંગ થવો ન જોઇએ, એક પ્રમાણુમાં થર રાખવા વા પથરથી ચણેલું હોય તો પણુ થર ભંગ ન કરવો એવી રીતે ઘર કરે તો અદ્રીષ્ટાનો દોષ લાગે નહીં. ॥ ૬૪ ॥

गृह लोपं यदावेक्ष्य अष्टीका संचित मंदिरं ॥
ब्रह्मदोषं प्रकर्त्तव्यं स्वामि सर्व धनक्षयं ॥६५॥

અર્થ—જો ભુવનને વિશે ઇંટોના થર ચોડતાં તેના પ્રમાણનો થર ભંગ ન થતાં સીધી રીતે પ્રમાણથી અપ્રમાણ થાય તો તે ચણનારને બ્રહ્મદોષ લાગે ને ઘરધણીના ધનનો ક્ષય થાય. ॥ ૬૫ ॥

द्वारे सर्व गृहाणंतु उर्द्धजालिं न कारयेत् ॥
जालिंजाल भयंजीव ग्वाक्षे स्वामि सुखावहा ॥६६॥

અર્થ—સર્વે ભુવનના દ્વાર ઉપર જાળી કોઇ દહાડો મુકવી નહીં કેમકે તે જાળીમાં જાળા જીવ વીગેરેનો ભય રહે છે તેવા દ્વારવાળા ઘરમાં ધણીને સુખ ન આવે. ॥ ૬૬ ॥

यस्य ग्वाक्षे न कर्त्तव्यं जालीका ग्वाक्षमेवच ॥
उपर द्वार कर्त्तव्यं न दोषं अद्रिष्टायकं ॥ ६७ ॥

અર્થ—કોઇ ભુવનનું બારણું એવું ન કરવું કે તે બારણા ઉપર જાળી ન આવે, બારણા ઉપર બારણું કરવું તો દોષ નહીં, (શીલ્પીએ આ શ્લોકનો અર્થ વીચારી લેવો, સંશય પડતો છે.) ॥ ૬૭ ॥

द्विशाला गृह कर्त्तव्यं दिशिपश्चिम संभवेत् ॥
एक वर्ग अलिंद्युक्तं अभितंच न दोषकृत ॥६८॥

અર્થ—જો કોઈ ભુવન બે શાળાનું કરવું હોય ને પશ્ચીમ દીશાના મુખવાળું હોય તો એક વર્ગ અલીંદ સહીત કરવું તો દોષ નથી. ॥ ૬૮ ॥

द्विशालं चतुशालं च षटशालाच अष्टयो ॥
दक्षिणे अलिंद कर्त्तव्यं वामे वेक्ष्यंच [illegible]त् ॥६९॥

અર્થ—બે શાળા વા ચાર શાળા કે છ શાળા અગર આઠ શાળાનાં ભુવન હોય તો તે સરવેને દક્ષીણે (જમણી બાજુએ) અલીંદ કરવી, ડાબી બાજુએ કોઇ દહાડો કરવી નહીં. ॥ ૬૯ ॥

एकशाला प्रकर्त्तव्यं पंचशालंच सप्तयो ॥
अलिंद् वाम ‿र्त्तव्यं दक्षिणं परिवर्जयेत् ॥७०॥

અર્થ—એક શાળાથી માંડીને ત્રણ શાળા, પાંચ શાળા, સાત શાળાવાળાં ભુવન હોય તો તેને ડાબા ભાગે અલીંદ કરવી, જમણો ભાગ વરજીત છે. માટે શિલ્પિએ વીચારીને કરવી. ॥ ૭૦ ॥

प्रजा गृहेषु सर्वेषु अग्रेषुद्धार संयुतं ॥
मध्य कर्ण स्थंभयंच न दोष अद्रिष्टायकं ॥७१॥

અર્થ—સરવે પ્રજા માત્રનાં ઘર આગળ મોવાળે બારણાં મુકવાં અને મધ્ય કર્ણ એટલે બારણાના સામો મધ્યે થાંભલો ન આવવો જોઈએ તો અદ્રીષ્ટા દોષ લાગે નહીં. ॥ ૭૧ ॥

गृह द्धारेषु सर्वेषु दक्षिणे वृद्धिकरं स्मृता ॥
मंदयोद्धार अग्रेषु हेतमानंच कारयेत् ॥ ७२ ॥

અર્થ—સરવે પ્રકારનાં ભુવનને વિશે બારણાં મુકવાં તે વખતે જમણી બાજુએ મધ્ય ભાગથી કાંઈક કીંચીત ભાગ વધારે રાખી બારણું બેસાડવું, ને દ્વારની આગળ મંદ કરવું તો તે દ્વાર હીતકારી કહેવાય છે. ॥ ૭૨ ॥

एकशाला गृह कर्त्तव्यं द्धारंच सन्मुखं भवेत् ॥
द्विशाला चतुशालाच अग्रेद्धारंच सन्मुखं ॥७३॥

અર્થ—એક શાળાનું ઘર કરે વા બે શાળ કે ચાર શાળાનું ઘર હોય પણ એ સરવેનાં બારણાં આગળજ કરવાં. અને મધ્ય ભાગમાં ગરભે કરવાં તો નીર્દોષ છે. ॥ ૭૩ ॥

मध्ये सन्मुख कर्त्तव्यं गृहेषु परिवर्जयेत् ॥
मंडपं सन्मुखं मध्ये अग्रेषु हेत कारयेत् ॥ ७४ ॥

અર્થ—સરવે ઘરનાં બારણાં મધ્યમાં રાખવા ને બારણા આગળ મધ્યમાંજ માંડવી કરવી તો હીતકરતા છે, પાછળ કે બાજુ ઉપર માંડવી ન કરવી કે બારણું ન મુકવું. ॥ ૭૪ ॥

लोपिता लंघिता एव ब्रह्मदोषं महा भवेत् ॥
शिल्पिनां नर्कें यांति स्वामि सर्व धन क्षयं ॥७५॥

અર્થ—સરવે ભુવન શાસ્ત્રમાં જે પ્રમાણે માપ કહેલાં છે તેથી ઉલટાં માન વીગેરેનો લોપ કરી કરે તો જે બાંધનાર શિલ્પી નરકને વિશે પડે ને ઘરધણીના ધનનો નાશ થાય તેમાં સંશય નહીં. ॥ ૭૫ ॥

દ્વાર વિષે વિશેષ સમજણ.

स्तंभतःकुंभिका कुंभि तिलमात्रं न लोपयेत् ॥
भरं शिराप दृपदं तिलमात्रं न लोपयेत् ॥ ७६ ॥

અર્થ—કુંભી, ભરણું, શરૂ, તથા પાટડો, તે સરવેને તલમાત્ર પણ સમવીશમ કરવાં નહીં. ને કરવામાં આવે તો ઘરધણીને દુખદાઈ થાય. ॥ ૭૬ ॥

युग्मं गृहं प्रकर्त्तव्यं एक स्वामिगृहे शिवम् ॥
मध्ये भीतिद्वयं कार्यमेकेकं परिवर्जयेत् ॥ ७७ ॥

અર્થ—એક પુરૂષને બે ઘર કરવાં હોય તો મધ્યે બે દીવાલો એકઠી કરવી. એક કરે તો નીષેધ છે. થાંભલા પણ વચમા બે મુકવા. ॥ ૭૭ ॥

कपाटं गृह दक्षिणे निगदितं वामेभवेदर्गला ॥
सृष्टा निष्क्रमणं कृतं मुनिवरे द्वारेषु सर्वेषुयत् ॥७८॥

અર્થ—બારણાની પાછળ ડાબી બાજુએ આગલાને રહેવાનું સ્થાન તથા જમણી બાજુએ બારણું ઢાંકયા પછી તેનો પ્રવેશ અને શ્રૃષ્ટી માર્ગ તેનું નિકળવાનું. એ રીતે મુનીશ્વરોએ પણ કહેલું છે માટે સરવે દ્વારને વિશે એવો નિયમ છે. ॥ ૭૮ ॥

गर्भे द्वारं न दातव्यं मध्यं नैव परित्यजेत् ॥
मध्ये द्वारंतु देवानां द्विजाना भवनी भृताम् ॥७९॥

અર્થ—ગર્ભને વિશે દ્વાર ના મુકવું અને મધ્યનો ત્યાગ કરવો નહીં, એટલે ગર્ભ ચાળવી ડાબી તરફ દ્વાર મુકવું, એટલે ગર્ભ એકઠા ન કરવા સહેજ ફેર રાખીએ તે સુભ છે. દેવ રાજા અને બ્રાહ્મણના ઘર મધ્યે દ્વાર મુકવું. ॥ ૭૯ ॥

शेषाणां मपि सर्वेषां मध्यासनं निधीयते ॥
द्वारं गृहाणां सर्वेषां पदस्थाने प्रयोजनं ॥ ८० ॥

અર્થ—એ વગર બાકીના લોકોનાં ગૃહોને મધ્યાસન એટલે મધ્યની પાસેને પાસે દ્વાર મુકવું. સર્વે ગૃહોના દ્વારની પદસ્થાનની યોજના કરવી. ॥ ૮૦ ॥

तुलाऽधस्तान्न दातव्यं केप्याहुर्नृपते शुभम् ॥
क्षेत्रांक भक्त तुर्यांशे द्वारं वा यदि विन्यसेत् ॥८१॥

અર્થ—અને તુળા એટલે પીઢીયાં નીચે ન કરવાં. કોઇ એમ પણ કહે છે કે રાજાના ગૃહોને તુળા નીચે પણ દ્વાર અ-શુભ છે, ઘરની પહોળાઇના નવ ભાગ કરવા. તેમાં ચોથા ભાગે ડાબી દિશા તરફ એટલે ઘરમાંથી નિકળતાં ડાબી બાજુએ ગર્ભ ચાળવી દ્વાર મુકવું તો શ્રેષ્ટ છે. ॥ ૮૧ ॥

नागदंतोतु शालायां द्वौ द्वौ भागेच दक्षिणे ॥
एक शालार्क भागेन तस्मात् सार्द्धं परित्यजेत् ॥८२॥

અર્થ—શાળામાં નાગદંતો બે ડાબી બાજુએ કરવા અને બે જમણી બાજુએ કરવા. તેમાં એક શાખાના બારમા ભાગ વડે કરવો. અને બીજો તેથી દોઢ ભાગના અંતરે કરવો તે સારો. ॥ ૮૨ ॥

द्वारोर्ध्वांगा समासस्ता न गृहाभिमुहवाशुभा ॥
देवे दीपालयं वामे दक्षिणांगे नृणां गृहे ॥ ८३ ॥

અર્થ—તે દ્વારના ઉર્ધ્વ અંગ એટલે ઉતરંગના સમાન હોય તે શ્રેષ્ટ છે. અને ગૃહના સામા હોય તે અશુભ છે.

દેવ ગૃહમાં દીપાલય એટલે દીવાનું સ્થાન ડાબી બાજુએ એટલે ડાબા અંગ તરફ અને મનુષ્યોના ગૃહોમાં દક્ષણ અંગ એટલે જમણી બાજુએ કરવું તે શુભ છે. ॥ ૮૩ ॥

દ્વાર વિષે.

नवभक्ते गृहोत्सेधे कुम्भी भागेन संमिता ॥
पंच भागे भवेत् साखा साखार्धे द्वार विस्तरः ॥८४॥

અર્થ—ભુવનની ઉભણીના નવ ભાગ કરવા તેમાં એક ભાગ બરોબર કુંભી કરવી અને પાંચ ભાગની સાખા કરવી અને શાખાની લંબાઇના અર્ધ ભાગે દ્વારની પોહોળાઈ કરવી એ વિસ્તાર કનીષ્ટ માનનો કહ્યો છે. તેથી અધીક હોય તે ઉત્તમ છે. અને એ સઘળાં દ્વારો ઉત્તરંગવાળાં કરવાનાં કહ્યાં છે. ॥ ૮૪ ॥

व्यासः प्रोक्तः कनिष्टोय मुत्तमस्तु ततोधिक ॥
समशिर्षाणि सर्वाणि द्वाराणि कथितानिहि ॥८५॥

અર્થ—સાદાં ઘર કરવાં હોય તો ઉભણીના ત્રણ ભાગે પણ એજ પ્રમાણે ધ્વજાદિ આદ્યથી બે ભાગની સાખા અને એક ભાગ ઉપર રાખવો. દ્વાર નાનાં તથા મોટાં હોય તોપણ નીચેથી ઉચાં નીચાં કરી ઉતરંગ સમાન રાખવાં. આગલા બારણાથી બીજાં બારણાં ઉંચાં કરવાં પણ નીચાં કરવો નહીં. કરે તો વેધ વાળું ઘર કહેવાય. ॥ ૮૫ ॥

દ્વાર ઉપર દ્વાર મુકવા વિષે.

द्वारोर्धे यद्वार मस्य प्रमाणं
संकिर्णं वा शोभन नाधिकं तत् ॥
ह्रस्व द्वाराण्येव यानि पृथुनि
तेषां शिर्षाण्येक सूत्राणि कुर्यात् ॥८६॥

અર્થ—ઘરના દ્વાર ઉપર દ્વાર મુકવામાં આવે તે દ્વાર ઘરના નીચેના દ્વાર કરતાં ઉપરનું દ્વાર સાંકડું કરવું, પણ સુશોભિત કરવું. પણ નીચેના દ્વાર કરતાં ઉપરનું દ્વાર પોહોળું કરવું નહી.

નાનાં અને મોટાં સરવે દ્વારોનાં મથાળાં સમસુત્ર રાખવાં અર્થાત્ ઉતરંગ સમસુત્રમાં રાખવા કહ્યું છે. ॥ ८६ ॥

દ્વાર વિષે.

स्वयमपिच कपाटो-घाटनं वा पिधानं ।
भयदमधिक हिनं शाखयोर्वा विचाले ॥
पुरुष युवति नाशः स्तंभशाखाविहीनम् ।
भयद मखिल काष्टांग्रं यदा धः स्थितं स्यात् ॥८७॥

અર્થ—ઘરના બારણાનાં કમાડ એની મેળે વસાઇ જાય તેમજ પોતાની મેળે ઉઘડી જાય તો તે ભયને ઉત્પન્ન કરે તથા દ્વારની શાખાઓ એક તરફથી પહોળી અને બીજી તરફથી સાંકડી હોય તો પણ ભય પેદા કરે, અને સ્થંભ ને શાખા વીનાનું ઘર હોય તો તેથી સ્ત્રી પુત્રનો નાશ થાય છે. બારણાના સ્થંભોને શાખા વગેરે લાકડાઓના મુળનો ભાગ નીચે અને ટોચનો ભાગ ઉંચો રાખવો, એથી ઉલટી રીતે રાખવામાં આવે તો તે પણ ભય પેદા કરનાર છે. ॥ ८७ ॥

एवं द्वारं प्राङ्मुखं शोभनं स्या
च्चतुर्वक्त्रं धात्र भूतेश जैन ॥
युग्मं प्राच्यां पश्चिमेऽथ त्रिकेषु
मूलद्वारं दक्षिणे वर्जनियम् ॥ ८८ ॥

અર્થ—જે ઘરને એક બારણું કરવું હોય તે ઘરની પુર્વ દીશાએ બારણું મુકવું, પણ બ્રાહ્મણ, મહાદેવ, અને જૈનના પ્રાસાદને ચારે દીશાએ ચાર દ્વાર કરવાં તથા જે ભુવનને બે દ્વાર મુકવાં હોય તે ભુવનને પુર્વ અને પશ્ચીમ એ બે દીશામાં બે દ્વારો કરવાં, અને જે ભુવનને ત્રણ બારણાં કરવાં હોય તે ભુવનનું મુળ બારણું દક્ષીણ દીશાએ કરવું નહીં. ॥ ८८ ॥

દ્વારના ઉદય વિશે.

षष्ट्या वाथ शतार्ध सप्ततियुतै र्व्यासस्यह स्तांगुलै।
द्वारस्योदयको भवेच भवने मध्यः कनिष्ठोत्तमौ ॥
दैर्घार्धेन च विस्तरः शशिकला भागंऽधिक शस्यते।
दैर्घात् त्र्यंशवि ीन मर्धरहितं मध्यं कनिष्टं क्रमात्॥८९॥

અર્થ—ઘરની જમીન જેટલા હાથ પહોળી હોય તેટલા અંગુલો લેઇ તેમાં ૫૦–૬૦–૭૦ આંગુલો ઉમેરવાં. એ રીતે ભુવનના બારણાના ઉદય (લંબાઇ) ત્રણ પ્રકારના કહ્યા છે. કનીષ્ટ, મધ્યમ અને શ્રેષ્ટ. હવે ઘરના દ્વારના વિસ્તાર (પહોળાઇ) માટે એવી રીત છે કે બારણાનો જે ઉદય તેનો અર્ધ ભાગ લેઇને આખા ઉદયનો સોળમો અંશ તે અર્ધ ભાગમાં મેળવતાં જેટલા અંગુલો થાય તે પ્રમાણે દ્વારની પહોળાઇ કરવામાં આવે તો તે શ્રેષ્ટ છે, અને બારણાના ઉદયમાંથી સોળમા ભાગમાંના એક ભાગના પાંચ ભાગ કરવા. તેમાંનો ત્રીજો ભાગ બાદ કરી રહેલા બે ભાગ અરધા ભાગમાં ઉમેરવા, તેટલી પહોળાઇ કરવામાં આવે તો તે કનીષ્ટ પ્રકારનું બારણું જાણવું. ॥ ૮૯ ॥

्म्याराहण मुर्ध्व तस्तदूपरि प्राग् दक्षिणं शस्यते ॥
द्वारं तुर्धभवं च भूमिरपरा ह्रस्वार्क भागे क्रमात्॥९०॥

અર્થ—પ્રથમ ભૂમિથી બીજા માળ પર ચડતાં પેહેલા દ્વારમાં પ્રવેશ કર્યા પછી જમણા હાથ તરફ જીનો અથવા દાદર હોય તે શ્રેષ્ટ છે. નીચેના દ્વાર કરતાં મેડી ઉપરનું દ્વાર બારમા અંશે ઓછું કરવું. તેજ રીતે નીચેના ઉદયથી (ભૂમિ તળથી મેડીના મથાળા સુધીના ઉદયથી) મેડીનો ઉદય પણ બારમા અંશે ઓછો કરવો. ॥ ૯૦ ॥

प्रासादे च मठे नरेंद्र भवने शैलः शुभोनो गृहे ॥
त स्मन्भीतिषु वाह्यकाषु शुभदः प्राग्भूमि कुम्भ्यांतथा

અર્થ—વળી દેવપ્રાસાદ તથા રાજમહેલ અને મઠની એક બાજુએ અથવા બંને બાજુએ પર્વતની ભીંત આવે તો તે સારી છે.

વિશેષ—પણ સાધારણ લોકોના ઘરમાં પર્વતની ભીંત આવે તો સારી નહીં. પરંતુ તેવા લોકોના ભવનની ભીતના બહારના ભાગે (તે જગ્યોની કુંભી નીચે) પર્વતનો ગમે તે ભાગ આવે અથવા પર્વતનો ભાગ હોય તો તેની ફીકર નથી. તથા લોકોના ઘરની પ્રથમ ભુમીની ગમે તે જગોની કુંભી નીચે પર્વતનો ગમે તે ભાગ આવે, અથવા તેજ પર્વતના કોઇ પણ ભાગની કુંભી હોય તો તેની ચીંતા નથી. તેમજ ભુવન આગળના ઓટલા સુધી પર્વતનો પથ્થર આવે, અથવા પર્વતનો ઓટલો હોય તો પણ ફીકર નથી. ॥ ૯૧ ॥

પાષાણ વિશે.

उत्तानपट्टो नृपमंदिरेऽसौ
हस्तेचहस्ते द्वि यवोन्नतः स्यात् ॥
पाषाणतः सौख्यकरो नृपाणां
धनक्षयं सोऽपि करोति गेहे ॥ ९२ ॥

અર્થ—રાજાના પ્રાસાદ વિશેના પાટડાના ઉપરની છાટ રાખવાની રીત એવી છે કે દરેક હાથે બે જવ પ્રમાણે છાટની જાડાઇ રાખવી. એવી જે પાષાણની છાટ હોય તે રાજાને સુખકારી છે, પણ એવી છાટ સાધારણ લોકના ઘરમાં રાખે તો તેથી ધનનો નાશ થાય.

વિશેષ—પાષાણ, પ્રાસાદ, કિલ્લા, નગર, દેવસ્થાન, જળાશય વગેરેમાં વાપરવાનું કારણ કે એ સ્થાનકો ઘણાં મજબુત જોઇએ અને બીજાં ઘરોમાંના કહેલી છે તેનું કારણ એ છે જે તે એટલાં બધાં મજબુત બંધાઇ શકતાં નથી; તેથી વાપરવા નહીં, પણ દેશને અનુસરીને પૃથ્વીના ભાગમાં વપરાય છે. ॥ ૯૨ ॥

ગૃહ પ્રવેશ.

उत्संग नामाभिमुखः प्रवेशा ।
स्यात् पृष्ठभागे भवनस्य पश्चात् ॥

विनाशहेतुः कथितोऽपसव्यः ।
सव्य प्रशस्तो भवनेऽखिलेऽसौ ॥ ९३ ॥

અર્થ—ઘર કે ભુવનની સન્મુખ પ્રવેશ થાય તેનું નામ ઉત્સંગ નામનો પહેલો પ્રવેશ તે શ્રેષ્ટ છે, અને ઘરની પછીત ફરી વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય તે પૃષ્ટ ભંગ; એ બીજો પ્રવેશ વિનાશકર્ત્તા છે, પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યા પછી જમણી તરફ નમીને (થઇને) વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય. તે ત્રીજો અપસવ્ય પ્રવેશ કહેવાય અને પ્રથમના દ્વારમાં પ્રવેશ કર્યા પછી ડાબી તરફ લેઇને વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય તે સારો છે. એ રીતે ચાર પ્રવેશ કહ્યા છે. ॥ ૯૩ ॥

વિશેષ—પછીત જોઇને ઘરમાં પેસવું નેષ્ટ છે. તેનું કારણ એ છે કે દેખાવ સારો દેખાતો નથી અને હવા રોકાય છે.

ઘરોની પોહોળાઇ વિષે.

गृहस्य भूमिर्यदि पृष्टभागे ।
स्वल्पा तदा हीनगुणा प्रदिष्टा ॥
अग्रंऽल्पिका मध्यगुणा ततः सा ।
समा विधेया चतुर स्त्रिकाच ॥ ९४ ॥

અર્થ—ક્ષેત્ર ફળ કરવું હોય તે જમીન આગળથી પહોળી અને પાછળથી સાંકડી હોય તે (વ્યાઘ્રમુખ) નેષ્ટ છે. અથવા આગળથી સાંકડી ને પાછળથી પહોળી હોય તે મધ્યમ છે, માટે જેવી હોય તે બાજુએ સાંકડી હોય તે પ્રમાણે સમચોરસ થશે એટલે પહોળા સાંકડાનો દોષ રહેશે નહીં. બાકીની રહી તે ગોઝાર જાણવી. તે જરૂર હોય તો બાંધવામાં લેવી, પણ સ્થંભ દ્વાર આદી મુકવાં તે ક્ષેત્રફળ કર્યું હોય તેના વિભાગે મુકવાં. ॥૯૪॥

ઘરોની ઉંચાઇ વિષે.

अग्रे निम्नं पृष्टभागे समुच्च ।
मग्रे पृष्टे साम्यतां संप्रपन्नम् ॥

शस्तेद्धेते सद्मनी संप्रतिष्टे ।
नेष्टं गेहं पृष्ट भागेऽति नीचम् ॥ ९५ ॥

અર્થ—જે ઘર આગળથી નીચું ને પાછળથી ઉંચું બાંધેલું હોય તે ઘર ગૌમુખ કહેવાય તે શ્રેષ્ટ છે. અને આગળ અને પાછળ બંનેથી સમાન બાંધેલું હોય તે મધ્યમ સારૂં છે પણ આગળ ઉંચુ ને પાછળથી નીચું બાંધે તો વ્યાઘ્રમુખ કહેવાય, તે નેષ્ટ છે. પણ વચે આકાશ દેખાતું હોય અને બંન્ને ઘરનાં જુદાં ક્ષેત્રફળ કર્યાં હોય તો તેનો દોષ નથી. ॥ ૯૫ ॥

मध्ये निम्नं त्वंगणाग्रं तथोच्चैः ।
शश्वच्चैवं पुत्रनाशाय गेहम् ॥
स्थंभ श्रेणि मध्य माने न कार्या ।
न्यून्याधिके नैवपूजा नवश्री ॥ ९६ ॥

અર્થ—જે ઘરની મધ્ય ભાગની જમીન નીચી હોય અને આંગણા આગળ (આગલા દ્વાર આગળ દ્વાર) ઉંચું હોય તો તેવું ભુવન નિરંતર પુત્રનો નાશ કરનાર છે. વળી ઘરને સ્થંભાની ઓળ મધ્યમાનની કરવી; પણ માન કરતાં ઓછી કે વધારે કરવી નહીં. જો પંક્તી ભેદ કરે તો તેવા ઘરધણીને જગતમાં માન્ય અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય નહીં. ॥ ૯૬ ॥

વિષેશ—જે ઘર આગળથી ઉંચું અને પાછળથી નીચું હોય તેને વ્યાઘ્રમુખ કહ્યું તેનું કારણ વાઘનું મુખ ઉંચું છે તે નેષ્ટ છે અને આગળથી નીચુ ને પાછળ ઉંચું હોય તેને ગૌમુખ કહે છે કારણ ગાયનું મુખ નીચું છે.

ઘરોના નેવ વિશે.

गृहभूमे र्बहिश्छाद्य धारापात्या सदाबुधै ॥
पतेयुश्चंद्र शाळायां तदा दोषो न विद्यते ॥ ९७ ॥

અર્થ—ક્ષેત્રફળ કરી ઘર કે ભુવન બાંધ્યું હોય તેના છાપરાનાં નેવાં ક્ષેત્રફળની બહાર પાડવાં, અગર કોઈ ઘરને

આગળ અગાશી કરવી હોય તો ઓટલાની જમીન ક્ષેત્રફળની બહાર રહે છે તેટલામાં અગાશી કરવી ને અગાશીમાં નેવાં પડે તેનો દોષ નથી પણ ચોકમાં નેવ પડવા દેવાં નહીં. અગાશીમાં પડવા દેવાં, શા કારણથી કે વચમાં ક્ષેત્રની પૃથ્વી આવે છે. કેટલાક દેશોમાં ક્ષેત્રફળ કરવાની એવી રીત છે કે આગલો પરશાળનો ભાગ તથા ચોકનો ભાગ મુકી દેઈને ફક્ત ઓરડાનું ક્ષેત્રફળ કરે છે, તેથી તે ઘરોને ચોકમાં નેવ પડે તો બાધ નથી; એટલે તે ક્ષેત્રફળની બહાર પડવાં એમ સમજવું. ॥ ૯૭ ॥

આકાશ વિશે.

स्तंभं कूपादि सान्निध्ये गृही दुःख मवाप्नुयात् ॥
तद्दोष विनिवृत्यर्थं यत्नवान् पुरुषो भवेत् ॥ ९८ ॥

અર્થ—જે ઘરની સામે કુવો, દેવસ્થાન, સ્તંભ, ભીત, ધારા વેધ (નેવ) આગળ ઉંચું ને પાછળ નીચું વા નેષ્ટ મુખ સામે આવે તો ઘરધણીને દુઃખ થાય છે. માટે તેના નીવારણને સારૂ યુક્તિ કરવી. ॥ ૯૮ ॥

तनमध्ये राजमार्गश्चेत् तदा निर्दोषता मियात् ॥
आकाश दर्शनाद् दोषास्तूर्णं नस्यंति दुःखदां ॥९९॥

અર્થ—જો ઘર અને કુવા આદીના વચ્ચે રાજમારગ હોય તો ઘરધણીને દુઃખ થતું નથી. કારણ મધ્યે આકાશ દરશનથી તરત દુઃખદાયક મટી જાય છે. ॥ ૯૯ ॥

एकभूमं द्विभूमं वाऽद्राणां भवनं नृणम् ॥
शूद्राणां त्रितलं कुर्याद् वैश्यानां तुच तुस्तलम् १००

અર્થ—સાધારણ યોગ્યતાવાળા હલકા લોકનાં ઘર એક અથવા બે મજલાનાં કરવાં, શુદ્ર લોકનાં ઘર ત્રણ મજલાનાં કરવાં, અને વૈશ્ય લોકનાં ઘર ચાર માળનાં કરવાં. ॥ ૧૦૦ ॥

क्षात्रियाः पंचभूमि द्विजानां राग भूमितं ॥
सप्ताढ्यं मंडलिकानां भूभुजां नव भूमिकं ॥ १०१ ॥

અર્થ—ક્ષત્રીયો ને અધીકારીઓનાં ભુવન પાંચ મજલા સુધીનાં કરવાં ને બ્રાહ્મણ લોકોનાં છ મજલાનાં કરવાં અને મંડળીક રાજાઓના સાત માળના મેહેલ કરવા. તેથી વીશેશ રાજવાળા રાજાનાં નવ માળનાં ભુવન કરવાને બતાવેલું છે. ॥૧૦૧॥

एकादश तलंगेहं विदध्या चक्रवर्त्ति नाम् ॥
उदयार्कार्कं भागेन हीनाउर्ध्वोर्ध्वं भूमिकाः ॥१०२॥

અર્થ—ચક્રવર્ત્તિ રાજાઓને અગીઆર માળ સુધીનો પ્રાસાદ કરવાનું કહેલું છે. આ સ્થળે બીજી બાબત જણાવવાની એ છે કે પ્રથમના મજલાની ઉંચાઈ કરતાં ઉપર ઉપરના મજલાની ઉંચાઇ બારમા અંશે ઓછી કરવી. ॥ ૧૦૨ ॥

પ્રાસાદ વિગેરે ઉપર કલશ વિશે.

माड मर्धोदय कुर्यात् कलसद्धज भूषितं ॥
प्रासादे देवराज्ञोः स्यात् त्यजेदन्य गृहादिषु ॥१०३॥

અર્થ—ભુમિના છેલા માળે તે અર્ધોદય (બે પાસાં) છાઇએ અને ઉપર કળશ ધજા ચડાવીએ ત્યારે તેને પ્રાસાદ કહીએ, અને સાધારણ લોકોનાં ઘરો વિષે કળસ ધજા ઘાલવાં નહીં, શાથી કે ગર્ભ હણાય તેનો દોષ પડે પણ ધજા તો ઘલાયજ નહીં, પણ ચારે તરફ નેવ પાડવાં હોય તો ગર્ભ છોડવી ને બે કળસ ઘાલવા, અને વચમાં નાનો મોભનો કડકો ઘાલવો એટલે દોષ નથી એવું સુત્રધાર કહે છે. ॥ ૧૦૩ ॥

(સરવે સુત્રધાર, કડીયા, સલાટ વીગેરે ભુવનો બાંધનારને કોઈ પ્રકારનો વેધ ઘર ભુવન પ્રાશાદાદિકમાં લાવવો નહીં, તો કરનાર ને કરાવનારનું કલ્યાણ થાય છે, માટે મુરખ સુત્રધાર આગેવાન કરવો નહીં.)

ઘર આયુ નિર્ણય.

विस्तारै र्गुणितं दैर्ध्यं मष्टघ्नं खार्क भाजितम् ॥
शषमाद् गृहादीनां शिल्पशास्त्रे प्रकीर्तितम् ॥१०४॥

અર્થ—મકાનની લંબાઈ ને પહોળાઇએ ગુણવું અને આઠે ગુણી ૧૨૦નો ભાગ દેવો, તે પછી બાકી બચે તેટલા વર્ષ લગી એ મકાન કાયમ રહેશે એમ જાણવું. (જો ૧૨૦ પૂરેપૂરા આવે તો પછી બીજા માળનો એવીજ રીતે આવર્દા લાવીને ઉમેરવો અને તે પણ જો ૧૨૦ આવે તો તેથી ઉપરના માળનો લાવવો. એમ જેટલા માળ હોય તેટલા માળ સુધી ગણિત કરવું. પણ કોટ, કિલ્લો, દેવમંદિર, નગર, જળાશય વગેરેના પગથિયાથી ઉપર પ્રમાણે ગણી આયુનિર્ણય કરવું કેમકે તેને માળ હોતા નથી ॥૧૦૪॥

बहुगुणं लघुदोषं समन्वितं
भवन देवगृहादिक मिष्यते ॥
जलल्वेन शिखा बहु तापवान्
न शममेति गुणैरधिको यतः ॥ १०५ ॥

અર્થ—જેમાં ઘણા ગુણ અને દોષ થોડા હોય તેવાં મકાનો અને દેવમંદિરો કરવામાં દોષ નથી. કેમકે ઘણા તાપવાળો અગ્નિ પાણીના ઝીણા બિંદુઓવડે નાશ પામવાનોજ નથી ॥૧૦૫॥

इतिश्री ज्ञानसार अपराजीत वराचार्य संवादे रेखानिर्णाय निर्दोष वास्तु समाप्तं ॥